# કુમાર


સંસ્થાપક: રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ ૩૭
તંત્રી બચુભાઈ રાવત

અંક ૪૩૩

અંક પહેલો જાન્યુઆરી ૧૯૬૦



'જે સત્ય-સનાતન નિયમોથી વિશ્વનું જડચેતન તંત્ર ચાલે છે તેની અવિશ્રાન્ત શોધ કરતા રહેવું.'—ગાંધીજી (તેમની ૧૨મી સંવત્સરીના સ્મરણમાં)



કચ્છના રણમાં આવી વસતાં હંજ (ફ્લેમિંગો) પક્ષીની વસાહતનું
ચિત્રકાર શ્રી પ્રદ્યુમ્ન તન્નાએ શોભનશૈલીએ કરેલું આલેખન

કચ્છ એ ઘણો પુરાતન દેશ છે, અને પોતાની એક વિશિષ્ટ સંસ્કારિતા તે ધરાવે છે. કચ્છનાં શિલ્પ, સ્થાપત્ય, ભૂસ્તર, ઇતિહાસ, ભૂગોળ, કલાકારીગરી તથા લોકસાહિત્ય વગેરેનું મૂલ્ય ભારતના કોઈ પણ પ્રદેશની સંસ્કારિતાની તોલે આવે એવી કક્ષાનું છે.

આપણા સંસ્કારજીવનમાં સૌના પરિચિત શ્રી રામસિંહજી રાઠોડે કચ્છનાં એ સમૃદ્ધ ઇતિહાસ અને સંસ્કૃતિને આવરી લેતા, અનેક વિષયોની પ્રમાણભૂત માહિતીથી ભરેલા, અને મબલખ ચિત્ર-સામગ્રીથી શોભતા લેખોની રસસમૃદ્ધ સાહિત્યસામગ્રી ‘કચ્છનું સંસ્કૃતિદર્શન’ ગ્રંથ રૂપે પ્રકટ કરી છે. એ સામગ્રી મેળવવા એમણે દફતરો ને ઇતિહાસગ્રંથો ફંફોળ્યાં છે, કચ્છના કીર્તિમંદિર રૂપ એકેએક પ્રાચીન સ્થળની મુલાકાત લીધી છે, જાતે ત્યાંના આલેખો કર્યા છે અને ફોટોગ્રાફો પાડ્યા છે, લોકસંપર્ક સાધ્યો છે અને આજ સુધી વેરવિખેર પડેલી ઇતિહાસ-સામગ્રીઓની ધૂળ ખંખેરીખંખેરીને જતનપૂર્વક એકઠી કરી ફૂલમાળા રૂપે ગૂંથી છે.

કુમારના કદનાં લગભગ
**૩૮૨ પાનાં**
**૧૮ નકશા**
શ્રી રવિશંકર રાવળ તથા
અન્ય નામી કલાકારોના
**૧૮ ચિત્રો**
**૧૨૫ ફોટોગ્રાફો**
**૬૪ આર્ટ પ્લેટો**
**ત્રિરંગી મુખચિત્ર**
**મોટો ચતુરંગી નકશો**
અને આખો ગ્રંથ
ઇમિટેશન આર્ટ પેપર પર
**પાકી બાંધણીમાં**
**બેરંગી જૅકેટ સાથે**

# કચ્છનું સંસ્કૃતિદર્શન

સ્વ. ‘સુકાની’એ એના ‘આગમ’માં જણાવ્યા પ્રમાણે એના **“પાનેપાને વિદ્વત્તા ભરી છે... અહીં શિલ્પ છે, સ્થાપત્ય છે, ઇતિહાસ છે; લોકકથા છે, લોકમાનસ છે; રંગ છે, કલા છે; અને એ બધાંને ઓજસ્વી બનાવી દેતી એક સિદ્ધહસ્ત લેખકની લેખિની છે.”** ...એની કિંમત પંદર રૂપિયા છે, પણ એ પડતર જેવી જ છે. લેખકને તો માત્ર એ લખાયાનો જ સંતોષ મળવાનો છે. જેમનું ગજું હોય તેઓ એ ખરીદશે તો કિંમત કરતાં પણ મોંઘી સંપત્તિ મળશે.

સેલ્સટૅક્સ પોસ્ટેજ વગેરે અલગ · મુખ્ય વિક્રેતા : કુમાર કાર્યાલય લિમિ. અમદાવાદ

જાન્યુઆરી ૧૯૬૦ · અંક ૪૩૩

**ચિત્રો**



**કાવ્યો**



**ચરિત્ર**



**નાટિકા**



**લેખો**



**વિભાગો**



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

# વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★નીચેના શ્લોકથી સંસ્કૃત ભાષાની વિશાળતા અને સમૃદ્ધિનો ખયાલ આવશે. તેમાં એના એ શબ્દોને થોડા ફેરફાર સાથે લખવાથી પુછાએલા પ્રશ્નોના જવાબો મળી રહે છે:

का काली का मधुरा
का शीतलवाहिनी गंगा।
कं संजघान कृष्ण:
कं बलवन्तं न बाधते शीतम्॥

અર્થ—કોણ કાળી છે? કોણ મધુર છે? કોણ શીતળ-વહેતી ગંગા છે? કૃષ્ણે કોને માર્યોહતો? (એવો) કોણ બળવાન છે જેને ઠંડી ન લાગે?

હવે, થોડા ફેરફાર સાથે એ જ શ્લોક લખતાં એના અર્થ આપોઆપ નીકળે છે:

काकाली कामधुरा
काशीतलवाहिनी गंगा।
कंसं जघान कृष्ण:
कंबलवन्तं न बाधते शीतम्॥

(અર્થ—કાગડાઓની હાર કાળી છે; કામની ધૂંસરી (મધુર છે); કાશીના તળમાં વહેતી ગંગા શીતળ છે; કૃષ્ણે કંસને માર્યો (હતો); કામળાવાળાને ઠંડી લાગે નહિ.

(ચિરોડા) —ઝીણારામ મ. દાણીધારિયા

છેલ્લા કેટલાક અંકોમાં રાજેન્દ્ર શાહની રાગમાળાની કવિતા આવે છે તે સાથે 'રાગમાળા'ના એકએક પ્રાચીન ચિત્રની નાની પ્રતિકૃતિ મૂકશો તો અમારા જેવા સંગીત ને ચિત્રના શોખીનને બહુ ગમશે.

આપે જાહેર કર્યા મુજબ 'ગરવી ગુજરાત' પાછળના પૂઠા પર ફરી ક્યારથી શરૂ કરો છો? વધુ સારું એ છે કે 'મહાગુજરાત' થાય તે જ અરસામાં એક આખો અંક જ 'ગરવી ગુજરાત અંક'ના નામે બહાર પાડવામાં આવે.

આ વિભાગમાં ભારતીય સંગીતકારોનાં જીવન વિષે માહિતી માગવામાં આવી હતી. આપે પણ કોઇ યોગ્ય લેખક દ્વારા એ થાય તો ઈચ્છા દર્શાવેલી. તે માટે 'ઇલસ્ટ્રેટેડ વીકલી'માં છપાએલ ચરિત્રની લેખમાળાની યાદી લખી મોકલું છું, અપૂર્ણ છે, આપ પૂરી કરી શકશો:

પં. ઓમકારનાથ (૧૪મી ડિસેમ્બર), હાફીઝઅલીખાન (૬ઠ્ઠી જાન્યુઆરી), સાદિકઅલીખાન (૮મી ફેબ્રુઆરી), દિલીપચંદ્રવેદી (૧૯મી મે), અલાઉદ્દીનખાન (૧૭ ઑગસ્ટ '૫૮), બડે ગુલામઅલીખાન (૨૧ સપ્ટેમ્બર '૫૮). આમઆશરે બાર જેટલા ભારતના પ્રસિદ્ધ સંગીતજ્ઞો વિષે સચિત્ર લેખ છપાયા હતા. આપ 'માધુકરી' વિભાગમાં તે છાપી શકો. 'હમારે સંગીતરત્ન' નામનું સચિત્ર પુસ્તક 'સંગીત કાર્યાલય હાથરસે' છાપ્યું છે તે જણવાલખ્યુંછે.

(ભાવનગર) —જયદેવ ભોજક

'વાચકોના પત્રો'માં કોઈ એ લોકગીતો વગેરે પર સંશોધનની માગણી કરી છે. મારી સ્કેચબુકમાંથી એક ગીત મળી આવ્યું છે. સૌરાષ્ટ્રનાં લોકનૃત્યોના એક પ્રકાર 'કાન-ગોપી'માં એ ગવાય છે; ભવાઈના વેષ 'કાન-ગોપી' કે 'દાણ-લીલા'માં પણ ગવાતું સાંભળ્યું છે.

ફ્રૉઈડ અને તેના અનુયાયી મનોવૈજ્ઞાનિકો સ્વપ્ન અને તેમાં દેખા દેતાં પ્રતીકો પર ઘણો જ ભાર મૂકે છે, તેમજ sexને તેઓ પ્રધાનપદે ગણે છે તેવો મારો ખયાલ છે. સ્વપ્નમાં સાપ આવે તેનું કારણ તેઓ sexual desire (જાતીયભૂખ)ને ગણે છે, તેમજ સાપને પુરુષની જનનેન્દ્રિયનું પ્રતીક લેખે છે. માનસશાસ્ત્ર મારો વિષય નથી તેમજ એ અંગે કંઇ વાંચ્યું પણ નથી, પણ એની સાથે મેળ ખાતું આ ગીત મોકલું છું. એ ફ્રૉઇડના જન્મ્યા પહેલા રચાયું હશે. આશા છે કે લોકગીતો કે માનસશાસ્ત્રના અભ્યાસીઓને એ કામ આવશે:

રાધાજીના ઘર પછવાડે
મોહન મોરલી વગાડે જી રે.
હું રે સૂતી'તી મારા શયનભવનમાં
ઝબકી નીંદમાંથી જાગી રે.
આજ રે સપનામાં મુને સરપ ડસિયો
અંગૂઠડે ડંખ દીધો રે.
રોઈ રોઈને મારી આંખડી રાતી
પાંપણે પડે હવે પાણી રે.

બાકી, સપનામાં ડોલતો ડુંગર (સસરો) ખળખળતી નદિયું (સાસુ) વગેરે કુટુંબીજનોનાં પ્રતીકોવાળું ગીત તો ઘણું જાણીતું છે:

આજ રે સપનામાં મેં તો ડોલતા ડુંગર દીઠા જો,
ખળખળતી નદિયું રે સાહેલી મારા સપનામાં.
ડોલતા ડુંગર એ તો અમારા સસરાજી,
ખળખળતી નદિયું રે સાસુજી મારાં નાતાં'તાં.

(વડોદરા) —જ્યોતિ ભટ્ટ

'વાચકો' વિભાગમાં જે આવ્યું છે તે માટે:

(૧) 'ધાતુજલૌષધિ' પુસ્તક વિષે લખનાર તેના પ્રકાશક જ છે,–એટલે કે તેના ભાઈ વસંત રામલાલ શાહ, એટલે પ્રગતિ સાહિત્ય મંદિર. ધાતુજલનો પ્રયોગ મેં તો ૫૦ વરસ પર લખાએલા પુસ્તકમાંથી ઉતારી બતાવ્યો છે, મારી શોધ છે એવું કહ્યું નથી. કાટવાળી બાબત શુદ્ધ બહાના રૂપ છે; સબબ કાટ તો દેવતામાં બળી જાય છે એ વાત સૌની જાણમાં હોય. માત્ર જાહેરાત ખાતર ચર્ચાપત્ર લખાયું છે. હશે.

(૨) ગાયનું ઘી હું તો ચોપડતો જ. પણ તે વેળા ખરજવું દૂઝતું કે પાકેલું નહોતું; ફક્ત કરકરી ચામડી હતી, અને તે ઊંઘતા ખરજવાને લીધે જ. મેં તો સ્વાનુભવ જ લખ્યો છે. ગૂમડાં વગેરે બાબત શ્રી પુજારા લખે છે તે બરાબર જ છે, પણ તેમાં સડાયુક્ત, પરુયુક્ત ગૂમડાં એવો અર્થ હું કરું છું. હું ચોપડતો તે 'ખરજવા' પર નહિ, પણ તેની કબર પર એમ લગભગ કહી શકાય. અલબત્ત, કબરમાંથી મુડદું ઊભું તો કોઇ વાર થાય જ.

(સૂરત) —નટવરલાલ માલવી

ગુજરાતી ભાષા છેલ્લા કેટલાક સમયથી નવી વિકસતી વિદ્યાશાખાનાં વહેણ ઝીલવા યત્ન કરી રહી છે. પરિણામે કેટલાક શબ્દપ્રયોગો નવા અમલમાં આવ્યા છે. ક્યાંક જૂના રૂઢ પ્રયોગો પુન: વપરાશમાં આવ્યા છે. માતૃભાષાના આ નવતર વિકાસક્ષેત્રથી સૌ માહિતગાર રહે તે માટે અંગ્રેજીમાં 'Increase your word–power' (શબ્દભંડોળ વધારો) જેવો વિભાગ આવે છે. તે પ્રમાણે ગુજરાતીમાં આપ શરૂ કરો તો રસ ધરાવતા સૌમાં એ નવા પ્રયોગો વ્યાપક થશે ને એ અંગે જાગૃતિ કેળવાશે. આ જ વિષયને કોઈ બીજી રીતે રજૂ કરવાનું આપ કે 'કુમાર'નાઅન્ય વાચકો યોગ્ય ધારતા હોતો સૂચનજણાવશો.

(સૂરત) —પ્રિયવદન રતિલાલ શાહ

જૂના 'કુમાર'ના અંકો આજે એક મિત્ર પાસેથી લઈજોતોહતો તેમાં એકશિલ્પ અચાનક નજરે પડતાં આ પત્રથી તસદી આપું છું.

'કુમાર' અંક ૩૭૬ (એપ્રિલ' ૫૫)માં ઊઘડતે પાને આર્ટ પેપર પર ¾ પાન રોકેલી શામળાજીની 'મહાવિષ્ણુ'ની તસ્વીર (ડૉ. મંજુલાલ મજમુંદારના સૌજન્યથી) પ્રકટ થએલી છે, તેનો તસ્વીરકાર હું છું; પણ એવો કોઈ ઉલ્લેખ તે સાથે થએલો નથી, તો તે કરીને આભારી કરશો? શામળાજીના મુખ્ય મંદિરથી દૂર નદીકિનારે આવેલા એક નાનકડા મંદિરમાં સામે પાર્વતીના સ્થાને તે જડી દીધેલી છે, તેથી અંધારામાં ઘણી મહેનતને અંતે ખૂબ કુશળતાપૂર્વક એવી સ્પષ્ટ તસ્વીર બનાવી શકેલો. વળી, ૩૭૨મા અંકમાં પાન ૫૦૧ ઉપર છપાએલી એ મૂર્તિની છબી પણ મારી તૈયાર કરેલી છે.

(આતરસુંબા) —દીનબંધુ

૧ ('કુમાર' અંક ૪૩૩)



**ત્રિદર્શન**

ફોટો-કલાકાર ધીરજ ચાવડાએ 'મલ્ટિપલ એક્સ્પોઝર' પદ્ધતિએ પાડેલું, સીને-અભિનેત્રી ચાંદ ઉસ્માનીનાં ત્રિવિધદર્શનનું ચિત્ર
(વધુ સમજણ માટે જુઓ આ અંકમાંનો એમનો એ વિષય પરનો લેખ)




ગોપસંગીત · ચિત્રકાર પ્રદ્યુમ્ન તન્ના

ચિત્રકારોની આંગળીઓને ઘણીવાર પોતાના માનીતા વિષયોની સુભગ ફાવટ આવી ગઇ હોય છે. ભાઈ તન્નાની આંગળીઓની એવી ફાવટ ભેંશો પરત્વે છે. જડ જણાવાની હદ સુધી પ્રશાંત એ પ્રાણીની વિવિધ સ્થિતિગતિ અને નાનામોટા ટેકાઓથી આંદોલિત અંગઉપાંગોની લાક્ષણિકતાઓના અસંખ્ય સ્કેચોથી એમની નોંધપોથીઓ ભરેલી છે. એ ફાવટની સાથે ગોપજીવન માટેનો એમનો અનુરાગ (જેનો પડઘો એમનાં ગીતોમાં પણ પડે છે) ભળે છે ત્યારે આવાં મનોહારી ચિત્રો સરજાઈ આવે છે. મર્યાદિત ચિત્રપટ પર ગણત્રીનાં આવશ્યક પાત્રો મૂકીને નાના ફલકમાં પણ મોટો વિસ્તાર બતાવવાની તેમની આગવી શક્તિનો પણ આ કૃતિ એક સુંદર નમૂનો છે. ચિત્રની ઉપલી કિનારે દૂર બે ગ્રામનાં સૂચન મૂકીને એમણે આ સાંકડી પટ્ટીમાં પણ કેવડો મોટો પટવિસ્તાર બતાવ્યો છે! (સિસ્ટાસ લિમિટેડ દ્વારા શેઠ શ્રી ચિનુભાઈ કીલાચંદના સૌજન્યથી)

## આશાવરી*

· વસંતતિલકા ·

ગોધૂલિવેળ ક્ષિતિ પશ્ચિમની જ્વલંત:
તારે વિલોલ દગ ઈપ્સિત કામનાનું
અજ્ઞેય સ્વપ્ન રમણીય, રહે ન છાનું
પ્રત્યેક અંગ તણી ભંગિથી જે સ્ફુરંત.

વાજે શિવાલયની ઝાલર આ પ્રશાન્ત:
ને પંછિ ખેતરથી નંદિત જાય નીડે.
તું બાજઠે જલભર્યો કરવો મૂકીને
ગૂંથે કુસુમ જઈ બેઠી ગવાક્ષ-પ્રાન્ત.

ઝાંખો ક્ષણેક્ષણ થતો પથ, દીપતેજે
તારો વધુ ઝળહળંત વિલાસ-ખંડ,
જાણે સુણાય પ્રિયની પગલી,—હસંત
લાવણ્ય તારું રાગ-ઉજ્જ્વલ, પૂર્ણ હેતે.

તારી પલેપલ પ્રસન્ન વધે પિપાસા:
હે પ્રેયસી! રમણની નહિ દૂર આસા!

**રાજેન્દ્ર શાહ**

## દીન કાં?

· વસંતતિલકા ·

એવું હશે નયનમાં તુજ શું છુપાયું?—
કે અન્ય નેત્રમહીં નીરખી ગર્વરેખા
મધ્યાહ્ન-સૂર્ય સમ પ્રજ્વળતાં સ્વમાને
તે ચક્ષુ આ તુજ ગુમાનથી ચંદ્રશીળાં!

એવું ભર્યું વળી હશે તુજ કંઠમાં શું?—
કે લે કદાપિ જન કો મુજ શું અબોલા,
એનો સહે પગરવે ન સમીપ કર્ણો,
તે તાહરા ક્ષણિક મૌનથી બાવરા શા!

ને એવું શું હૃદયમાં તુજ છે વસેલું?—
કે અન્યના સહજ વાંકથી ધૂંધવાતું
આ હૈયું સર્વ અપરાધ ઉવેખી તારા,
રેલી રહે નયનથી બસ નેહધારા!

જે કોરતો પલકમાં અલિ વજ્રવાંસ,
તે દીન કાં મૃદુલ પદ્મ તણે નિવાસ?!

**જશવંત લ. દેસાઈ**

* રાગિણી આશાવરી...પુંડરિક અને સોમનાથના મત પ્રમાણે કોઇ પણ સમયે આ રાગિણી ગાઇ શકાય. અહીં સમય સાયંકાલનો...પતિના ગૃહાગમનની પ્રતીક્ષા કરતી રમણીનું ચિત્ર.

## વૃદ્ધા

· હરિગીત ·

સરિયામ રસ્તા પર
જીરણ મસ્જિદ કેરી ભીંતનો ટેકો લઇ
બેઠેલ વૃદ્ધા.
ગોદડી-ગાભા થકી ફરફર થતા કૈં વાળ પીળા,
ને સદાયે ધ્રૂજતા બે હાથ
છે અસ્તિત્વના કેવળ પુરાવા.
હા, નજીક જતાં
હવામાં મ્હાલતી મળતી બજર,
ફૂટપાથ પરનાં વીણવા પગલાં
રખડતી, વૃદ્ધ, અટવાતી નજર.
ના હાથ લાંબો થાય,
સુક્કી શીંગ શી ગંઠાયલી બે આંગળીથી
માંડ ઝાલી હોય,
ના દોરોય લાંબો હોય,
—ખાલી થએલા રીલ પરના આખરી આંટા સમા
એના અધૂરા આમળા શો સાવ ટૂંકો—
હાથમાં આવી રહ્યો છેડો છતાં (મૂકે ન કેડો!)
એ તો સતત સીવ્યા કરે,
દરરોજ એની એ જ
એની ચીંથરા જેવી જૂની ચાદર.
હજી યે, ધ્રૂજતે હાથે ય,
જાણે દઇ રહી ટાંકો વખતસર!
આવડા આ આભના ઓઢા નીચેયે
શી કફનની કરકસર!

**વિનોદ અધ્વર્યુ**

## હેમન્તમાં

· હરિગીત ·

સૂર્ય પણ અસ્પષ્ટ
એવું ધુમ્મસેથી ધૂંધળું વાતાવરણ
હેમન્તના ઠંડા પવનથી કંપતું.
વ્હેતી નદી, ઝૂલતું સરોવર
વૃક્ષ સૌ ઢંકાયલાં
રસ્તા, મકાનો, વાહનો—
આખીય તે નગરી
ખીચોખીચ જે ભરેલી
એકદમ એ ક્યાં ગઇ?!
ત્યાં ચાલવા ચાહું
પરન્તુ સ્હેજ કૈં સૂઝે નહીં.
ને તહીં થાતું મને
ઉચ્છ્વાસ તો ઉષ્માભર્યો!

**ઇન્દુકુમાર ત્રિવેદી**

## રહસ્ય

દૈવના અંધારઘેર્યા માર્ગમાં,
હું રળું છું આગ; ભડભડતો નથી.
પ્રેમ છે તારા ઉપર; તું ના જલે-
એટલા માટે તને મળતો નથી.

**મનહર મોદી**

## મૂગા રે કયમ રે'વું?

· ગાન ·

મૂગા રે કયમ રે'વું?
હોઠોમાં ના માય એટલું હૈયાને કૈં કે'વું!
મૂગા રે કયમ રે'વું?

આ ધરતી પર રહી ગયું શું રંગ-કિરણ સવિતાનું?
ને જ અહો તું પ્રભાત જાણે ગૂંથી રહી કવિતાનું?
અવશ તણાઉં એને લય ને મૌન હોઠને સે'વું?
—મૂગા૦

તારા બે તારકને તાલે અંધકાર શો ઝણકે!
મલ્હાર તારા મૌન મહીંનો સૂનકારમાં છલકે.
રોક્યું નહિ રોકાય, ભીતરે રસઘન વરસે એવું.
—મૂગા૦

**ચન્દ્રકાન્ત શેઠ**

## બધું જ ખૂટી જાય તો

· પૃથ્વી ·

'હવે ન મળશું ફરી'—બસ વિચાર એ માત્રથી
વધી ધબક જાય આ હૃદયની, અને ગાત્રથી
વહી પલકમાં જતો અસહ કંપ...વ્યાપે ભય;
કશી રમત આપણી કરત કાળ આ નિર્દય!

નહીં નીરખવા મળે મુખ મને હવે આ કદી?
નહીં શ્રવણને હવે મધુર શબ્દની આ સુધા?
નિગૂઢ તવ શ્વાસનાં અરવ સ્પંદનો યે નહીં?
નહીં જ કશું તો હવે રહી જ ક્યાં કહો જિંદગી?

નથી જ; પણ તે છતાં નયનની જ સામે તરે
છબી મધુર ને થતાં શ્રવણમાં ય આંદોલનો;
કશી રણઝણી રહે મધુસિતાર એ શ્વાસની
દઇ પળપળે રહી સતત પ્રેમ-આશ્વાસનો!
બધું જ ખૂટી જાય તો સ્મરણનો મધુ-સંચય
કને નવ શું માહરી રહત જે સદા અક્ષય?

**સુરેશ દલાલ**

## શિશિરની રાતે

· અનુષ્ટુપ ·

વીંઝાતી-કારમી કેવી હિમવાત પરંપરા!
બળે છે શ્રી, થીજે હૈયાં, ધ્રૂજે છે ત્રસ્ત મા-ધરા.

બંધ છે બારણાં બારી, આવૃત્ત વપુ કામળે
સૂતાં—આ ગૃહમાં વૃદ્ધો કંપતાં ટૂંટિયું વળે,

નીડ શાં ઝૂપડાં જેને ઓઢવા ઉપવસ્ત્ર ના,
ધખાવી કાષ્ઠની ધૂણી ઉષ્મામાં ફરતે સૂતાં.

ઠરી ગ્યાં વૃક્ષ પે પંખી, સ્વભાવે અળવીતરાં
સર્પ શાં ગૂંચળાં થૈને પડેલાં વ્યસ્ત કૂતરાં

શેરીમાં, શીતથી ત્રાસી ચિત્કારો કરી ઊઠતાં;
કલેજું સ્તબ્ધતા કેરું થર્‌થરી રહતું વદા.

**'શાન્તમ્'**

**આપણા** દેશમાં જેમ ઇજનેરોની ખોટ છે તેમ સાચા અર્થશાસ્ત્રીઓ પણ આપણા દેશ પાસે અતિન્નૂજ છે. જોકે અર્થશાસ્ત્રને ક્ષેત્રે પણ ગુજરાત વિભૂતિવિહોણું નથી રહ્યું એ એક સુખદ હકીકત છે. ¶ મુંબાઇ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રવિભાગના વડા તરીકે એક પચ્ચીસી સુધી કાર્ય કરનાર પ્રો. સી. એન. (ચંદુલાલ નગીનદાસ) વકીલનો હિસ્સો દેશની એ ગણના-પાત્ર જ્ઞાનપીઠને અર્થશાસ્ત્રના અંગ પૂરતી સ્વાયત્ત તથા યશસ્વી પરિપાટીએ પહોંચાડવામાં અગ્રણી છે. યુનિવર્સિટીની શાખા 'સ્કૂલ ઑવ સોશ્યૉલૉજી ઍન્ડ ઇકનૉમિક્સ'ના અધ્યક્ષપદે તેઓ ૧૯૩૦ થી '૫૯ સુધી રહ્યા તે દરમ્યાન એ સ્કૂલને અર્થશાસ્ત્રના શિક્ષણમાં દેશસમસ્તના એમણે એવા આદર્શ કેન્દ્રને સ્થાને મૂકી કે બીજી યુનિવર્સિટીઓએ પણ એ વિષયનાં વિકાસ-પ્રગતિ માટે એ 'બૉમ્બે સ્કૂલ'ને પગલે જ અનુસરણ કર્યું. ¶ ૧૯૩૩માં બ્રિટિશ સરકારે આણેલા દેશહિતવિરોધી ઓટાવા કરારની સખત ઝાટકણી કાઢવામાં તથા તેની સામે નીડર જુબાની આપવામાં આગેવાન ભાગ લઇને તેમણે અર્થશાસ્ત્રનાં સંકુલ નીતિ-પરિમાણોને રાષ્ટ્રોન્નતિની નિશ્ચિત વ્યાખ્યા સુધી પહોંચાડયાં એ તેમની અર્થ-શાસ્ત્રની પ્રતિભાનું ઊજળું પાસું છે. ¶ અર્થશાસ્ત્રવિષયને કેળવણીના તેમજ જાહેર ક્ષેત્રમાં સક્રિય સ્વરૂપે નિયોજી બતાવ-વામાં તેમની પ્રતિભાનું રહસ્ય સમાએલું છે. એ દષ્ટિએ અર્થશાસ્ત્રના તેઓ એક આદર્શ અને અભિનવ કેળવણીકાર પણ છે. દેશની અર્થસ્થિતિ યથાર્થ અવલોકીને યોગ્ય ઉપાય શોધી શકતી નવલોહિયા અર્થશાસ્ત્રીઓની બબ્બે પેઢીઓ તેમના હાથ નીચે તૈયાર થઇ છે, એ ગુજરાતે પણ અભિમાન લેવા જેવી બિના છે. ¶ તેમના જ એક અંતેવાસી શિષ્ય અને આપણા આશાસ્પદ અર્થશાસ્ત્ર-અધ્યાપક શ્રી હૃષીકેશ નાનુભાઇ પાઠકે કરાવેલો તેમનો જીવનપરિચય અહીં આપીએ છીએ.

**એમનો** જન્મ જોકે ભરૂચ જિલ્લાના નાનકડા ગામ હાંસોટ-માં થયો હતો, છતાં બાળપણ આખું મુંબાઈમાં વીતેલું. પિતા, નગીનદાસ વિઠ્ઠલદાસ, મુંબાઈમાં એક યા બીજી વેપારી પેઢીમાં કાર-કુનગીરી કરીને અતિ સામાન્ય પગારમાં સંસાર નભાવતા. કુટુંબમાં માતાપિતા, પોતાનાથી મોટાં એક બહેન અને એક ભાઈ, અને નાની બે બહેનો તથા ઘોડિયે ઝૂલતો એક ભાઈ હતો. વળી જ્ઞાતિમાં કુટુંબ મોભાવાળું ગણાતું હોવાથી વારંવાર, ગામથી બંને પક્ષનાં સગાં કોઈ ભણવા, કોઈ પરીક્ષા આપવા, કોઈ મુંબાઈ જોવા વગેરે નિમિત્તે આવતાં અને ઠીકઠીક સમય રહેતાં. ઘરનું કામકાજ બધું હાથોહાથ જ પહોંચી વળવાનું રહેતું. છોકરાઓએ નિશાળે જઇને ભણવું અને ઘેર, મુંબાઈ-ની ચાલોમાં, ઉપર સુધી બાલદીઓ ભરી પાણી ચડાવી આપવું, ચક્કીએ જઈ દળણાં કરાવી લાવવાં, શાકભાજી લાવવાં આદિ કામ કરવાનાં રહેતાં. મોટાભાઈ મનુભાઈની તબિયત નરમગરમ રહેતી એટલે શારી-રિક મજૂરીનાં ઘણાંખરાં કામ આ નાના ભાઇને ભાગે જ આવતાં.

મુંબાઈમાંના પોતાના પાંચ-સાત વર્ષની વયના કેટલાક પ્રસંગો આજે પણ તેઓ યાદ કરે છે. ભૂલેશ્વરમાં કબૂતરખાના પાસે આવેલી મ્યુનિ૦ શાળામાં પ્રાથમિક કેળવણી માટે મોટા ભાઈ, એક બહેન અને પોતે દરરોજ સાથે જાય અને સાથે પાછાં આવે. નિશાળમાં બપોરની


સાત વર્ષની વયે

રજા વખતે 'ભાગ' (ખાવાનું) લેવા માટે ઘેરથી દરેકને એકએક પાઈ મળતી. ઘણી વાર એવું બનતું કે બહેન કોઈ બહેનપણીઓને ઘેર નાસ્તો કરવા જતી, ત્યારે પોતાની પાઈ નાના ભાઇ (પ્રો. વકીલ)ને આપી જતી. એકને બદલે બે પાઇઓનો ભાગ મળતાં નાનો ભાઈ ખુશખુશ થઈ જતો. આજે નાનપણનાં એ સ્મરણો તાજાં થતાં તેઓ હળવાશથી કહે છે: 'બહેન પાસેથી આવી રીતે મેં જેટલી પાઇઓ લીધી છે તે બધી વ્યાજ સાથે પાછી આપી દીધી છે!'

ટૂંકા પગારમાં રોજબરોજની અનેક હાલાકી અને મૂંઝવણો વચ્ચે જીવન ગુજારતા મધ્યમ વર્ગના કુટુંબનાં બાળકોને નસીબે ખુલ્લાં મેદાનોમાં રમવું, ખેલવું, દોડવું, જુદીજુદી રમતો શીખવી અને તેમાં પાવરધા થઈ જવું વગેરે ક્રીડાઓ તો લખાઈ જ કયાંથી હોય? આવી રમતો ને આવા ઉલ્લાસમય જીવનનો સંપર્ક નહિવત્ છતાં ચંદુભાઇનો સ્વભાવ ખૂબ આનંદીરહ્યો છે. વળી સતત એકયાબીજા કામમાં માતા તથા બહેનોને ઉપયોગી થવામાં જ રહ્યા કરતા હોવા છતાં તેમણે પોતાનો અભ્યાસ પહેલેથી જ તેજસ્વી રાખેલો. તે કાળે મુંબાઈની એસ્પ્લનેડ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીનેતા (લીડર સ્ટુડન્ટ) નીમવાનો રિવાજ હતો. એવા વિદ્યાર્થીઓને ખાસ ઝબ્બો (પ્રિન્સેપ) પહેરવા માટે મળતો. વિદ્યાર્થીઓમાં એ એક ઊંચા પ્રકારનું માન ગણાતું. એવું માન, ચંદુ-ભાઇને ઘણી યે વાર પ્રાપ્ત થએલું. તે ઉપરાંત નાનાંમોટાં ઇનામો ને શિષ્યવૃત્તિઓ પણ મેળવેલી જે આબરૂભેર આજીવિકા માટે ઝઝૂમતા એ કુટુંબમાં આશીર્વાદરૂપ થઈ પડતી. એમના આ માધ્યમિક અભ્યાસ-કાળના સહાધ્યાયીઓમાંથી ખાસ જાણવાજોગ વ્યક્તિઓમાં મુખ્ય દેનાબૅંકવાળા મુંબાઈના પ્રતિષ્ઠિત અને સાહિત્યવિલાસી વેપારી સ્વ. શ્રી પ્રાણલાલ દેવકરણ નાનજી હતા. એમની સાથે છેક આરંભકાળથી તે પ્રાણલાલભાઈના મૃત્યુ સુધી તેમને અંગત નિર્વ્યાજ મૈત્રી રહેલી.

ઈ. ૧૯૧૦ની આસપાસ પિતાની તબિયત બગડવા માંડી, અને એ જમાનાની માન્યતા પ્રમાણે એવો પાકો વહેમ બંધાઈ ગયો કે મુંબાઈનાં પાણી લાગ્યાં એટલે હવે મુંબાઇ છોડયે જ ઉગારો છે. આથી મુંબાઈની નોકરી છોડી, પિતાએ સૂરત જિલ્લાના રાંદેર ગામમાં મ્યુ-નિસિપાલિટીના સેક્રેટરી તરીકે નોકરી લીધી. ચંદુભાઈ ત્યારે મૅટ્રિકના વર્ગમાં હતા, તો પણ મુંબાઇનો સંગીન ગણાતો અભ્યાસ છોડી તેમને સૂરતની નવી નિશાળમાં મૅટ્રિકનું વર્ષ પૂરું કરવું પડયું. અને તે માટે રાંદેરથી ત્રણચાર માઈલ રોજ પગે ચાલીને જ કાપવા પડતા.

ટૂંકામાં, એમનાં બાલ્ય અને કિશોરવય ઠીકઠીક કસોટીભર્યાં અને

# આંતરરાષ્ટ્રના ઉંબર સુધી આપણા અર્થકારણનો અવાજ પહોંચાડનાર ગુજરાતના ગૌરવરત્ન

## પ્રાધ્યાપક સી. એન. વકીલ



**દેશની અર્થસ્થિતિ યથાર્થ અવલોકીને યોગ્ય ઉપાય શોધી શકતી નવલોહિયા અર્થશાસ્ત્રીઓની બબ્બે પેઢી જેમના હાથ નીચે તૈયાર થઈ છે**

લેખક • પ્રો. હૃષીકેશ નાનુભાઈ પાઠક

કપરાં વીત્યાં. મૅટ્રિક થયા પછી કૉલેજના અભ્યાસ માટે નજીકમાં તો કોઈ પ્રબંધ હતો જ નહિ, એટલે ફરી મુંબાઈમાં જ ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગમાં બંને ભાઇઓએ સાથે રહી વિલ્સન કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો. બોર્ડિંગનું જીવન અને ખોરાક વગેરે એવાં, કે સુદૃઢ બાંધાના જુવાનો પણ ખખડી જાય. આથી મોટા ભાઈની નાજુક તબિયત ધીમે ધીમે બગડતી ચાલી. રજાઓમાં રાંદેર આવતા ત્યારે આરામ અને સારવાર પામતા ખરા, પણ પાછી તબિયત લથડતી.

અંતે ૧૯૧૩ની સાલમાં મોટા ભાઈ ગ્રૅડ્યુએટ તો થયા, પણ તબિયત સાવ પાયમાલ થઈ ગઈ. આથી રાંદેરમાં રહીને તે સૂરતની હાઈસ્કૂલમાં શિક્ષકની નોકરી કરતા. એમને જવા-આવવા માટે ટાંગો રાખવો પડતો. આગલે વર્ષે જ બે બહેનોને પરણાવી, કુટુંબના મોભા પ્રમાણે ખર્ચ કરવાથી પિતાની આર્થિક સ્થિતિ વધુ નબળી થઈ ગઈ હતી. આવા કપરા સંજોગોમાં કુટુંબના છેલ્લા પુત્રનો જન્મ થયો. અતિશય ઘરકામના બોજા તળે કચરાતી માતાની તબિયત આ પુત્રપ્રસવ પછી ખૂબ લથડી ગઈ. બાળક પણ માંદલું હતું.

એક બાજુ મહામહેનતે, જાત ઝીકી નાખીને ભણાવીગણાવી તૈયાર કરેલો યુવાન ગ્રૅડ્યુએટ પુત્ર–જેના પુરુષાર્થથી કુટુંબની પ્રગતિ થવાની આશા રાખી હોય તે–ગંભીર માંદગીમાં; બીજી બાજુ કુટુંબની દિન-પ્રતિદિન ઘસાતી જતી આર્થિક સ્થિતિ; આ ઘોરતિમિરમાં, આપત્તિગ્રસ્ત કુટુંબની જવાબદારી પોતાને શિરે વહોરવા ને પોતાનું ભાવિ ઉજ્જવલ કરવા કૃતનિશ્ચયી આ બીજો જુવાન પુત્ર, પ્રતિકૂળ સંજોગો સામે બાથ ભીડતો ને લડતો પોતાનો માર્ગ કરતો જાય છે, અભ્યાસનાં જુદાં-જુદાં શિખરો સર કરતો જાય છે, શિષ્યવૃત્તિઓ અને પારિતોષિકો તો એટલાં બધાં જીતે છે કે લગભગ અભ્યાસનો બધો ખર્ચ એમાંથી નીકળી જાય છે, અને સાદાઈભર્યા જીવનને પરિણામે કંઈ બચત રહે છે તે પિતાને રાહત રૂપે મળતી રહે છે.

ઈ. સ. ૧૯૧૪ના જૂનમાં મોટા ભાઈ મનુભાઈનું અકાળે અવસાન થયું. આર્થિક મુશ્કેલીઓથી ઘેરાએલા કુટુંબનો જાણે આધારસ્તંભ તૂટી પડયો. ત્રણે દીકરીઓ એક પછી એક ચૌદપંદર વર્ષની થતાં, પરણાવી સાસરે વળાવેલી. એમનાં લગ્નોમાં, ઘરના મોભા પ્રમાણે ખર્ચ કરવા માટે પિતાને દેવું કરવું પડેલું. હવે સમગ્ર પરિસ્થિતિનો એક માત્ર આધાર આ બીજો પુત્ર જ હતો. પછીનો પુત્ર તો હજી દસેક વર્ષનો અને ત્રીજો તો માંડ એક વર્ષનો હશે.

આમ, જીવનની પહેલી વીશી હજી પૂરી નહોતી થઈ ત્યાં જ, કુટુંબની જવાબદારી ધીમેધીમે પોતાને માથે જ પડવાની છે એવો સચોટ ખયાલ ચંદુભાઇને આવી ગયો હતો. પોતાનો અભ્યાસ વધારવો અને બને તો એ માટે પરદેશ જઈ આવવું, એવીએવી મહત્ત્વાકાંક્ષાઓ મનમાં રમ્યા કરતી, પણ એ માટે નાણાં ક્યાંથી ઊભાં કરવાં એની મૂંઝવણ સતાવ્યા કરતી, ક્વચિત્ કૉલેજના સહૃદય સહાધ્યાયીઓ સાથે ચર્ચાતી. લગભગ એ સમયમાં જ એમના જીવનમાં પ્રગાઢ અસર મૂકી જનાર એક વ્યક્તિનો એમને પરિચય થયો. એ વ્યક્તિ તે સ્વ. શ્રી ચંદ્રશંકર નરોત્તમ ભટ્ટ, જે પાછળથી ‘જ્ઞાનયોગી ચંદુભાઈ’ તરીકે જાણીતા થયા. રાંદેર જેવા નાના ગામમાં આધ્યાત્મિક જીવન વિષે માત્ર ચર્ચાઓ નહિ પરંતુ સાચું નિઃસ્પૃહ જીવન આચારમાં મૂકી બતાવનાર સ્વ. ચંદુભાઈની પ્રતિભાની અસર એમના સંપર્કમાં આવનાર સૌ પર પડતી. એમની સંગતિથી યૌવનના એ મંથનકાળમાં પ્રો. વકીલને અનેક વાર માર્ગદર્શન મળ્યું. એ કાળમાં મંથન માત્ર, આર્થિક આપત્તિઓનો સામનો કરી પોતાનું ભાવિ ઉજ્જવલ કરવા અભ્યાસ શી રીતે જારી રાખવો એટલું જ નહોતું; પરંતુ ઉમર હવે મોટી થઈ હોવાથી માતાપિતાની લગ્નવિષયક ચિંતાઓ અને આસપાસનાં જ્ઞાતિજનોની સાહજિક એ બાબતની ખટપટોમાંથી શી રીતે ઊગરવું, અને પરદેશ જવાની પોતાની ઉત્કંઠા સામે આર્થિક મુશ્કેલીઓ ઉપરાંત માતાપિતાનો રૂઢિગ્રસ્ત વિરોધ એ પ્રશ્નો પણ ખૂબ ગૂંચવનારા હતા. એવે કાળે જ્ઞાનયોગી ચંદુભાઈની માયાળુ હૂંફ અને પ્રેમભર્યું માર્ગદર્શન એમને ન મળ્યાં હોત તો આ બધા દિનપ્રતિદિન સબળ બનતા જતા વિરોધો અને મંથનો સામે એમણે શાંતિપૂર્વક જે નિશ્ચયાત્મક લડત આપીને પોતાનો માર્ગ કર્યો તે લડત ઘણી વધુ ઉગ્ર બની જાત અને ગમે તેવા વિકટ અને પ્રતિકૂળ સંજોગોમાંથી પણ સાચો રાહ મેળવી લેવાની એમની જે કુનેહશક્તિ તે કાળે કેળવાઈ તે કેળવવાનો એમને સુયોગ ન મળત.

એમના જીવન ઉપર એવી જ ઊંડી છાપ પાડનાર બીજી વ્યક્તિ તે વિલ્સન કૉલેજના પ્રિન્સિપલ ડૉ. મેકિકન. પોતાના તેજસ્વી પરંતુ ગરીબ વિદ્યાર્થીઓમાં તે ખૂબ ઊંડો રસ લેતા અને વિદ્યાર્થીના અભ્યાસમાં જ નહિ પરંતુ અંગત જીવનમાં પણ ચંચુપાત કરી એમને સહાયરૂપ બનતા. વળી તે યુનિ.ના વાઇસ ચાન્સેલર હોવાથી એમની અંગત લાગવગ પણ ઘણી હતી. એ પ્રિ. મેકિકનના ગાઢ પરિચયનો લાભ પોતાની લાયકાતને આધારે ચંદુભાઇને બહુ મળ્યો એટલું જ નહિ પરંતુ આજે તેઓ પોતાના વિદ્યાર્થીઓમાં ઉત્કટ રસ લેવાની જે વિશિષ્ટતા ધરાવે છે તેનાં મૂળ મહદ્ અંશે કદાચ એમાં જ રહેલાં હશે.

આ ઉપરાંત કૉલેજકાળમાં ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગના એમના સહાધ્યાયીઓમાં, હાલના નિયોજનપંચના સભ્ય ને આંધ્રના ભૂતપૂર્વ રાજ્યપાલ સર ચંદુલાલ ત્રિવેદી, ભારતના નાણાપ્રધાન શ્રી મોરારજી દેસાઇ અને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી ભગવતી હતા.

૧૯૧૬માં બી. એ. થઇ ચંદુભાઇએ વિલ્સન કૉલેજમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કારકિર્દીનો આરંભ કર્યો. એ પહેલાં યુનિ.ના અભ્યાસક્રમમાં આ વિષય ન હોવાથી એમને જ નવો ચીલો શરૂ કરવાનો હતો, જે સહેલું નહોતું. છતાં એમણે તે સારી રીતે પાર પાડયું.

આ દરમ્યાન પિતા નગીનદાસને પ્રમાણમાં નાની ગણાય એવી ઉમરે—૪૯મે વર્ષે નિવૃત્ત થવું પડયું. એટલે કુટુંબના ખર્ચમાં પોતાથી બનતો ફાળો પણ તે આપવા લાગ્યા હતા. ત્રણ વર્ષ બાદ ૧૯૧૯ની ૧૧મી મેએ તેમનાં લગ્ન શ્રીમતી વિદ્યાબહેન સાથે થયાં. આ વખતે વિદ્યાબહેનની ઉમર ૧૫ વર્ષની હતી. વળી વિદ્યાબહેનનાં માતાપિતા અને પ્રો. વકીલનાં માતુશ્રી નાનીબહેન, બત્રણ પેઢીએ સગાં થતાં હતાં તેથી આ લગ્ન લેવાયાં ત્યારે જ્ઞાતિમાં થોડો ઊહાપોહ પણ થએલો.



બેઠેલાં : ડાબી બાજુથી–સૌથી નાના ભાઈ પ્રસન્નવદન વકીલ; માતા શ્રીમતી નાનીબેન; પિતા શ્રી નગીનદાસ વકીલ; પત્ની શ્રીમતી વિદ્યાબહેન; ઊભેલા : વચલા ભાઈ નટવરલાલ અને પ્રો. ચંદુલાલ વકીલ પોતે. (ઇંગ્લંડથી પાછા ફર્યા પછીનો–ઈ. ૧૯૨૪-૨૫ના વર્ષનો ફોટો)

**સકુટુમ્બ • બે છબીઓ**

નીચેનું ચિત્ર : ડાબી બાજુથી બેઠેલાં–પુત્ર અરુણ; શ્રીમતી વિદ્યાબહેન; પ્રો. વકીલ; નાની પુત્રી વીણા; ઊભેલાં–મોટાં પુત્રી લીના (ફોટો : જૂન ૧૯૫૯)



પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન હિંદ સરકારે મુંબાઈ યુનિ.ને એક અનુસ્નાતક શિક્ષણસંસ્થા શરૂ કરવાનું સૂચન કર્યું હતું, ને તે માટે જરૂરી નાણાંકીય મદદ પણ સરકાર તરફથી અપાવાની હતી. તેના અનુસંધાનમાં, ૧૯૧૮–૧૯ના અંતમાં મુંબાઈ યુનિ.માં સમાજશાસ્ત્રના અધ્યાપક તરીકે પ્રો. ગેડેસની નિમણૂક કરવામાં આવી. આ સંસ્થા સંશોધનના ક્ષેત્રમાં કામ કરવાની હોઈ તે ક્ષેત્રમાં તાલીમ પામેલા અધ્યાપકો મળી રહે તે હેતુથી યોગ્ય વિદ્યાર્થીઓને સંશોધનની તાલીમ મેળવવા માટે પરદેશ મોકલવાનું નક્કી થયું હતું. આ યોજનામાં પ્રો. વકીલની પસંદગી થઈ.

એટલે, લગ્ન પછી માત્ર સાડા ત્રણ જ મહિના બાદ, ૧૯૧૯ની ૩૧મી ઑગસ્ટે પ્રો. વકીલ લંડન જવા ઊપડચા. મધ્યમ વર્ગના કોઈ પણ ઘરમાંથી વિદ્યાર્થી પરદેશ જાય ત્યારે જે એક વિશિષ્ટ પ્રકારનું, હર્ષ શોક ને ચિંતાનું વાતાવરણ ઊભું થાય છે તેવું અહીં પણ થયું. કુટુંબની આર્થિક સ્થિતિ જોતાં છોકરો આવા મનોરથો સેવે તે પોસાય તેમ નહોતું. વળી લગ્નની જવાબદારી પણ હતી જ. આજે પણ એ દિવસોનું વાતાવરણ યાદ કરીને શ્રીમતી વિદ્યાબહેન કહે છે કે 'એમને ઇંગ્લંડ જતા રોકવા માટે ઘરમાંથી ઠીકઠીક પ્રયત્નો થયા હતા. કોઈ વાર તો ખુદ મારે મોઢે જ ના પડાવવામાં આવતી!' પણ પ્રો. વકીલ ઘણા જ મક્કમ હતા. પોતાનો મનોરથ તેમણે પૂર્ણ કર્યો ને બે વર્ષથી પણ ઓછા ગાળામાં, ૧૯૨૧ની ૧૬મી જુલાઈએ તેઓ પાછા ફર્યા.

ઈંગ્લંડથી પાછા ફરીને ૧૯૨૧ની પહેલી ઑગસ્ટે તેમણે મુંબાઇ યુનિ.નો અર્થશાસ્ત્રનો વિભાગ શરૂ કર્યો. આ ઉપરાંત ઈ. ૧૯૨૧ના નવેમ્બરમાં પ્રો. કે. ટી. શાહ(ખુશાલ તલકશી શાહ) યુનિવર્સિટીપ્રોફેસર તરીકે જોડાયા ને થોડા જ સમયમાં સર્વશ્રી શાહ, વકીલ, ઘુર્યે અને થૂથી એ ચાર અધ્યાપકો કામ કરતા થઇ ગયા. પણ સ્વભાવગત કૈંક અતડાપણાને લીધે પ્રો. કે. ટી. શાહને યુનિ. સાથે ફાવતું નહોતું,

(અનુસંધાન પૃ. ૩૯મે)

સુરંગી અધ્વર્યુ ★ રેડિયો-નાટિકા

# પ્રમુખસ્થાનેથી

(તાળીઓનો અવાજ)

હેડમાસ્તર: ...અને હવે હું આપણા આજના સમારંભના પ્રમુખ શ્રી સુદર્શન ત્રિપાઠીને, તમને બે શબ્દ કહેવા વિનંતી કરું છું. (તાળીઓ)

સુદર્શન(પ્રમુખ): આચાર્યશ્રી ને બાલમિત્રો, આજે આપ સૌને મળતાં અત્યંત હર્ષ થાય છે એમ હું તો માત્ર વિવેક ન માનશો. વર્ષોના ગાળા પછી પોતાની શાળામાં પાછા ફરતાં કોને આનંદ ન થાય! (તાળીઓ)

તમને કદાચ લાગશે કે આ વડીલ વક્તા હમણાં શિખામણોની વર્ષા શરૂ કરશે, અને તમારાં બગાસાં ખૂટશે પણ ભાષણ નહિ ખૂટે. (હસાહસ) પણ દોસ્તો, બેફિકર રહેજો. હું અહીં વડીલ તરીકે નહિ પણ વિદ્યાર્થી તરીકે આવ્યો છું. હું તો આવ્યો છું મારા ખોવાએલા દિવસોને ખોળવા,—તમારા આ માસુમ ચહેરાઓમાં, આ ઉત્સુક આંખોમાં મને, મારી જ ભૂતકાળની છબીઓને જોવા. પરંતુ આ બધું તમને નહિ સમજાય. જવા દો. હું તમને આજે શું કહેવાનો છું, જાણો છો? એક વાર્તા, સાચી વાર્તા... સુદર્શન ત્રિપાઠીની—આજના અમલદાર નહિ પણ એક જમાનાના વિદ્યાર્થીની વાત.

જુઓ, કાળનો પડદો કોઈ અગમ્ય હાથના સ્પર્શથી ખસતો જાય છે... જુઓ, આ રહ્યો સુદર્શન—તોફાની, ભરાડી સદુ; આ વર્ગમાં...

* ફ્લૅશ બૅક *

શિક્ષિકા: સુદર્શન ત્રિપાઠી!... સદુ ઉર્ફે...

એક અવાજ: ગેરહાજર.

શિક્ષિકા: એ કહેવાની જરૂર ન હોય. એ સાહેબ હોય છે જ ક્યાં?

સદુ: અહીં આસ્તો!...(હસાહસ)

શિક્ષિકા: એ કોણ બોલ્યું?—ક્યાં?

સદુ: હું, સુદર્શન માધવરામ ત્રિપાઠી—અહીં... (હસાહસ ચાલુ)

શિક્ષિકા: અરે સદુ! નીચે ઊતર...ઊતર નીચે! આમ ત્યાં પંખા પર ક્યાં ચડ્યો છે? પંખો તૂટી જશે...ઊતર!

સદુ: અહીં એટલી મઝા આવે છે... જાણે એરોપ્લેનમાં...

શિક્ષિકા: અરે ઊતરે છે કે હેડમાસ્તરને બોલાવું?

સદુ: ઓ બાપ રે! (ભુસકાનો અવાજ) સિસ્ટર, પ્લીઝ સિસ્ટર, એમને ન બોલાવતા હો. મને તો એમની ફાંદ જોઇને જ ડર લાગે છે. (હસાહસ)

શિક્ષિકા: ચૂપ રહો બધાં! (શાંતિ)

સદુ: સિસ્ટર, હવે રજા હોય તો હાથ ધોઈ આવું.

શિક્ષિકા: ત્યાં ઉપર કેમ ચડયો'તો?

સદુ: એ તો પંખાને જરા ઑઈલિંગ કર્યું. શાળાની સેવા કરું છું તો ય તમે વઢો છો!

શિક્ષિકા: બેસ બેસ હવે.

સદુ: હવે રજા હોય તો જરા હાથ ધોઇ આવું. (પગલાં)

શિક્ષિકા: એઈ! ક્યાં જાય છે?

સદુ: કેમ? હાથ ધોવા!

શિક્ષિકા: પણ મેં તને બહાર જવાની રજા નથી આપી.

સદુ: તો રજા વગર...હું તો, સિસ્ટર, સ્વચ્છતાનો ઉપાસક છું. (હસાહસ)

શિક્ષિકા: ચૂપ! (શાંતિ) સદુ, હું તને પાછો વર્ગમાં નહિ આવવા દઉં.

સદુ: ઓહો! તે આવવું છે ય કોને?... આ...વજો! (સિસોટી) ને પંખો ચલાવો ત્યારે યાદ કરજો જરા! (પગલાં)

શિક્ષિકા: આવાને તે શા માટે સ્કૂલમાં ચાલુ રાખતા હશે? ચાલો, હવે શરૂ કરો... Once upon a time...

* ફેઈડ આઉટ *

પ્રમુખ...અને પંખો ચાલ્યો ત્યારે સૌએ મને યાદ તો કર્યો જ; કારણ કે પંખાનાં પાંખિયાં પર મેં શાહીની પ્યાલીઓ ને ચાકના ટુકડા મૂક્યા હતા! (હસાહસ) ...મારે માટે ફરિયાદોની તો નવાઈ જ નહિ! રોજ કંઈ ને કંઈ...

* ફ્લૅશ બક *

(૧) સર, સદુએ મારી ચોપડી ફાડી નાખી.

(૨) સિસ્ટર, સદુએ બેંચ પર શાહી ચોપડી છે.

(૩) સિસ્ટર, સદુએ કંપાસ માર્યો.

(કાચ ફૂટવાનો અવાજ)

(૪) સર, સદુનો પથ્થર...

* ફેઈડ આઉટ *

પ્રમુખ: અને એ જમાનો તો શિક્ષાનો! મને જાતજાતની શિક્ષાઓ થતી...

* ફ્લૅશ બૅક *

(૧) બેંચ પર ઊભો રહે!

(૨) પાંચ ઊઠબેસ કર!

(૩) અંગૂઠા પકડ!

(૪) મગન, પેલી સોટી લાવ...ચાલ સદિયા, હાથ ધર, (સોટીનો અવાજ) એક...બે...ત્રણ

* ફેઈડ આઉટ *

પ્રમુખ: પણ મારા પર એ કશાયની અસર નથતી. મારી ખરી મજા થતી ફી લેવાના દિવસે.

* ફ્લૅશ બૅક *

શિક્ષિકા: સદુ, ફી છે કે?

સદુ: હા, સિસ્ટર.

શિક્ષિકા: લાવ, ક્યાં છે?

સદુ: બાપુજીના ખિસ્સામાં. (હસાહસ)

શિક્ષિકા: ગેટ આઉટ!

* ફેઈડ આઉટ *

પ્રમુખ: અને ગેટ આઉટનો હુકમ મળતો. પણ એમ કેટલીક વાર ગેટ આઉટ થવાય? અને ફી લાવવી ક્યાંથી? પિતા ગરીબ; માંડમાંડ ફી આપે તે તો નાસ્તાપાણીમાં જ મેં ખતમ કરી હોય! આખરે ઘેર નોટીસ પહોંચે: જો આવતી કાલ સુધી ફી ભરવામાં નહિ આવે તો રજિસ્ટરમાંથી નામ કાઢી નાખવામાં આવશે... મને તો પરવા ન હતી; પણ બાપા નિશાળે આવીને આજિજી કરે...

* ફ્લૅશ બૅક *

પિતા: આટલો વખત માફ કરો, સાહેબ. ફી તો મેં કે' દહાડાની મોકલેલી, પણ અક્કરમી ક્યાંક વાપરી આવ્યો. એક-બે દહાડામાં સગવડ કરીશ. એટલી માફી કરો, સાહેબ...

* ફેઇડ આઉટ *

પ્રમુખ: ને પછી ઘેર જાઉં એટલે...

* ફ્લૅશ બૅક *

પિતા: બોલ શેતાન, ક્યાં વાપર્યા પૈસા? ખોવાઈ ગયા? જુઠું બોલે છે? દર વખતે પૈસા ખોવાઈ જાય ને ચોરાઇ જાય, એમ? બોલ, નહિ તો આ સોટીએ સોટીએ તારી ચામડી ઉતારી નાખીશ.

* ફેઈડ આઉટ *

પ્રમુખ: ને માયાળુ મા વચ્ચે પડે...

* ફ્લૅશ બૅક *

માતા: હશે હવે! જવા દો આટલી વાર. બચારાથી ખોવાઈ ગઈ હશે! તમે ય શું આમ જરાક માટે મારઝૂડ કરતા હશો, છોકરાને! ચાલ ભાઈ, ઊઠ ખાવા.

પિતા: તું જ એને બગાડે છે. અહીં કંઈ રૂપિયાનાં ઝાડ ઊગે છે? માંડ પેટે પાટા બાંધીને, કે માગીતાગીને ફી ઊભી કરીએ, ને દીકરાને બાદશાહી કરવી છે.

મા: હોય એ તો! છોકરાં છે ને! કાલે ભણીગણીને મોટો બાલિસ્ટર થશે, ને એં, રૂપિયાના તો ઢગલા વાળશે; ખરું ને ભાઇ?

* ફેઇટ આઉટ *

પ્રમુખ: પ્રેમાળ મા લાડ કરતી, ને હું એની શ્રદ્ધા અને આશાને દરરોજ ઠોકરે ઉડાવતો! શાં એ માનાં લાડ! આજેય એનો પ્રેમ આંખમાં આંસુ પ્રેરે છે. પણ એટલું તો ચોક્કસ કે એ લાડ મને વધુ બગાડતાં; દિવસે દિવસે તોફાન વધતાં જ જતાં. આખરે એક દિવસ...

* ફ્લૅશ બૅક *

પિતા: કેમ સદુ, આજે નિશાળે ગયો'તો?

સદુ: હા બાપા, ત્યાંથી જ આવું છું ને.

પિતા: જુઠ્ઠો! વર્ગમાં ગેરહાજર ને પાદરે આમલી પાડવા જવું છે, કેમ? ચાલ, આમ આવ—આમ આવ, કહું છું. બદમાશ! રખડુ! (મારવાનો ને રડવાનો અવાજ... પગલાં)

સદુ: કોણે કહ્યું હશે બાપાને? હં, પેલા દાસ માસ્તર જ હશે. બહુ ચાપલા છે તો! જ્યારે મળે છે ત્યારે—(ચાળા પાડતો) (૧) કેમ ભાઈ સુદર્શન, માધવરામ મઝામા છે ને?... (૨) ભાઇ, તું તો સારા ઘરનો છોકરો; કંઇક મહેનત કર...(૩) સુદર્શન, તારે સમજવું જોઇએ; આમ કરે તો ભવિષ્યમાં શું થાય?... બસ, શિખામણોનો વરસાદ...ઠીક છે. હવે હાથમાં આવે ત્યારે વાત.

* ફેઈડ આઉટ *

પ્રમુખ: તે જ દિવસે બપોરે... મેં જોયું તો દાસ માસ્તર ચાલ્યા જતા હતા... ને થયું...

* ફ્લૅશ બૅક *

સદુ: હં, ઠીક લાગ છે; આજુબાજુ કોઇ છે નહિ, આજે ડોસાને જરા સ્વાદ ચખાડું. આ ઈંટ મઝાની છે.

* ફેઈડ આઉટ *

પ્રમુખ: અને બૉલિંગ કરતો હોઉં એમ ચાળો કરી મેં ઇંટ ફેંકી... મેં ધારેલી પગમાં, પણ ઊછળીને વાગી મોં પર અને...

* ફ્લૅશ બૅક *

દાસ: ઓહ—ઓહ—ઓ બાપ રે...

સદુ: હવે (સ્વગત) અહીં ઊભા રહેવામાં માલ નથી. પેલા પીપળા પરથી જોવા દે... (ઘણાં પગલાં અને ઘોંઘાટનો અવાજ)

(૧) શું-શું થયું?

(૨) અરે, આ તો દાસસાહેબ!

(૩) સર! શું થયું?

(૪) કોણે માર્યો પથ્થર? (દરમ્યાન દાસ માસ્તરના ઊંહકારા ચાલુ)

દાસ: કંઇ... અરરર... કંઈ નહિ... જરા પથ્થર વાગ્યો છે. કંઇ નહિ...

* ફેઈડ આઉટ *

પ્રમુખ: સાંજે મેં દાસસાહેબને મારા ઘર તરફને રસ્તે જતા જોયા.

* ફ્લૅશ બૅક *

સદુ: હેં, આંખે પાટો છે ને મારા ઘર તરફ જાય છે? બાપાના દોસ્તાર છે ને? આજે ઘેર વહેલા જવું જ નથી ને!

* ફેઇડ આઉટ *

પ્રમુખ: પણ અજબ વાત હતી કે રાત્રે ઘેર ગયો ત્યારે બાપાજીએ કંઇ જ કહ્યું નહિ! બીજે દિવસે શાળામાં...

* ફ્લૅશ બૅક *

(૧) અરે, દાસસાહેબને તો બહું વાગ્યું છે.

(૨) એ પેલા સદુનાં જ કારસ્તાન હશે.

(૩) પણ એ તો ત્યાં હતો નહિ.

(૪) નસીબદાર: નહિતર આ વખતે જો હાથમાં આવ્યો હોત તો પોલીસને જ સોંપવાનો હતો.

* ફેઈડ આઉટ *

પ્રમુખ: હું આ બધું ફફડાટથી સાંભળતો હતો, ત્યાં અચાનક એક વાક્ય કાને અથડાયું...

* ફ્લૅશ બૅક *

(૫) પણ દાસ સાહેબ કહે છે કે મારે નામે ય નથી આપવું અને શિક્ષા ય નથી કરવી.

સદુ: (સ્વગત) એમ? દાસસાહેબ મને પથ્થર ફેંકતાં તો જોયો જ હતો, છતાં? પૂછવા દે... અલ્યા એઇ રસિક!

રસિક: કેમ?

સદુ: આજે પહેલો પીરિયડ શેનો છે?

રસિક: તારે અને પીરિયડને વળી શી નિસબત?

સદુ: અરે, કહે તો યાર!

રસિક: ગણિતનો.

સદુ: ને બીજો?

રસિક: ફ્રી.

સદુ: કેમ ફ્રી?

રસિક: એ યે ખબર નથી? દાસસાહેબને તો વાગ્યું છે ને?

સદુ: શું વાગ્યું?

રસિક: કોઇએ પથ્થર માર્યો.

સદુ: કોણે?

રસિક: એમણે તો કોઈનું ય નામ નથી આપ્યું, પણ બધાને વહેમ તારા પર છે.

સદુ: હં! કોઈ નામ તો દે, મારું...

* ફેઈડ આઉટ *

પ્રમુખ: બહારથી તો હું આમ બોલ્યો, પણ અંતરમાં પહેલી જ વાર મને ધ્રુજારી વ્યાપી ગઈ. પહેલી જ વાર મને કાંઈક ખોટું કર્યાની લાગણી થઈ. પહેલી જ વાર જીવનમાં મને શરમાવા જેવું લાગ્યું. તે આખો દિવસ હું માત્ર તળાવની પાળે જ બેસી રહ્યો. મને યાદ છે કે હું બેચેન હતો. બીજે દિવસે શાળામાં...

* ફ્લૅશ બૅક *

(૧) આજે પણ બીજો પીરિયડ ફ્રી છે.

(૨) કેમ? આજ પણ નથી આવવાના?

(૩) ના, એમને તો બહુ વાગ્યું છે...

(૪) હા,... કદાચ આંખ જ જશે.

(૫) ઑસ્પિટલમાં પણ દાખલ કર્યા છે ને!

* ફેઇડ આઉટ *

પ્રમુખ: બસ, એ સાંભળતાં જ મને ચણચણાટ થવા લાગ્યો. કંઈ ચેન જ ન પડયું. જીવનમાં પહેલી જ વાર મેં મારા પરાક્રમને પ્રદર્શિત કરતાં શરમ અનુભવી, ને બે ત્રણ દિવસમાં...

* ફ્લૅશ બૅક *

(૧) અરેરે! આખરે આંખ ગઇ!

(૨) બિચારાને ઘડપણમાં કેવું દુ:ખ!

* ફેઈડ આઉટ *

પ્રમુખ: એ દિવસ આખો ય મેં તળાવની પાળે વિતાવ્યો. અંતરમાં એવી એક અકળામણ અનુભવી કે અનેક સોટીઓના મારને ન ગણકારનાર સદુ ત્યારે રડયો. એકલો... છાનોમાનો... પશ્ચાત્તાપનાં આંસુથી અંતર ધોવાઇને સ્વચ્છ થયું. ઘણા જણ દાસસાહેબને જોવા ઑસ્પિટલ પર જતા. હું પણ હિંમત કરી ગયો, ગયા વિના રહેવાયું જ નહિ... પણ ડરતો હતો; મનમાં ભારે ક્ષોભ હતો... જઈને, કોઈ જુએ નહિ એમ, માત્ર બારણા બહાર ઊભો હતો. પછી છેક મોડેથી......

* ફ્લૅશ બૅક *

દાસ: જરા મને પાણી આપશો?

સદુ (સ્વગત): નર્સ નથી! સાહેબનાં પત્ની પણ નથી! કયાં ગયાં હશે?

દાસ: અરે જરા પાણી પિવડાવો...

સદુ (સ્વગત): અરે! પાટો તો બંને આંખે છે... હવે?

દાસ: અહીં કોઇ છે કે?...

* ફેઇડ આઉટ *

પ્રમુખ: આખરે મેં હિંમત કરી. હું ગયો, પાણી પાયું.

* ફ્લૅશ બૅક *

દાસ: જરા ઓશીકું ઊંચું કરોને...

સદુ: હા જી.

દાસ: કોણ છે, ભાઇ?

સદુ: હું—હું છું, સાહેબ... હું... સદુ...

* ફેઈડ આઉટ *

પ્રમુખ: અને-હમણાં શું કહેશે એની વાટ જોતો પથ્થર હૈયે હું ઊભો હતો. પણ એમણે તો...

* ફ્લૅશ બૅક *

દાસ: ભાઇ! જરા ઓઢવાનું આપ ને...

સદુ: હા જી.

દાસ: ને તારાં કાકી આવે તો કહેજે કે અત્યારે જમવું નથી.

સદુ: હા જી.

* ફેઈડ આઉટ *

પ્રમુખ: બસ, મારો ક્ષોભ ગયો; ને તે. દિવસથી હું તેમની સેવામાં...

* ફ્લૅશ બૅક *

(૧) સદુ, તો આખો દિવસ, બસ, દાસસાહેબની સાથે ને સાથે જ હોય છે.

(૨) હા, ઑસ્પિટલમાં ય રહેતો, ને હવે ઘેર પણ સાથે રહે છે.

(૩) એ પણ કમાલ છે કોઇ!

(૪) અરે! એ તો એવી ચાકરી કરે છે કે વાત ન પૂછો!

* ફેઇડ આઉટ *

પ્રમુખ: પિતાજીને તો નિરાંત હતી. એક તો તોફાનબંધ, ને વધારામાં તેમના જ મિત્રની ચાકરી થતી હતી: બંને તેમને ગમતાં હતાં. હું પણ આખો વખત...

* ફ્લૅશ બૅક *

સદુ: કાકી, દવા પિવડાવવાનો વખત થયો.

સદુ: કાકી, લાવો મોસંબી લઇ આવું...

સદુ: ઊભા રહો સાહેબ, જરા તકિયો મૂકી આપું...

* ફેઇડ આઉટ *

પ્રમુખ: એમાં જ હું તો રત હતો. આખરે તબિયત સુધર્યા પછી એક દિવસ—

* ફ્લૅશ બક *

દાસ: ભાઈ સદુ, હવે કાલથી નિશાળે જવાનું રાખો.

સદુ: હા જી, પણ આપને...

દાસ: મારાથી હવે હરાયફરાય છે. એક આંખ તો ઊઘડી પણ છે. ફક્ત સવારસાંજ આવજે, એટલે ચાલશે.

* ફેઇડ આઉટ * -

પ્રમુખ: ને મેં બીજા દિવસથી નિશાળેજવા માંડ્યું. પણ મનમાં ભય હતો; કેમકે તે દહાડે ફીની તારીખ હતી. તે કયાંથી લાવવી? પિતાના આપેલા પૈસામાંથી તો છાનામાનો દાસસાહેબ માટે મોસંબી લઇ ગએલો! વર્ગ શરૂ થયો ને શિક્ષિકાબહેન ગાજ્યાં:

* ફ્લૅશ બૅક *

શિક્ષિકા: નીચેના વિદ્યાર્થીઓ કાલે ફી ન લાવે તો તેમને પાછા ઘેર મોકલવામાં આવશે: નગીન મહીડા, છગન મિસ્ત્રી, સુમન ટોપીવાળા, રમણ પટેલ...

* ફેઇડ આઉટ *

પ્રમુખ: ને એ યાદીમાં મારું નામ ન હતું! આશ્ચર્ય! પછી તો પહેલી ડિસેમ્બર...

* ફ્લૅશ બૅક *

શિક્ષિકા: નીચેના વિદ્યાર્થીઓની ફી...

* ફેઈડ આઉટ * (જાન્યુઆરી)

શિક્ષિકા: આ વિદ્યાર્થીઓ કાલે જ ફી...

* ફેઇડ આઉટ * (ફેબ્રુઆરી)

શિક્ષિકા: જો નીચેના વિદ્યાર્થીઓ ફી...

* ફેઇડ આઉટ *

પ્રમુખ: પણ કોઈ દિવસ મારું નામ જ ન મળે! ને હું વિચારમાં પડયો: નામ કાઢી તો નહિ નાખ્યું હોય? છાનોમાનો રજિસ્ટર જોઇ આવ્યો. નામ હતું, ને...ફી પણ જમા હતી! એ કોયડો ઉકેલું તે પહેલાં તો પરીક્ષા નજીક આવી પહોંચી; દાસસાહેબ કહે...

* ફ્લૅશ બૅક *

દાસ: ભાઈ સુદર્શન! કાલથી અહીં જ રહેવાનું રાખજે. તારાં પુસ્તકો લેતો આવજે.

સદુ: પણ પુસ્તકો...

દાસ: કાંઈ નહિ, પુસ્તકો ન હોય તો એમ ને એમ આવજે.

સદુ: જી.

* ફેઇડ આઉટ *

પ્રમુખ: રાત્રે ગયો તો પુસ્તકોનો ઢગલો દાસસાહેબના ટેબલ પર પડયો હતો. જતાની સાથે જ—

* ફ્લૅશ બૅક *

દાસ: સુદર્શન, પેલા છાપાં લાવ...હવે તારાં કાકી પાસેથી કાતર લઈ આવ (પગલાંના અવાજો) જો હવે, આમ (કાગળ ને કાતરના અવાજો) કાપીને પૂઠાં તૈયાર કર. ને હવે આમ ચડાવ...હવે, પેલી પેન લાવ.

* ફેઈડ આઉટ *

પ્રમુખ: અને પુસ્તકોનાં પૂઠાં ઉપર મોતીના દાણા જેવા અક્ષરે મારું નામ લખાઈ ગયું! હું તો અવાક જ હતો. માત્ર મારાથી રડી ન પડાય તેનું જ ધ્યાન રાખતો હતો... પછી તો...અમારો અભ્યાસ શરૂ થયો.

* ફ્લૅશ બૅક *

દાસ: If X is equal to 3, find the value of ...

સદુ: Triangle ABC and triangle EFG are...

* ફેઈડ આઉટ *

પ્રમુખ: પરીક્ષા આવી અને ગઈ. દર વખતે તો પરીક્ષામાં—

* ફ્લૅશ બૅક *

સદુ: એઈ રસિકડા, પેપર બતાવજે; નહિ તો તારી ખેર નથી.

સદુ: એઈ વિપિન, દાખલા ગણીને સપ્લીમેંટરી ફેંકજે હોં કે—

* ફેઈડ આઉટ *

પ્રમુખ: એમ કરીને ઉપર ચડતો. આ વખતે પહેલી જ વાર પરિણામ જાણવાની ઉત્કંઠાથી શાળામાં ગયો. દાસસાહેબની તબિયત છેલ્લા કેટલાક દિવસોથી બરાબર નહોતી રહેતી. પરિણામ એમને જઇને આપવાનું હતું. શું આવશે? શું કહેશે? એવી ગડમથલ ચાલ્યા કરતી હતી. ત્યાં તો—

* ફ્લૅશ બૅક *

શિક્ષિકા: દરેક જણ પોતાનું પરિણામ નોંધી લે.

હરીશ ભટ્ટ, પાસ...રૅંક ૧૪
જીવણ જોષી, નાપાસ...
નરેશ કંસારા, પાસ...રૅંક ૪
સુમન્ત પંડયા, પાસ...રૅંક ૨

* ફેઈડ આઉટ *

પ્રમુખ: આમ નામોની હારમાળા ચાલતી હતી. ધીમેધીમે મારું નામ પાસે આવતું જતું હતું ને મારા હૃદયના ધબકારા વધતા જતા હતા. આખરે—

* ફ્લૅશ બૅક *

શિક્ષિકા: સુદર્શન ત્રિપાઠી...

* ફેઇડ આઉટ *

પ્રમુખ: શિક્ષિકાબહેન બોલીને અટકયાં. આખા વર્ગની આંખો મારા તરફ હતી ને હું શ્વાસ અદ્ધર કરીને જોઈ રહ્યો હતો.

* ફ્લૅશ બૅક *

શિક્ષિકા: સુદર્શન ત્રિપાઠી, પાસ...રૅંક પહેલી

* ફેઈડ આઉટ *

પ્રમુખ: ને હું લગભગ બેભાન થઈ ગયો. જાણે પગ નીચેની ધરતી ખસી ગઈ; પણ તરત જ સૌના અવાજોથી ભાનમાં આવ્યો.

* ફ્લૅશ બૅક *

૧: અરે વાહ!
૨: કમાલ કરી...
૩: દસસાહેબની મહેનત...
૪: અભિનંદન.
૫: શાબાશ!

શિક્ષિકા: સુદર્શન, મારાં અભિનંદન.

સુદર્શન: થૅંક યૂ સિસ્ટર...

* ફેઇડ આઉટ *

પ્રમુખ: એટલામાં મારા પિતાજી દોડતા આવ્યા.

* ફ્લૅશ બૅક *

પિતા: અરે ભાઈ સદુ, જરા જલદી ચાલ. દાસભાઇને વધારે...

* ફેઈડ આઉટ *

# સોળમી સદીના શોધસફરીઓ

લેખક
પ્રો. રમણલાલ ચી. શાહ

## ૧ બ્રુનેલ

ઈસુના સોળમા સૈકામાં યુરોપના દેશોમાં અંગ્રેજો અને ડચ લોકો વચ્ચે નવાનવા દેશો સાથે વેપારી સંબંધો બાંધવાની અને નવાનવા પ્રદેશો પર પોતાનું વર્ચસ્વ જમાવવાની તીવ્ર સ્પર્ધા થતી. વેપારાર્થે નવીનવી કંપનીઓ સ્થપાતી અને નવા પ્રદેશ શોધવા માટે નવાનવા સાહસિકોને પસંદ કરવામાં આવતા. યુરોપની ઉત્તરે વિશાળ ધ્રુવસમુદ્ર પથરાએલો પડ્યાં છે, એ તરફ તેમજ એ મારફત વાયવ્ય દિશાના માર્ગે (north-west passageથી) અને ઇશાન દિશાના માર્ગે (north-east passageથી) નવા પ્રદેશો શોધવા માટે સાહસિક પ્રયાસો થતા. વેપારીઓ આવાં સાહસો માટે નાણાં રોકતા તે વેપારના સ્વાર્થથી પ્રેરાઇને; પણ સાહસિકો આવાં સાહસો-માં ભાગ લેવા તૈયાર થતા, તે અધિકાંશે નવાનવા પ્રદેશ ખૂંદવાની ને પોતાની શક્તિને કસવાની મળતી તકથી પ્રેરાઇને. ઉત્તરે ગ્રીનલૅન્ડ અને ઈશાને સ્કૅન્ડિનેવિયાના દેશો તથા રશિયા સાથે તો તેમનો વહાણ-વ્યવહાર ચાલુ હતો; પરંતુ એથી આગળ નવા પ્રદેશો શોધાયા નહોતા.

ધ્રુવપ્રદેશના એ વિશાળ, અસહ્ય ઠંડા અને નિર્જન પ્રદેશમાં લાંબી સફર કરવા માટે જતાં કેટલીક વાર સાહસિકો પણ ડરતા અને ધ્રુવપ્રદેશની ત્રણચાર મહિના જેટલી લાંબી ઘોર રાત્રિનો વિચાર કરતાં તો ભલા ભડવીરને પણ કમકમાં આવતાં. એ પ્રદેશમાં યુરોપના લોકોમાંથી હજુ સુધી કોઈએ દીર્ઘ રાત્રિ પસાર કરી નહોતી; અને બધાંની એક જ માન્યતા હતી કે એ રાત્રિ એટલી બધી ઠંડી અને એટલી બધી ભયંકર છે કે ત્યાંથી ભાગ્યે જ કોઈ જીવતો પાછો ફરી શકે! આથી એ દીર્ઘ રાત્રિ શરૂ થાય તે પહેલાં, ધ્રુવપ્રદેશની લાંબી રખડપટ્ટી માટે ગએલા માણસો કાં તો પાછા જીવતા આવતા નહિ, અને આવતા તો અસહ્ય થાક ને લાંબી માંદગી લઇને. એવી સફરેથી પાછા ફરનારા માણસો પ્રત્યે લોકો માનથી જોતા ને તેમની અનુભવવાણી તથા ધ્રુવપ્રદેશની તરેહતરેહની વાતો સાંભળવા ટોળે મળતા.

રશિયાનો પ્રદેશ અત્યંત વિશાળ છે. બે ખંડમાં પથરાએલા એ વિશાળ દેશમાં પ્રદેશના પ્રમાણમાં વસતિ જ ઘણી ઓછી છે. જે કાળની આ વાત છે તે સોળમા સૈકામાં તો, જ્યારે અંગ્રેજ અને ડચ વેપારીઓ રશિયા સાથે વેપારી સંબંધો બાંધવા ઉત્સુક હતા ત્યારે, પોતાનો પ્રદેશ કેટલો વિશાળ છે એની નહોતી ખબર રશિયાની પ્રજાને અને નહોતી ખબર તેના રાજાને. ઉત્તર અને પૂર્વ તરફ જ્યાં સુધી જઈ શકાય ત્યાં સુધી પોતાનું રાજ્ય વિસ્તરેલું છે એમ જ તેઓ માનતા હતા, કારણ કે એ બંને દિશામાં હજારો માઈલનો નિર્જન ને ક્યાંક ક્યાંક ભયંકર કે અભેદ્ય મનાતો પ્રદેશ પથરાએલો હતો, જ્યાં પોતાની સત્તાને પડકારનાર કોઇ જ નહોતું.

રશિયામાં પશુસંપત્તિનો પાર નહોતો. શિકારીઓ પશુઓનો શિકાર કરી લાવતા અને વેપારીઓ પશુઓનાં ચામડાં, ચરબી ને હાડકાંનો વેપાર ચલાવી ભારે કમાણી કરતા. આથી જ અંગ્રેજ અને ડચ વેપારીઓ રશિયા સાથે વેપાર કરવા માટે આકર્ષાયા હતા. એમાં યે અંગ્રેજોએ એ સંબંધો બાંધવામાં ડચ વેપારીઓ પર સરસાઈ મેળવી હતી. ઈંગ્લંડની કેટલીક કંપનીઓએ તો વેપારમાં મોટામોટા ઇજારા પણ મેળવી લીધા હતા. રશિયા સાથે વેપારી સબંધો બાંધવાના ડચ પ્રયાસોની કંઈ પણ ગંધ આવતી તો અંગ્રેજ વેપારીઓ સાવચેત થઈ જતા અને ડચ પ્રયાસોને તોડી પાડવા માટે બધું જ કરી છૂટતા. ડચ વેપારીઓ પણ અંગ્રેજોના ઇજારા છીનવી લેવા માટે તરેહતરેહની યુક્તિપ્રયુક્તિઓ અજમાવતા. આ સ્પર્ધાને પરિણામે ને વધતા જતા વેપારને કારણે ઇંગ્લંડ અને હૉલૅન્ડનાં બંદરો વિકસતાં જતાં હતાં.

ઈ. ૧૫૮૪માં ડચ વેપારીઓએ રશિયામાં આર્કેન્જલમાં પોતાનું વેપારમથક સ્થાપવા માટે મોટા પાયા પર પ્રયાસો શરૂ કરી દીધા. એ અંગે રશિયાના વેપારીઓ સાથે ગુપ્ત વાટાઘાટો કરવા તેમણે ઑલિવર બ્રુનેલ નામના એક ખડતલ, બુદ્ધિશાળી અને નીડર સાહસિકની પસંદગી કરી. બ્રુનેલ શક્તિશાળી, કુનેહબાજ અને પોતાના સંપર્કમાં આવનારને આંજી નાખે એવી પ્રતિભા ધરાવનારો માણસ હતો. ગુપ્ત રીતે રશિયામાં પ્રવેશીને એણે ત્યાંના લોકોની ભાષા શીખી લીધી. પછી ત્યાંના વેપારીઓ અને શિકારીઓના સંપર્કમાં આવી, રશિયન ભાષામાં જ તેમની સાથે વાટાઘાટો કરી માલની ખરીદી અંગે સીધી લેવડદેવડ શરૂ કરી દીધી, અને એ માલ પોતાના દેશમાં પહોંચાડવા માટે એણે પાકી વ્યવસ્થા પણ કરી લીધી. પોતાના મળતાવડા સ્વ-ભાવ અને અસાધારણ પ્રતિભા વડે એણે રશિયન વેપારીઓનાં દિલ ઉત્તરોત્તર જીતવા માંડ્યાં અને એક પછી એક તેઓને ડચ સાથેના વેપાર તરફ વાળવાનું શરૂ કર્યું. આ કાર્યમાં બ્રુનેલે એટલી ઝડપથી સફળતા મેળવી કે એની અસર અંગ્રેજોના વેપાર ઉપર ઘણી મોટી પડી.. પોતાને મળતા માલનું પ્રમાણ ઓછું થવાને લીધે ચતુર અંગ્રેજ વેપારીઓની આંખ ઉઘડી અને તેમણે બ્રુનેલને પોતાના મોટા પ્રતિ-સ્પર્ધી તરીકે ઓળખી કાઢ્યો. કોઈ પણ રીતે બ્રુનેલને આ ધંધામાંથી ખસેડવાનો તેમણે નિશ્ચય કર્યો. તેમણે રશિયન સત્તાવાળાઓ આગળ બ્રુનેલ વિરુદ્ધ વારંવાર ફરિયાદો કરી અને એને જાસૂસ તરીકે ઓળ-ખાવ્યો. આથી બ્રુનેલની ધરપકડ કરવામાં આવી અને એને જેલમાં પૂરવામાં આવ્યો. સામાન્યરીતે એ દિવસોમાં રશિયામાં જેલમાં પુરાએલો માણસ અસહ્ય ભૂખ ને ઠંડીથી રિબાઇરિબાઇને મરી જતો, પણ બ્રુનેલ એટલો પ્રભાવશાળી હતો કે એણે તો સત્તાવાળાઓનાં

---

પ્રમુખ: તે વાક્ય પૂરું થાય તે પહેલાં હું દોડયો...દાસસાહેબ પથારીમાં હતા. ડૉક્ટર બેઠા હતા. મેં જઇને માથું એમના ખોળામાં મૂકી દીધું–અને...

* ફ્લૅશ બૅક *

સદુ: સાહેબ, દાસસાહેબ, હું પાસ, પહેલો..
દાસ: કોણ? સદુ? કેમ, ભાઈ?
સદુ: હું પાસ, સાહેબ! પહેલો નંબર!
દાસ: વાહ, શાબશ...જીવતો...

* ફેઇડ આઉટ *

પ્રમુખ: અને...અને...એમનો હાથ મારા મસ્તક પર રહી ગયો તે રહી જ ગયો! અને પછી તો...સદુ, સુદર્શન ત્રિપાઠી સ્કૉલર બન્યો, ભણ્યો, વિદેશ જઈ આવ્યો, ને આજે–આજે તમારી સામે આવ્યો છું. આ–આ વાત કહેવા, ને એ રીતે દાસસાહેબને અંજલિ આપવા.

છેલ્લે એમનું એક વાક્ય કહું છું તે યાદ રાખજો. દાસસાહેબ હમેશાં કહેતા: 'ભાઈ, પિતા પુત્ર દ્વારા જીવે છે, શિક્ષક પોતાના વિદ્યાર્થીઓ દ્વારા...' (ધીમું વાદ્ય)

(આકાશવાણીના સૌજન્યથી)

દિલ પણ જીતી લીધાં. એથી બ્રુનેલને પેરોલ પર છોડવામાં આવ્યો અને ગ્ટ્રોગાનોવ નામના એક અમલદારના કુટુંબમાં નજરકેદ રાખવામાં આવ્યો.

એ કુટુંબ ઘણું મોટું, પ્રતિષ્ઠાવાળું, રાજ્યમાં સારી લાગવગ ધરાવનારું અને શ્રીમંતાઈમાં બીજા કરતા ચડિયાતું હતું. એ કુટુંબનો પ્રેમ બ્રુનેલે પોતાના આકર્ષક વ્યક્તિત્વ વડે જીતી લીધો. તેણે ઘણી મોટીમોટી સફરો કરી હતી, તેથી પોતાના વિશાળ અનુભવમાંથી એ રોજ નવીનવી વાતો કહીને સ્ટ્રોગાનોવ કુટુંબને મુગ્ધ કરતો. એની જીભે જાણે સરસ્વતી હતી; એની પાસે તરેહતરેહની વાતોનો અખૂટ ભંડાર હતો; એની રીતભાત સૌને ખુશ કરે એવી હતી. એટલે થોડા જ સમયમાં એ સ્ટ્રોગાનોવ કુટુંબના એક સ્વજન જેવો બની ગયો.

પછી તો સ્ટ્રોગાનોવ કુટુંબ સાથે બ્રુનેલે રશિયાની ઘણી મોટી-મોટી મુસ ફરીઓ પણ કરી. ઘણી વાર બ્રુનેલની ઇચ્છા પ્રમાણે તેઓ મુસાફરીએ ઊપડતા, અને બ્રુનેલના બતાવ્યા પ્રમાણે તેઓ વેપારધંધો પણ કરતા. ધીમેધીમે બ્રુનેલે સ્ટ્રોગાનોવને ડચ વેપારીઓ સાથે સીધેસીધો વેપાર કરવાનું સમજાવ્યું. અંગ્રેજો સાથેના વેપાર કરતાં ડચ સાથેના વેપારમાં એને વધારે ફાયદો થવા માંડયો એથી બ્રુનેલનું કામ સફળ થયું. દિવસેદિવસે ડચ અને રશિયાના વેપારીઓ વચ્ચે ધમધોકાર વેપાર ચાલવા લાગ્યો અને અંતે બ્રુનેલને નજરકેદમાંથી છોડવામાં આવ્યો. એ દરમ્યાન અંગ્રેજોએ રશિયા સાથે વેપારી સંબંધો બાંધી જે મોટામોટા ઇજારા મેળવી લીધા હતા એ ભોગવ્યાને એક દાયકો પૂરો થવા આવ્યો ત્યાં તો બ્રુનેલે પોતાના અસાધારણ આવડત વડે એક વર્ષમાં જ ડચ વેપારીઓ માટે એ પડાવી લીધા. હૉલૅન્ડમાં ડચ વેપારીઓએ 'વ્હાઈટ સી ટ્રેડિંગ કંપની' ઊભી કરી, જે રશિયા સાથે મોટા પાયા પર વેપાર કરવા લાગી.

હવે બ્રુનેલનું ધ્યેય ઈશાન દિશા તરફનો આગળનો માર્ગ શોધવાનું હતું. એ સમયે પૅટ અને જૅકમૅન નામના બે અંગ્રેજ સાહસિકો એ દિશામાં શોધસફરે ગયા હતા, પરંતુ તેમને પોતાના કાર્યમાં બહુ સફળતા મળી નહોતી. બ્રુનેલને લાગ્યું કે એ કાર્ય પોતે સારી રીતે પાર પાડી શકશે. માત્ર એ માટે વહાણ અને સાધનસામગ્રી કોઈકના તરફથી મળવાની જરૂર હતી. એ જ વર્ષના, ઈ.સ. ૧૫૮૪ના અંતમાં એક શ્રીમંત વેપારીએ આ સફર માટે બ્રુનેલને બધો ખર્ચ આપવાની તૈયારી બતાવી અને પૂરતી તૈયારી કરીને બ્રુનેલ આર્કેન્જલથી એક વહાણમાં ઈશાન દિશા તરફનો આગળનો માર્ગ શોધવા નીકળી પડયો. રસ્તામાં તે શિકારીઓ પાસેથી રીંછનાં ચામડાં અને એવી બીજી કીમતી વસ્તુઓ ખરીદીને પોતાના વહાણમાં ભરતો ગયો. પરંતુ જેમજેમ એ આગળ જતો ગયો તેમતેમ સમુદ્રના બરફ ને ખરાબ હવામાનને લીધે મુશ્કેલીમાં મુકાતો ગયો. ઉત્તરોત્તર કુદરત એની વધુ ને વધુ કસોટી કરતી ગઈ. ઠંડા ને નિર્જન માર્ગમાં એ પૅટ સામુદ્રધુનીથી આગળ વધી ન શક્યો ને કુદરતી આપત્તિઓ સામે પરાજય સ્વીકારવાની એને ફરજ પડી. પાછા ફરતાં પણ એની મુશ્કેલીઓ વધતી ગઈ. તેમાં સૌથી મોટી આપત્તિ તો એ આવી કે એક નદીમાં એનું વહાણ ફસાઈ ગયું, કારણ કે એણે રસ્તામાં ખરીદી કરી વહાણમાં ઘણો માલ ભર્યો હતો. અંતે જ્યારે બધો માલ એણે નદીમાં નાખી દીધો ત્યારે જ વહાણ નદીમાંથી નીકળી શક્યું. આમ, ઘણે દિવસે હેરાનપરેશાન થતો થતો એ પાછો ફર્યો,—તદ્દન ખાલી હાથે, નિષ્ફળ અને નિરાશ હૃદયે.

વતન પાછા ફરતાંવેંત બ્રુનેલે ફરી બીજા નવા સાહસ માટે પોતાની યોજના તૈયાર કરી. પરંતુ એક યોજનામાં આટલા બધા પૈસા નિરર્થક જવાને લીધે બીજી સાહસ-યોજના માટે પૈસા આપતાં પહેલાં ડચ વેપારીઓ વિચાર કરવા લાગ્યા. વેપારીઓ માત્ર વેપારના સ્વાર્થથી જોતા હતા, જ્યારે બ્રુનેલને વેપાર કરતાં નવા પ્રદેશોની શોધખોળ કરવાનું વધારે મન હતું. બ્રુનેલની ખ્યાતિ બીજાં રાષ્ટ્રોમાં પણ પહોંચી હતી, એટલે બીજા ડચ વેપારીઓ એના બીજા સાહસ માટે નાણાં રોકે તે પહેલાં ડેન્માર્કના રાજાએ એને ગ્રીનલૅન્ડમાં સંસ્થાનો શોધવા માટે રોકી લીધો. એ માટે એક પછી એક એમ ત્રણ વાર ડેન્માર્ક તરફથી એને મોકલવામાં આવ્યો. અલબત્ત, એ કાર્યમાં એને જોઈએ તેટલી સફળતા મળી નહિ એવામાં ગ્રીનલૅન્ડની ત્રીજી સફરે એ ઊપડતો હતો ત્યાં જ અંગ્રેજોએ તેની સાથે ઉત્તર દિશા તરફ આગળ જવા માટે વાટાઘાટો કરી તેને એ કાર્ય માટે રોકી લીધો; એટલે ગ્રીનલૅન્ડથી પાછા ફર્યા બાદ અંગ્રેજો તરફથી એ ઉત્તર દિશા તરફ ધ્રુવસમુદ્રમાં ઊપડયો. એ કામમાં પણ એને જોકે ખાસ કંઈ સફળતા મળી નહિ, છતાં ઉત્તર ધ્રુવની દિશામાં જનાર એ સૌથી પહેલો ડચ સાહસિક હતો. એને પગલેપગલે જ ઉત્તર ધ્રુવની દિશામાં જવા બીજા ડચ સાહસિકો આકર્ષાવા લાગ્યા. આમ, બ્રુનેલને ઈશાન દિશાનો માર્ગ શોધવામાં, ગ્રીનલૅન્ડનાં સંસ્થાનાં શોધવામાં અને ઉત્તર દિશા તરફ આગળ વધવામાં ધારેલી સફળતા મળી નહિ તોપણ એ દરેક ક્ષેત્રમાં એણે કરેલું પ્રારંભિક કાર્ય ઘણું જ સંગીન હતું. (ચાલુ)

## સ્વ. સાધુરામ દવે


અમને જણાવતાં બહુ જ દુઃખ થાય છે કે અગાઉ 'કુમાર'માં 'યોગ' અને 'લઘુયોગ' જેવા પ્રેરક લેખોથી વાચકોને પરિચિત થએલા તથા હમણાં 'પાનાંની રમત' તથા 'બ્રિજ'ની રસમય અને ઉપયોગી લેખમાળાથી તદ્‌વિષયક શોખીન વાચકોમાં ખૂબ જ પ્રિય થઇ પડેલા લેખક-અને અમારા મિત્ર શ્રી સાધુરામ દવેનો ગઇ તા. ૯મીએ રાત્રે અઢી વાગ્યે મદ્રાસ ખાતે દેહાન્ત થયો છે. આ અંકમાં પ્રકટ થએલો 'બ્રિજ'નો હપતો પણ તેમણે માંદગીને બિછાનેથી લખાવીને મોકલી આપ્યો હતો. એના સમાચાર આપતાં એમના વડીલ બંધુ શ્રી નટવરલાલ દવે (આણંદના જાહેર કાર્યકર્તા) લખે છે, "લેખનાં ત્રણેક પાનાં એમણે લખી મૂકેલા; પણ છેલ્લી લીટીઓ પૂરી ન થઈ, એટલે મારા દીકરા પાસે એ પૂરી કરાવી વચન પ્રમાણે લખી મોકલાવ્યો. મરણની સાથે ઝૂઝતાં એમણે ફરજનું ભાન સાચવ્યું."

કુશાગ્ર બુદ્ધિ ને વ્યાપારી કુનેહ ધરાવતા શ્રી દવે સાહિત્યના શોખીન હતા, તેમનું વાચન વિશાળ હતું. અગાઉ અમે જણાવેલું તેમ મદ્રાસ પ્રાંતમાં આંગળીને વેઢે ગણી શકાય તેટલા અગ્રણી બ્રિજ-ખેલાડીઓમાં એમનું સ્થાન આગળપડતું હતું. અત્યંત દિલગીરી સાથે અમારે હવે આ લેખમાળા અટકાવવી પડે છે.

એમનાં કુટુંબીજનો પરની આ અણકલ્પી આપત્તિ પ્રત્યે અમે અમારી પૂરી દિલસોજી વ્યક્ત કરીએ છીએ, અને એમના આત્માને શાન્તિ ઇચ્છીએ છીએ.—તંત્રી

# કલામાં વિકૃતીકરણ વિષે વધુ સમજાવતો લેખ

—જ્યોતિ ભટ્ટ



સમાજનાં બધાં જ દુન્યવી બળોની અસર કલાકાર પર પણ થાય જ છે, અને તેની પ્રતિક્રિયા તેની કળામાં રેખાઓ, આકાર અને તેની રચનામાં વ્યક્ત થાય છે. આ ચિત્ર (નં. ૧૦)માં પણ કલાકારે જે પ્રતિક્રિયા અનુભવી છે તે સમજવા લેખ જુઓ.

ગયા વખતે આપણે ચિત્રોમાં થતાં વિકૃતીકરણનાં ઘણાં કારણોમાંથી એકના (વસ્તુની જોઈ શકાય એવી લાક્ષણિકતાઓ રજૂ કરવાના ઉપાય તરીકેના) નમૂના જોયા. બીજાં પણ કારણો છે.

ચિત્ર એ વસ્તુ પોતે જ વિકૃતીકરણનું સૌથી પહેલું પગથિયું છે. પ્રકૃતિની સીધી નકલ જેવાં ચિત્રો સુદ્ધાંમાં પ્રકૃતિની મૂળ વસ્તુ, (જે લંબાઇ ને પહોળાઈ ઉપરાંત ત્રીજું પરિમાણ ઊંડાઈ પણ ધરાવે છે) જ્યારે રજૂ થાય છે ત્યારે તે પહેલાં બે પરિમાણ જ ધરાવે છે, અને ત્રીજું પરિમાણ તો માત્ર આભાસ રૂપે જ તેમાં રહે છે; ખરેખર તો તેનું અસ્તિત્વ રહેતું જ નથી. બીજા શબ્દોમાં કહીએ તો 'મોટા ભાગનાં' ચિત્રો એ પ્રકૃતિમાં રહેલા ત્રિપરિમાણિત પદાર્થો(three dimensional objects)ને દ્વિપરિમાણમાં ફેરવીને-વિકૃત(distort) કરીને-જ રજૂ કરે છે. 'મોટા ભાગનાં ચિત્રો' એટલા માટે, કે બધાં જ ચિત્રો પ્રકૃતિના પદાર્થો રજૂ કરવાના હેતુથી નથી થયાં હોતાં; પણ એવા હેતુથી થએલા દરેક ચિત્રને માટે તો આ વાત તદ્દન સાચી છે.

કોઈ પણ રેખાંકન (ડ્રૉઇંગ) એ વિકૃતીકરણનો જ નમૂનો કહી શકાય; કારણ કે રંગચિત્ર(પેઇન્ટિંગ)માં મૂળ પદાર્થના રંગો તેમજ છાયાપ્રકાશની અસર લાવવા જે પ્રયત્ન થયા હોય છે, તે પણ રેખાંકનમાં નથી હોતા. એક એવો મત પણ પ્રચલિત છે કે રેખા એ સંપૂર્ણપણે માનવીએ શોધી કાઢેલી (invented) વસ્તુ છે. પ્રકૃતિમાં રેખા જેવી વસ્તુ લાગે છે ખરી, પણ વસ્તુતઃ તે રેખા નથી. તે કાં તો તદ્દન પાતળો પણ ઘન, ત્રિપરિમાણિત પદાર્થ છે. દાખલા તરીકે તાર, પાતળી લતાની ડાળખી, દોરો વગેરે; અથવા તો બે આકારો પાસેપાસે આવી જાય ત્યારે વચ્ચે છૂટી રહેતી જગ્યા—જે ખરી રીતે કંઈ જ નથી. દા. ત. બારી-બારણાંનાં લાકડાં વચ્ચેની તીરાડો. (જુઓ ચિત્ર ૧.)

એ જ રીતે કોઇ વસ્તુ ખરેખરી જોઇએ ત્યારે તેની પાછળ શું છે તે આપણાથી જોઇ નથી શકાતું. સિવાય કે તે પારદર્શક હોય. પણ તે જ વસ્તુનું રેખાંકન કરીએ ત્યારે? તેની ચોતરફની હદરેખા વચ્ચે એ જ કાગળ ને એનો એ જ રંગ દેખાય છે જે એ રેખાંકનની બહારની બાજુ પણ હોય. આથી, જે વસ્તુ માત્ર દ્વિપરિમાણવાળી જ હોય, અથવા જેનું ત્રીજું પરિમાણ તદ્દન નજીવું જ હોય (કાગળ-પૂઠાંનાં રમકડાં, પાંદડું વગેરે.) તે પણ રેખાચિત્રમાં તો માત્ર તેના બહારના આકારથી જ રજૂ થાય છે, ને તે સિવાયનું બીજું બધું બાજુએ રાખી દેવાય છે—અથવા તો આપણી રીતે કહીએ તો તેનું 'વિકૃતીકરણ' થાય છે.

આવા વિકૃતીકરણનાં બીજાં કારણો પણ છે. વસ્તુની ભૌતિક આકૃતિને બદલે તેને વિષેની મનોકલ્પના રજૂ કરવા માટે, યા તેની








ચિત્ર નં. ૫, ૬ અને ૭ · વિવિધ શિલ્પો ઉપરથી કરાએલાં આ રેખાંકનો · આ શિલ્પમાં પણ વિકૃતીકરણ કરવાનો હેતુ બદલાયો નથી.







ચિત્ર નં. ૧.   બાજુમાં ચિત્ર નં. ૯. તેમાં ઑસ્ટ્રેલિયાના આદિવાસી બુશમૅનનું રેખાંકન છે.   ઉપર: ચિત્ર નં. ૨ અનુક્રમે अ ब અને क

એવી કોઇ લાક્ષણિકતા રજૂ કરવા માટે–કે જે એક જગ્યાએથી જોતાં ન જોઇ શકાતી હોય, અથવા તો તેની એવી ખાસિયતો રજૂ કરવા કે જે આંખોથી ન જોઇ શકાતી હોય. જ્યારે કોઇ દેવદેવી ચીતર્યાં હોય છે ત્યારે તેની પાછળ એક વર્તુલ દોરવામાં આવે છે. આ પ્રકાશવર્તુલ આંખોથી નથી જોઇ શકાતું (કોઇ કોઇ માણસો એવો પ્રકાશ જોવાનો દાવો કરતા હોય છે ખરા.) એ જ રીતે બેને બદલે ચાર હાથ, ત્રણ આંખો (ભગવાન શિવને ત્રિનેત્ર કલ્પ્યા છે) તેમજ ધડ માનવીનું અને મસ્તક પ્રાણીનું. દા.ત. વરાહ, નૃસિંહ, ગણેશ વગેરે.

કોઇકોઇ વખત મા અને તેના ઉદરમાં રહેલું બાળક બન્ને સાથે ચીતરાય છે; કોઇ વિકરાળ પ્રાણી બીજા નાના જીવને જમી ગયું હોય તો તે પણ દેખાડવામાં આવે છે; કૂવો ચીતર્યો હોય ને તેની અંદર પાણી પણ દેખાડ્યું હોય એવાં ચિત્રો યે જોવા મળે છે. આ બધાંની પાછળ ચીતરવાની વસ્તુનું, હકીકતનું જે જ્ઞાન કળાકારને હોય છે તે જ્ઞાન વડે જોઇ સમજી શકાતી (પણ, નરી આંખે સામાન્ય સ્થિતિમાં ન જોઇ શકાતી) વસ્તુઓ દેખાડવાનો કળાકાર પ્રયત્ન કરતો હોય છે.

એ ઉપરાંત, કલ્પનાના તરંગો, દિવાસ્વપ્ન કે મનના ઘોડા રજૂ કરતાં ચિત્રોની સંખ્યાનો તો પાર જ આવે તેમ નથી. આ બધી વસ્તુઓ એવી છે કે જે નરી આંખે ન દેખી શકાય, પણ છતાં આપણે તેની કલ્પના કરી શકીએ છીએ કે મનોચક્ષુથી 'જોઇ' પણ શકીએ છીએ.


ઉપર જણાવેલાં આ બધાં કારણોને લીધે આધુનિક કળામાં વિકૃતિ પામેલા પદાર્થોના આકારોવાળાં ચિત્રો જોવા મળે છે.

ઉપરાંત, તેવાં કોઇકોઇ ચિત્રોમાં એક બીજી વસ્તુ પણ ધ્યાન ખેંચે છે, કે જેમાં એકની પાછળ પડેલો બીજો પદાર્થ પણ પૂરેપૂરો દેખાડ્યો હોય છે,—ખરી રીતે તે આગળના પદાર્થથી ઢંકાઇ જતો હોય તેવી સ્થિતિમાં ગોઠવાએલો હોવા છતાં. આવાં ચિત્રોમાં એ બન્ને પદાર્થોને પૂરા, આખા, તેમજ મૂળ વ્યક્તિગત સ્વરૂપે રજૂ કરવાનો એક હેતુ તો છે જ; પણ તેમ કરવાથી જે ભાગમાં બન્ને પદાર્થ એકબીજાની ઉપર આવી જાય છે (એકબીજાને ઓવરલૅપ કરે છે) તે ભાગ, અને તે સિવાયના ભાગ, એમ નવા જ આકારો અસ્તિત્વમાં આવે છે, જે મૂળ આકારો સાથે સંબંધ ધરાવતા હોવા છતાં પોતાનું આગવું એવું નવું જ રૂપ ધરાવે છે, અને જેને પરિણામે નવી ચિત્રરચના (ડિઝાઈન) પણ અસ્તિત્વમાં આવે છે. (જુઓ કુમાર અંક ૪૨૮માં 'હબસી મુક્કાબાજ' અને આ સાથેનું પિકાસોનું ચિત્ર નં. ૮.)

હવે આપણે આ સાથે આપેલાં ચિત્રો જોઇએ. ચિત્ર નં. ૧માં કાળા કાગળના નાનામોટા ટુકડાઓ એવી રીતે બાજુબાજુમાં ગોઠવવામાં આવ્યા છે કે જેનાથી સફેદ રેખાંકન કર્યું હોવાનો આભાસ થાય છે. વસ્તુતઃ તો સફેદ રેખા જેવું દેખાય છે તે બે છૂટા ટુકડા વચ્ચેની જગ્યા છે. મૂળ ચીતરેલો (બલકે કપાએલો) ભાગ તો કાળો છે.

ચિત્ર નં. ૨માં આકૃતિ 'અ'માં આલેખેલા વાસણના આકારમાં જે જાળી (સ્ક્રીન) દેખાય છે તે જ જાળીભાત તેની બહાર પણ દેખાય છે. બીજા શબ્દોમાં મૂકીએ તો, એવી ભાતવાળા કાગળ–પશ્ચાદ્ભૂ–ઉપર કાળી રેખાથી તે વાસણ ચીતરાયું છે. વળી, જાણે તે કાચનું હોય એમ પારદર્શક લાગે છે. અથવા આકૃતિ 'ક'માં બતાવ્યું છે તેમ એવું પણ લાગે કે તે વચ્ચેથી ઉઘાડો, આરપાર નીકળી જઈ શકાય એવો પાતળા તારનો બનાવેલો આકાર છે. આકૃતિ 'બ'માં અંદર અને બહાર એક જ ભાત ન હોવાથી વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ ને ઉઠાવદાર વધુ બને છે. એવી ભાત ચિત્રમાં પૂરવામાં આવતા રંગ જેવું કામ કરી જાય છે.

ચિત્ર નં. ૩માં આકૃતિ 'અ'માં ચીતરેલું ટેબલ અને તેની ઉપર પડેલી વસ્તુઓ, તેમજ તેની પશ્ચાદ્ભૂ એ બધું, આકૃતિ 'બ'ની સરખામણીમાં, વધુ વાસ્તવિક રૂપનાં કહી શકાય. એમાં સફેદ દેખાતા વાસણના આકાર પાછળ કાળા રંગનું હાથા(હૅન્ડલ)વાળું વાસણ અર્ધું ઢંકાઇ જાય છે; અને એ જ પ્રમાણે બધા આકારો એકબીજાની આગળપાછળ ગોઠવાયા હોવાનું સ્પષ્ટ જણાય છે. આકૃતિ 'બ'માં રચના તો લગભગ 'અ' જેવી જ છે, પરંતુ તેમાં વસ્તુઓ એકબીજીની




ચિત્ર નં. ૩ अ



ચિત્ર નં. ૩ ब



ચિત્ર નં. ૮ પિકાસોનું એક ડ્રૉઇંગ




ચિત્ર નં ૪


પાછળ ઢકાઈ જવાને બદલે સોસોંની પાછળની વસ્તુઓ પણ પૂરી દેખાડવામાં આવી છે. આને લઇને એક નવી જ જાતનું આકારવૈવિધ્ય અસ્તિત્વમાં આવે છે. ઉપરાંત એ વસ્તુઓના એકબીજી સાથેના સબંધને પરિણામે મૂળ આકારોનો ખયાલ તો સાથોસાથ આવે જ છે. વળી આકૃતિ 'અ'માં રહેલી રંગરચના સહેજ જુદી રીતે વાપરી છે; (જો કે અહીં તો મૂળ રંગોને બદલે એક જ રગ-કાળો જ રંગ પ્રતીક તરીકે વાપરી શકાયો છે) કારણ કે ચિત્ર એ ભલે કોઈ ખરી વસ્તુઓનાં દૃશ્ય તત્ત્વોની ચિત્રમય રજૂઆત (pictorial representation of visual elements of nature) હોય કે કળાકારના કોઈ મનશ્ચિત્રનું પ્રતિબિંબ હોય, એમ છતાં તે પોતાનું ચિત્ર તરીકેનું આગવું (individual) સ્વરૂપ તો ધરાવે જ છે. ચિત્રકારનું કામ તેની બહારની હદરેખા (ચોરસ-લંબચોરસ વગેરે જે હોય તે)ની અંદર બધી રચના-સંયોજન કરવાનું છે. તેમાં આકારોને લીધે રોકાતી જગ્યા તેને મન જેટલી અગત્યના છે તેટલી જ અગત્યની તે સિવાયની વધેલી જગ્યા પણ છે. તેથી ચિત્રકાર એ બંનેનો સામટો વિચાર કરીને જ ચિત્રનું આયોજન કરે છે, અને તો જ સારું આયોજન થઈ શકે.

આપણે જોયું કે રેખા એ માનવ-શોધિત છે. આથી જેમને એ મતમાં શ્રદ્ધા છે તેવા, અથવા તો જેઓ રેખાનું સૌન્દર્ય અનુભવી શકે છે તેવા કળાકારો રેખાનું અસ્તિત્વ જળવાઇ રહે તેવું ઇચ્છે એ સ્વાભાવિક છે. ચિત્ર નં. ૪માં ચિત્ર નં. ૩ની આકૃતિ 'બ'નો જ એક ભાગ મોટો કરી દેખાડચો છે. તેમાં આકૃતિ 'અ'માં જે રેખાથી બનેલો આકાર છે તે પણ દેખાય છે, તેમજ રેખા પણ દેખાય છે. આકૃતિ 'બ'માં આકાર તો એનો એ જ રહે છે પરંતુ રેખા દેખાતી નથી. આથી રેખા, આકાર અને તેનો રંગ એકીસાથે દેખાડવાનો રસ્તો આકૃતિ 'ક'માં અજમાવ્યો છે. પરંતુ અહીં એકધારાપણાનો (મૉનૉટનીનો) કોયડો ઊભો થાય છે. રેખાથી થતો આકાર અને રંગથી દેખાતો આકાર બંને અહીં સરખા જ (માપના ફેર સિવાય) છે. તેમ જ બહારની રેખા અને અંદરના કાળા આકાર વચ્ચે ખાલી રહી જતો સફેદ ભાગ (જે સહેજ સફેદ જાડી રેખા હોય તેવો જ દેખાય છે તે) પણ એકસરખો જ, સમાંતર વહી જાય છે. ઉપરાંત, મૂળ આકારમાં ખૂણાખાંચા બહુ છે, જે આંખને વાગે છે, આઘાત પમાડે છે તે પણ 'ક'માં એકને બદલે બે વખત દેખાય છે, બેવડાય છે. પરંતુ આકૃતિ 'ડ'માં એ બધા પ્રશ્નોનો સામટો નિવેડો લાવવાનો પ્રયત્ન થયો છે: અંદરનો કાળો આકાર આકૃતિ 'ક'ના અંદરના કાળા આકાર કરતાં વધારે 'નમણો' લાગે છે, તેમજ તે આકાર બહારની રેખાની સરખામણીમાં વધારે ક્ષેત્રફળ ધરાવે છે તેથી વધારે ધ્યાન ખેંચે છે, અને તેને લઇને બહારનો આંખને 'અળખામણો' લાગતો આકાર જાણે કે ઢંકાઇ જાય છે. ચિત્રને વધારે નયનરંજક બનાવવાની આ પદ્ધતિનો—તરકીબનો ઉપયોગ ઘણા ચિત્રકારોએ કર્યો છે અને કરે છે. આ સાથે તેના થોડા નમૂના છાપ્યા છે. પણ તેમાં માત્ર એક આ જ વસ્તુ છે એવું માની લેવાની ભૂલ ન થઈ બેસે તે જોવું.

ચિંત્ર નં. ૫ થી ૭ એ વિવિધ શિલ્પો ઉપરથી કરાએલાં રેખાંકનો છે, પણ અહીં વિકૃતીકરણ કરવાનો હેતુ બદલાયો નથી.


ચિત્ર ૮ એ પિકાસોનું ડ્રૉઇંગ છે. ચિત્ર ૯માં ઑસ્ટ્રેલિયાના આદિવાસી બુશમૅનનું કરેલું રેખાંકન છે. તેમાં એક આદિવાસી એક ભૂતની પાછળ પડેલો બતાવ્યો છે, જેમાં આદિવાસીએ ફેંકેલું ભાલું પોતાનું નિશાન ચૂકી ગયું છે. વળી નાસતા ભૂતના પેટમાં માણસો કે બાળકો દેખાડચાં છે જેન તે ભરખી ગયો હોવો જોઇએ.

ચિત્ર નં. ૧૦ (જુઓ આ લેખના મથાળે): એક વખત રસ્તા પર અવાજ સંભળાયો હતો: 'એ બાપા! આ પેટમાં છોકરું છે એની ઉપર તો દયા કરો માબાપ!' આ છે ચિત્રની સ્ફુરણાનું મૂળ. આ ચિત્ર જોઇને જોનારના મન પર શી અસર થશે એ કહેવું મુશ્કેલ છે. તેને એમ પણ લાગે કે ભિખારીની સંસ્થા સામે—પેઢી દર પેઢી ઊતરી આવતી એ અનિષ્ટ પ્રથા સામે કટાક્ષ કરવાનો કે લાલબત્તી ધરવાનો પ્રયત્ન કળાકારે કર્યો છે; કોઈ કદાચ એમ પણ માની બેસે કે કોઈ એકાદા વાદ યા રાજકીય પક્ષનો પ્રચાર કે સમર્થન કરવાનો હેતુ આની પાછળ છુપાયો હોવો જોઇએ; તો કોઇને વળી એમ લાગશે કે આનો ચિત્રકાર કોઈ તદ્દન શ્રદ્ધાવિહીન વાંકદેખો ('સિનિક') હોવો જોઇએ, કે જેણે માત્ર સમાજની અંધારી બાજુ જ જોઈ છે અને તેથી તેને સમગ્ર સમાજ કે દુનિયા દુષ્ટ લાગે છે, જીરવવાં અકારાં થઈ પડચાં છે.



રાજકુમારીનો ઉદ્યાનસમારંભ: ચિત્રકાર મીરો

આમાંનું કોઈ કારણ હોય કે ન હોય એ બહુ અગત્યનું નથી. કળાકાર આ સમાજમાં જ રહે છે એટલે તેના પર બધાં જ દુન્યવી બળોની સારી-માઠી અસર તો થવાની જ; અને તેથી પરિણમતી પ્રતિક્રિયા reactions તેની કળામાં જણાયા વિના ન રહે તે પણ સમજી શકાય એવું છે. પણ છતાં કળાકાર તેમાં ઉપયોગ તો રેખાઓનો, આકારનો અને તેની રચનાનો જ કરે છે—આપણે આ પહેલાં જોઈ વિચારી ગયા તે રીતે જ. ઉપરાંત એક વસ્તુ ઉમેરાઈ છે: જેમ દેવદેવીની પાછળ પ્રકાશ-વર્તુલ કે રાજાની ઉપર છત્ર એક પ્રકારનો અર્થ કે અગત્ય વધારે છે તેમ જ આ રેખાંકનમાં વપરાએલા કાળા આકારો મોઢું, હાથ, સ્તન, પેટમાંનું બાળક તેને સ્પષ્ટ દેખાડવામાં મદદરૂપ થાય છે.



શુદ્ધ 'થાઇ' સ્થાપત્ય તથા પશ્ચિમી ઇજનેરી કળાનો જેમાં સુયોગ સધાયો છે એવું, ઇટાલીના આરસમાંથી બંધાવેલું થાઇલૅન્ડના પ્રતાપી મહારાજા ચૂલોલંકોર્ણે (ચૂલ અલંકરણે) બંધાવેલું મંદિર 'વાટ બેન્ચમ બો પિત્ર' (વાટ-પંચમ ભૂપિતૃ)

# મંદિરોનું નગર બૅંગકૉક

## **શ્રી નવનીત પારેખની** પૂર્વીય પ્રદેશોની પ્રાસાદિક પ્રવાસમાળા **અગસ્ત્યને પગલે-૩૧**

**વાટ-ફ્રા-કેઓમાં** નીલમ-બુદ્ધનાં દર્શન કરીને અમે મંદિરના પ્રાંગણમાં આવ્યાં. મંદિરમાં પ્રવેશવાનાં પગથિયાંના કઠેડા તરીકે લાક્ષણિક થાઈ શૈલીના 'નાગ' કંડારેલા હતા અને તેની બંને બાજુએ, હાથ જોડીને ઊભેલા, ઉપરથી માનવ તથા કેડ નીચેથી સિંહના આકારના દ્વારપાલો પહેરો ભરતા હતા. થાઈ લોકો તેમને કહે છે પણ 'નરસિંહ' જ. અહરના 'બોટ'ના પ્રવેશદ્વાર પર થાઈ શિલ્પ અનુસાર ઢાળેલા કાંસાના બે મોટા સિંહ ગોઠવેલા હતા. ખમેર (કંબોડિયન) શિલ્પ-સ્થાપત્યમાં તો નાગ–આકારના કઠેડા ઠેરઠેર જોવા મળે છે.

વાટ-ફ્રા-કેઓની લગોલગ થાઇલૅન્ડના મહારાજાનો રાજમહેલ આવેલો છે. તેમા મુખ્ય ત્રણ ભવન છે: 'દૂષિત-મહા-પ્રાસાદ', 'અમરીન્દ્ર-વિનિમય હૉલ' તથા 'ચક્રી-મહેલ'. દૂષિત-મહા પ્રાસાદ સિયામના રાજા રામ પહેલાએ અઢારમા સૈકામાં બંધાવેલો,—જ્યારે તેમણે ક્રુંગથેબ (બૅંગકૉક)માં રાજધાની સ્થાપી હતી. તેને 'દૂષિત' નામ કેમ આપ્યુ હતું તે શ્રા પ્રસિદ્ધ પણ સમજાવી ન શકયા. તેનો પાછલો વિભાગ 'વિમાન-રાત્ય-હૉલ' મહારાજાના વસવાટ માટે વપરાય છે. અમરીન્દ્ર (અમર-ઇંદ્ર) વિનિમય પણ રાજા રામ પહેલાએ બંધાવેલો. તેની મધ્યમાં 'વૈશાલ-દક્ષિણ' નામનું ભવ્ય સભાગૃહ આવેલું છે જ્યાં થાઇ નૃપતિનો રાજ્યાભિષેક કરવામાં આવે છે. ચક્રી મહેલ પાછળથી બંધાએલો છે અને તેનું તો કેવળ છાપરું જ લાક્ષણિક થાઈ શૈલીનું છે, બાકીનો બધો ભાગ ઇટાલીઅન 'રીનેઝાં' શૈલીનો છે ને આખું ભવન જાણે 'ગધેડા પર અંબાડી' ગોઠવી હોય એવું અડવું લાગે છે. આપણા મુંબાઈમાં પણ ચર્ચગેટ-બોરીબંદરનાં રેલવે-સ્ટેશનો, ને જૂના સેક્રેટરીએટ જેવાં ગૉથિક-ઇસ્લામી-હિંદુ શૈલીઓના ખીચડા જેવાં વર્ણ-સંકર કદરૂપાં મકાનો કયાં નથી? એશિયા-આફ્રિકામાં ઘણે સ્થળે જોવા મળતાં આવાં બેડોળ મકાનો દોઢસો-બસો વર્ષના યુરોપી વર્ચસ્વ નીચેની આપણી સાંસ્કૃતિક અવદશાનાં પ્રતીક છે.

**રા**જમહેલ જોઈ વળીને અમે 'વાટ-ફ્રા-જેતુબોન' પર આવ્યાં. ભગવાન બુદ્ધના જીવન-ચરિત્રમાં આવતા, શ્રાવસ્તિ-નગરના અનાથપિંડકે ભેટ ધરેલા, 'જેતવન' ઉપરથી આ મંદિરનું નામ પડયું છે. તે 'વાટ-બો' (પો) તરીકે વધારે જાણીતું છે. (જુઓ ત્રિરંગી ચિત્ર) લદાબહેન પાસેથી જાણવા મળ્યું કે બૅંગકૉકના સમગ્ર વિસ્તારનો લગભગ પાંચમો ભાગ કેવળ મંદિરોથી જ છવાએલો છે અને શહેરમાં બધાં મળીને આશરે ચારસો મંદિરો તો હશે જ. આ સંખ્યા સાંભળીને બૅંગકૉકનાં ઘણાંખરાં મંદિરો જોઈ વળવાની મારી મહેચ્છા ભોંય ભેગી થઈ ગઈ.

વાટ-ફ્રા-જેતવન (વાટ-પો) કદાચ આખા થાઈલૅન્ડમાં સૌથી મોટું મંદિર હશે. તેનો વિસ્તાર જ લગભગ વીસ એકરનો છે! વિસ્તારમાં તેને આપણા મદુરાના મીનાક્ષી-સુંદરમ્ મંદિર સાથે સરખાવી શકાય,– જોકે શિલ્પ કે સ્થાપત્યમાં તો નહિ જ. આ વાટનું પૂરું તથા વૈધિક નામ છે 'વાટ–ફ્રા–જેતવન વિમલમંગલારામ રાજવરમહાવિહાર'. ઇતિહાસવિદો કહે છે કે સિયામની રાજધાની અયોધ્યાથી ક્રુંગથેપ (બૅંગકૉક) આવી તેની યે અગાઉ અહીં એક પુરાણો વિહાર હતો. તેને લોકો 'પો-ધર્મ' વિહાર કહેતા, જે ઉપરથી આજે પણ તેનું લોકપ્રિય નામ 'વાટ પો' (પો) છે. અઢારમી સદીમાં મહારાજા રામાધિપતિએ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને ઉત્તર સિયામમાંથી એક હજારથી પણ વધારે બૌદ્ધ મૂર્તિઓ આણીને અહીં પ્રતિષ્ઠાપિત કરી. તે પછી ૧૯મી સદીમાં રાજા દિવાકરવંશે તેનો પુનરુદ્ધાર કર્યો. મૂળે આ વિહારને બૌદ્ધ ધર્મની એક મહા વિદ્યાપીઠ બનાવવાનો ઇરાદો હતો. કદાચ એક કાળે તે નાલંદા કે તક્ષશિલા જેવું ભવ્ય વિદ્યા-ક્ષેત્ર રહ્યું પણ હોય. આજે પણ અહીં બૌદ્ધ ભિખ્ખુઓને રહેવાની અસંખ્ય 'શાળા' જોવા મળે છે. આ બધી શાળાઓની દીવાલો પર અતિ સુંદર, રંગીન ભિત્તિચિત્રો હતાં, પણ બેદરકારી ને ઉપેક્ષામાં તે બધાં પર સફેદાનો કૂચડો ફરી વળ્યો છે!

બીજા અગત્યના અવશેષો છે તે અંદરના 'બોટ'(મંદિર)ની બહારની દીવાલ પરની અસંખ્ય શિલ્પશિલાઓ. આરસપહાણની આ તકતીઓ બસોથી પણ વધારે હશે. પુરાતત્ત્વજ્ઞો જણાવે છે કે અયોધ્યા નગરીના વિનાશ પછી ત્યાંનાં મંદિરોમાંથી બચેલી આ બધી શિલ્પશિલાઓને પાછળથી નવી રાજધાની ક્રુંગથેપમાં લાવીને ગોઠવી હતી. આ તકતીઓ શુદ્ધ થાઈ શૈલીમાં કંડારેલી છે અને તે બધી પ્રલંબ-શિલ્પ (bas-relief—બા રિલીફ)માં 'રામાકિયાન'(રામાખ્યાન, રામાયણ)-ના જ પ્રસંગો વર્ણવે છે. એક સુરેખ તકતીમાં 'ધસાકન' (દશાનન-રાવણ) હનુમાનજીની પૂંછડી સળગાવતો નજરે પડ્યો, જે વડે જ પછીથી તેમણે લંકા-દહન કર્યું હતું. આ ઉત્કૃષ્ટ કલાસમૃદ્ધિ પથ્થરમાં વસી હોવાને કારણે વિનાશમાંથી ઊગરી ગઈ છે ને આપણને અયોધ્યા-કાલીન થાઈ કલાવૈભવનો ખાસ્સો પરિચય આપે છે.

'વાટ-પો'ની ભમતીમાં ભગવાન બુદ્ધની પદ્માસન વાળેલી અસંખ્ય મૂર્તિઓની હાર છે; પરંતુ આ આખા યે તીર્થક્ષેત્રનું મુખ્ય આકર્ષણ તો



મંદિરના પ્રાંગણમાં બંને બાજુએ હાથ જોડી ઊભેલા, ઉપરથી માનવ ને નીચેથી સિંહ આકારના દ્વારપાલો જેને થાઈ લોકો 'નરસિંહ' જ કહે છે.


તેનું નિર્વાણ-બુદ્ધનું મંદિર છે. મહાપરિનિર્વાણ પામતી વેળાએ પડખું વાળીને સૂતેલા તથાગત બુદ્ધની વિરાટ પ્રતિમા આ મંદિરમાં આવેલી છે. ઈંટ તથા ચૂનાની બનાવેલી આ મહાકાય પ્રતિમા આશરે દોઢસો ફીટ લાંબી છે અને તે શ્રી ભૂમીન્દ્રભક્તિ નામના વિખ્યાત કલાકારે બનાવી હોવાનું મનાય છે. મૂર્તિનાં ચરણ (પગનાં તળિયાં) જ સત્તર ફીટ લાંબાં છે, અને તે પર ૧૦૮ ચરણ-ચિહ્નો છીપમાં અંકિત કરીને જડેલાં છે. થાઈલૅન્ડમાં પણ ૧૦૮ શુભ–પવિત્ર સંખ્યા મનાય છે. વિદેશી લોકો 'વાટ-પો'ને 'સૂતેલા બુદ્ધનું મંદિર' પણ કહે છે.

વાટ-પોના 'બોટ'ની મુખ્ય મૂર્તિ થોનબુરિ (ધન-પુરિ)ના 'વાટ-ગુહા-સ્વર્ગ' મંદિરમાં આણવામાં આવી છે. પ્રસિદ્ધભાઈએ સમજાવ્યું કે 'બોટ' શબ્દ પાલીભાષાના 'ઉપોસાથ' શબ્દમાંથી નિષ્પન્ન થયો છે.


વાટ-પો પરથી પ્રસિદ્ધ તથા લદાબહેન મને વાટ–સુતાત પર લઈ આવ્યાં. અહીંના મંદિરનો મુખ્ય ખંડ બોતેર ફીટ લાંબો છે ને અંદર ભગવાન બુદ્ધના માહાત્મ્યનો જ જાણે કે ખ્યાલ આપવા માટે એક ભવ્ય વિરાટ પદ્માસન વાળેલી મૂર્તિ પ્રતિષ્ઠાપિત કરેલી છે. મૂર્તિ નીચેના ઊંચા આસનને બાદ કરતાં પણ તેની ઊંચાઈ આશરે ત્રીસ ફીટ [illegible] છે અને બુદ્ધની પલાંઠીની પહોળાઇ ત્રેવીસ ફીટની છે! આ મહાકાય મૂર્તિ સુખોદય નગરથી નદીમાર્ગે અહીં આણવામાં આવી હતી. આ મૂર્તિને 'ફ્રા શ્રી શાક્યમુનિ' કહે છે અને મંદિરનું વૈધિક નામ 'વાટ સુધાસન (શુદ્ધાસન કે સિદ્ધાસન) દેવ વરમ્' છે. મંદિરના બીજા ભવનમાં બીજી એક ભવ્ય બુદ્ધ–પ્રતિમા છે જેને 'ફ્રા-ત્રિલોકાચેત' કહે છે, અને તેની સમીપમાં શિષ્યવૃન્દની માનવ-કદની બીજી એંશી મૂર્તિઓ છે.

અહીં પાસે જ એક અત્યંત નોંધપાત્ર સ્થાન છે જેનાં ઇતિહાસ તથા પ્રણાલિકાથી પરદેશી પ્રવાસીઓ તેમજ ભારતીય યાત્રીઓ પણ અજાણ્યા રહ્યા છે. તે છે અહીંનો વિરાટ ઝૂલો. બૅંગકૉક શહેરની મધ્યમા અને વાટ-સુતાતની સામે જ આ આશરે સિત્તેર ફીટ ઊંચો હીંચકો આવેલો છે. તેના બે ઉત્તુંગ સ્તંભ મજબૂત સાગના લાકડાના બનાવેલા છે. અસલ તો અહીં દર વર્ષે હેમન્ત ઋતુમાં મોટો 'હિંદોલ–ઉત્સવ' થતો, પરંતુ હવે છેલ્લાં થોડા વર્ષોથી તે વિસારે પડ્યો છે. આ હિંદોલ-ઉત્સવ (Swing Festival) શુદ્ધ બ્રાહ્મણવિધિથી થતો. આપણી દશેરાની સવારી જેવો તેનો ઠાઠ હતો. તેનો વિધિ ભારતથી આવીને વંશપરંપરાગત સ્થાયી થએલા 'બ્રાહ્મણો' જ કરતા. ઉત્સવને દિને મહારાજાના પ્રતિનિધિ મોટી સવારી કાઢીને રાજમહેલથી આ સ્થળે આવતા. સવારીમા પાયદળ, હયદળ તથા હાથી અને નિશાન ડંકા પણ રહેતાં. લાખો લોકો ઉત્સવઘેલા બનીને અહીં એકત્ર થતા. રાજસવારી ઊતર્યા પછી ત્રણેક બ્રાહ્મણ પુરોહિતો મંત્રોચ્ચાર વડે બ્રહ્મા, વિષ્ણુ તથા શિવનું આહ્‌વાન કરતા અને સંપૂર્ણ પૂજાવિધિ કર્યા બાદ આ જંગી હીંચકા પર ચડતા. ધીમેધીમે હીંચકાના વેગ વધારતા વધારતા તેઓ લગભગ કાટખૂણે થઈ જાય એટલા ઊંચા હિંચોળા લેતા. આ ઝૂલાથી કાઇક દૂર, એક ઊંચા વાસ ઉપર સુવર્ણમુદ્રાઓ ભરેલી થેલી મહારાજા તરફથી લટકાવવામાં આવતી. હિંચોળા લેતા બ્રાહ્મણો છેવટે આ વાસની ટોચ સુધી પહોંચતા ને તેમાંનો એક બ્રાહ્મણ આ થેલીને પોતાના મો વડે ઉપાડી લેતો ત્યારે જ આ હિંદોલ–વિધિ પૂરો થયો ગણાતો. અંતમાં આ બ્રાહ્મણો હીંચકા પર ઊભાઊભા જ, નીચે ઊભેલા મહારાજા તથા લોકમેદની પર ગાયના શીંગડામાં ભરી રાખેલું પવિત્ર જળ છાંટીને આશીર્વાદ આપતા. આ ઝૂલા પાસેના પ્રાચીન વિષ્ણુ-મંદિરમાં આજે પણ વંશપરંપરાગત બ્રાહ્મણો સફેદ ધોતિયું પહેરીને પ્રસંગોપાત્ત પૂજા કરવા આવે છે અને મસ્તકે લાંબી શિખા ધારણ કરે છે.

હવે અમે બૅંગકૉકના સૌથી સુંદર મંદિર, 'વાટ–બેન્ચમ બોપિત્ર' પર



થાઈ સ્થાપત્યશૈલી તથા શિલ્પ-અલંકરણની પ્રચુરતાનો ખયાલ આપતું એક પ્રાચીન સ્ટીલ એન્ગ્રેવિંગ
બૅંગકૉકમાં વાટ-ચિંગનું મંદિર



સિયામના સૌથી મોટા મંદિર 'વાટ-ફ્રા-જેતવન' (જુઓ આ અંકમાં રંગીન ચિત્ર)ની બહારની ભીંત પર આરસપહાણની બસો જેટલી તકતીઓ પર કંડારેલી રામાયણકથા 'રામાકિયાન'(રામાખ્યાન)માંનું 'શુદ્ધ થાઈ શૈલી'ના 'બા-રીલીફ' અર્ધ ઊપસેલા શિલ્પનું રેખાંકન જેમાં હનુમાનની પૂંછડી સળગાવતો 'થસાકન'(દશાનન-રાવણ) નજરે પડે છે.

આવ્યાં. આ મંદિર થાઈલૅન્ડના પ્રતાપી મહારાજા ચૂલાલોંકોર્ણે (ચૂલ-અલંકરણે) બંધાવ્યું હતું અને તે ઘણું પ્રાચીન નથી. મહારાજા ચૂલાલંકરણ હાલના રાજ્યવંશના પાંચમા સમ્રાટ હતા, તેથી આ મંદિરનું નામ પાડયું હતું 'વાટ-પંચમ-ભૂપિતૃ', જે પરથી હાલ બોલાતું નામ (બેન્ચમ બો પિત્ર) અપભ્રંશ થએલું છે. શ્રી પ્રસિદ્ધે જણાવ્યું કે 'ભાષા-થાઇ' મૂળ સંસ્કૃતમાંથી જ ઊતરી આવી છે અને આજે પણ ઘણાખરા થાઈ શબ્દો તથા નામો સંસ્કૃત તથા પાલીમાંથી અપભ્રંશ થએલાં છે. તેની સાબિતી તરીકે થાઈ લોકોનાં નામ તેમણે ગણાવ્યાં : છત્ર-શ્રીઆનંદ, અમાત્યકુલ, મણિરત્ન, ઇંદ્ર-કમલ-સુત, રત્ન-પ્રસિદ્ધ, નરપતિ, શ્રીસુવરાનંદ, સુવર્ણફલ, ચુલકેશી, કાંચનવાત, ચક્રાયુધ, ઇંદ્રબંધુ, રવિવર્ણ, શ્રીખંડ, આત્માનંદ, બ્રહ્મ-માનવ, શુભમાર્ગ, સિંધુ, સોમશક્તિ, ચંદ્રશ્રીસૂર્યવંશી, રવિભાણુ-પરમવીર, રાજધર્મ, પરમબલ-પુણ્યપ્રસવ, નીલવર્ણાનન્દ, ઇંદ્રવંશી, ચંદ્રવંશી, શશિપુત્ર, વિવર્ણ-સુખવિદ્યા, ભક્તિવંશી, ત્રિરત્ન, યુદ્ધશાસ્ત્રકુશલ, અભયવંશી, શ્વેતજાત, ચારુપુત્ર, સુદેવ-સચ્ચકુલ, નવરત્ન, શ્રીપત્ર, ઉદયાંકુર, ઇંદ્ર-મંત્રી વગેરે વગેરે. થાઈલૅન્ડના હાલના પ્રધાન મંત્રીનું નામ શ્રી સરિત્-ધનરાજન છે, જ્યારે તેમની અગાઉ માર્શલ પીબુલ (વિપુલ) સંગ્રામ ઘણાં વર્ષો સુધી સર-મુખત્યાર રહ્યા હતા. હાલના મહારાજાનું નામ ભૂમિબોલ (ભૂમિપાલ) છે જ્યારે તે પહેલાંના મહારાજા આનંદ-મહિડોલ હતા અને તેમની પહેલાંના રાજા પ્રજાધિપક હતા.

થાઇલૅન્ડના રાજદ્વારી પક્ષોનાં નામ પણ નોંધપાત્ર છે:'પ્રજાધિપત' (લોકશાહી પક્ષ), 'કામકરણ' (કામદાર, મજૂર પક્ષ), 'સંયમ-નિયમ' (સમાજવાદી), 'સહ-બંધ-ક્ષેત્ર' (ખેડૂતસંઘ), 'પ્રજાજન' (લોકપક્ષ), 'શ્રી આર્ય-મૈત્રેય' (ભૂ-સ્વર્ગ પક્ષ) વગેરે. થાઈભાષામાં વિમાનને 'આકાશયાન', મોટરને 'રથ' તથા બાઈસિકલને 'દ્વિચક્ર' કહે છે.


પણ આપણે તો હજી વાટ-પંચમ-ભૂપિતૃના પ્રવેશદ્વારે ઊભા છીએ. નવા બંધાએલા આ મંદિરમાં શુદ્ધ થાઇ સ્થાપત્ય તેમજ આધુનિક ઇજનેરીકળાનો સુયોગ સધાયો છે. તેમાં ઇટાલીથી મંગાવેલો આરસ ઘણો વપરાયો છે તેથી તે આરસના મંદિરને નામે પણ વિખ્યાત છે. સિયામનાં બધાં મંદિરોમાં આ સૌથી સારી હાલતમાં છે. મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર કંબોજી શૈલીના નાગ આકારનું છે, જ્યારે પ્રાંગણમાંનાં બે નાનાં ભવન જાવી સ્થાપત્યશૈલીમાં બંધાયાં છે. મંદિરની મુખ્ય બુદ્ધ-મૂર્તિ અત્યંત સુરેખ લાગી અને અંદરની બધી ગોઠવણી પણ ઊંચી અભિરુચિ દર્શાવતી હતી. ખંડમાંની શાંતિ તથા સુઘડતા એટલી તો અદ્‌ભુત હતી કે અમે જાણ્યેઅજાણ્યે જ મદારીના નાગ પેઠે આકર્ષાઇને થોડી પળો માટે ધ્યાનસ્થ બની થંભી જ ગયાં. સૌથી નોંધપાત્ર તો આ મંદિરની પાછળની ભમતીમાં ગોઠવેલી અસંખ્ય બૌદ્ધ મૂર્તિઓ છે. સિયામ ઉપરાંત ભારત, લંકા, કંબોજ, બ્રહ્મદેશ વગેરે દેશોમાંથી આણેલી અત્યંત મનોહર મૂર્તિઓનું આ એક નાનકડું સંગ્રહ-સ્થાન જ હતું. આટલી સુંદર તથા આટલી બધી બૌદ્ધ મૂર્તિઓ એક-સામટી કદી પણ જોયાનું મને સ્મરણ નથી.

બૅંગકૉક તો મંદિરોની જ નગરી છે. ગણ્યાં ગણાય નહિ એટલાં ત્યાંનાં મંદિરોમાંથી બહુ જાણીતાં મંદિરોનો નામમાત્રથી જ ઉલ્લેખ કરીશું: વાટ-રાજાબોપિત, વાટ-સાકેત, ફૂ-ખાઓ-થોંગ (ગોલ્ડન માઉન્ટ), વાટ-બોવોર્નિવેશ, વાટ-ઇંદ્રવિહાર (ઊભેલા બુદ્ધની મહાકાય મૂર્તિ) તથા વાટ-પ્રયૂરવોંગ.

સાંજ પડયે શ્રી પ્રસિદ્ધ તથા લદ્દાબહેન મને 'લુંબિની-પાર્ક' પર લઇ આવ્યાં. નેપાળમાં આવેલા ભગવાન બુદ્ધના જન્મ-સ્થાન લુંબિની પરથી આ બાગનું નામ પાડયું છે. શહેરના ઘણા લોકો સાંજે અહીં ફરવા આવે છે. રાત્રે જમીને અમે શે-ઈવ (chez-eve) નામની નાઇટ ક્લબ પર ગયાં. લદ્દાબહેનની બે શિષ્યાઓ ત્યાં થાઈ શાસ્ત્રીય નૃત્યો કરવાની હતી. નૃત્યો લલિત તથા રોચક હતાં. દ્રષ્ટાઓમાં તો મુખ્યત્વે અમેરિકન પ્રવાસી હતાં.

વળતી સવારે બૅંગકૉકની એક નવી જ બાજુ જોવા મળી. 'તરતા બજાર' નામે ઓળખાતો આ વિભાગ 'તરતું બૅંગકૉક' કહી શકાય. આપણા ઉત્તરના શ્રીનગર, દક્ષિણના અલેપ્પી તથા યુરોપના વેનિસ શહેર જેવો આ અલગ વિસ્તાર એક નાના શહેર જેટલો વિસ્તૃત છે. ચાઓ-ફ્યા નદી (મેનામ)ની અસંખ્ય નહેરો પર આ ગામ વસ્યું છે. (નહેરને અહીં 'ક્લૉંગ' કહે છે) અને તેની બંને બાજુએ લાકડાના થાંભલા પર બાંધેલાં ઘર, દુકાનો, નાનાં કારખાનાં તેમજ નિશાળો આવેલાં છે. મુખ્ય નહેરને 'ક્લૉંગ-મહાનાગ' કહે છે. નદી પર આવેલી બૅંગકૉકની ઓરીએન્ટલ હૉટેલ પરથી એક સ્ટીમ-લૉંચમાં અમે નીકળ્યાં. નદીમાં કેટલાં યે મોટાં વહાણો તથા નાની સ્ટીમરો આવજા કરતાં હતાં, જ્યારે આગળ ક્લૉંગમાં અસંખ્ય નાની-મોટી હોડીઓનો બેશુમાર વ્યવહાર હતો. વહેલી સવારે ઘણા લોકો નદીમાં નહાતાં-ધોતાં હતાં, તો ઘણાં વળી ઘરની ઓસરી પર બેસીને કામ કરતાં હતાં. કિશોર વિદ્યાર્થીઓ ગળે દફતર લટકાવીને નાવમાં શાળાએ જતા હતા, તો વળી કોઈ હોડીમાં પીતાંબરધારી ભિક્ષુ 'વાટ' પર જઈ રહ્યા હતા. ઘણીખરી નાવ તો તરતી દુકાનો જ હતી. તેમાં શાકભાજી, માછલી, ફળફળાદિ, વાસણકૂસણ, કાપડ તથા અનાજ-કરિયાણું વેચાતાં હતાં. લોકો ઘેર બેઠાં આ નાવિક ફેરિયાઓ પાસેથી રોજિંદી ચીજવસ્તુઓ ભાવ ચકાસીને ખરીદી રહ્યા હતા. ક્લૉંગમાં વળી તરતી રેસ્ટોરાં પણ

હતી, જેમાં ગોઠવેલા નાના બંબામાંથી ઊક-ળતી ચા-કૉફીની વરાળ ઘરાકોને આકર્ષતી હતી. અમે લૉંચમાં જઈ રહ્યા હતા ત્યારે ઘરની ઓસરી તથા બારીમાંથી કેટલાં યે બાળકો સસ્મિત વદને હાથ હલાવી હલાવીને અમને 'ટા-ટા' કરી રહ્યાં હતાં. અમે પણ પ્રેમપૂર્વક સામા 'આવજો' કરતાં. કાશ્મીરના ડુંગાની જેમ કેટલાક લોકો મોટી નાવમાં જ ઘર બાંધીને રહેતા નજરે પડ્યા. પૂરા અઢી કલાક આ તરતા-બૅંગકૉકમાં ઘૂમીને અમે મેનામને પશ્ચિમ કાંઠે આવેલા વાટ-અરુણ પર આવ્યાં.



બૅંગકૉકના સૌથી સુંદર, સુઘડ ને સારી હાલતમાં રહેલા મંદિર વાટ બેંચમ બો પિત્ર (જુઓ આ લેખના મથાળાનું ચિત્ર)ની આરસમાં કંડારેલી કમાન : થાઈ શિલ્પનો નમૂનો

વાટ-અરુણના નામકરણ અંગે તો આગળ ઉલ્લેખ કર્યો જ છે. આ ભવ્ય મંદિરનો મુખ્ય, ગગનસ્પર્શી, સૂચ્યાકાર સ્તૂપ (ફ્રા-પ્રાંગ) લગભગ અઢીસો ફીટ ઊંચો છે અને આખા બૅંગ-કૉક-નગરનું તે સૌથી નયનહારી સીમાચિહ્ન છે. સ્તૂપની સમચોરસ તળેટીને ચારે ખૂણે એકેક ઉપ-પ્રાંગ ઊભુ કર્યું છે. કંબોજના અંકોર-વાટ મંદિરના મુખ્ય શિખરને ચારે ખૂણે જેમ નાનાં બીજાં શિખરો મૂક્યાં છે ને આપણા તાજમહાલને પણ ચારે ખૂણે એકેક નાજુક મિનારો ગોઠવ્યો છે, તેમ આ ચાર લઘુ-સ્તૂપો સમગ્ર દૃશ્યની સમતુલા સુંદર રીતે જાળવે છે ને મુખ્ય પ્રાંગની શોભામાં ઉમેરો કરે છે.

મુખ્ય પ્રાંગની ચાર બાજુએ એકેક મોટો ગોખલો બનાવ્યો છે જે દરેકમાં દેવરાજ ઇંદ્ર સફેદ હાથી (ઐરાવત) ઉપર આરૂઢ થએલા દેખાય છે. મંદિરના પ્રાંગણમાં ચાર નાનાં મંદિરો આવેલાં છે જેમાં સ્થાપેલી બુદ્ધની મૂર્તિઓ તથાગતના જીવનના ચાર મુખ્ય પ્રસંગો (જન્મ, બોધિપ્રાપ્તિ, મારવિજય તથા નિર્વાણ) દર્શાવે છે. અહીં બીજાં નવ નાનાં પ્રાંગ ઊભાં કરેલાં છે જે નવ ગ્રહનાં પ્રતીક છે. આ બધાં પ્રાંગ તથા મંદિરો પર થાઇ રીતપ્રમાણે ચીનાઈમાટીની રંગીન કપચી તો જડેલી ખરી જ! મુખ્ય પ્રાંગ પર અરધે સુધી ચડી શકાય છે ત્યાં સુધી અમે ગયાં. ઊંચેથી મળેલું વ્યાપક દૃશ્ય અદ્‌ભુત, અપૂર્વ હતું. સૌથી નજદીક તો વાટ-અરુણનાં નાનાં પ્રાંગ તથા મંદિરો હતાં. ત્યાંથી શરૂ થઇને એક બાજુએ છેક ક્ષિતિજ સુધી લંબાતી સિયામની માતા મેનામ-ચાઓ-ફ્યા ધીરગંભીર પ્રવાહે પોતાના પતિ સાગર-દેવને મળવા ગજગામિની ચાલે દક્ષિણ તરફ વહી રહી હતી. તેના ઉર પર તેનાં અસંખ્ય બાળકો નાની-મોટી નૌકાઓમાં મુક્ત મને વિહાર કરી રહ્યાં હતાં. પ્રાચી દિશામાં રવિદેવતા ધીરેથી ઊંચે આવી રહ્યા હતા. તેમના સારથિ અરુણનું અમારા વાટ-અરુણે અભિવાદન કર્યું અને તેની ખુશાલીમાં પ્રાંગની નાનારંગી કપચીઓ મેઘધનુષના સાતે રંગે ઝળહળી ઊઠી. દૂર વિસ્તરેલું બૅંગકૉક-નગર સવાર પડતાં આળસ મરડીને બેઠું થતું હતું. મિત્ર-સૂર્યની વન્દના કરીને અમે નીચે ઊતર્યાં અને શહેરમાં પાછાં ફર્યાં.

(ચાલુ)



બૅંગકૉકના 'ડિપાર્ટમેન્ટ ઑવ ફાઈન આર્ટ્સ'ના પ્રાંગણમાં ધનુર્ધારી રામની મૂર્તિ



કાશ્મીરના શ્રીનગર પેઠે, સિયામની સરિતા-માતા મેનામ (ચાઓ ફ્યા) નદીની અસંખ્ય નહેરો (ક્લૉંગ) પર વસેલો બૅંગકૉકનો 'તરતા બજાર'નો વિભાગ 'ક્લૉંગ-મહાનગર'

# પચ્ચીસ વર્ષ પહેલાં

પોષ ૧૯૯૧ અંક ૧૩૩



'વનવગડાનાં વાસી'ની પ્રકૃતિજ્ઞાનની અનન્ય લેખમાળાથી પ્રથિતયશ શ્રી હરિનારાયણ આચાર્યે અલ્પજ્ઞાત પ્રાણીનો આપેલો પરિચય આજે પણ ઉતાર્યા વિના રહેવાય એવો નથી:

નાનપણથી મને રખડવાનો છંદ પડ્યો છે. જરા નવરો પડું કે રઝળવાનાં સ્વપ્નાં આવે. કોઈપણ જાતના ઉદ્દેશ સિવાય, રસ્તે કે વગર રસ્તે, વનવગડામાં કે ઝાડબીડમાં હું પહોરના પહોર ભમવાનો આનંદ માણું છું. ટાઢતડકા કે વરસાદની પરવા કર્યા વિના ચાલ્યા જ કરું. ગાઉના ગાઉ ખેંચી કાઢું. શરીર થાકે પણ મન ન થાકે. આવા રખડુપણામાં મને ઘણુંઘણું જોવાનું મળ્યું છે. વનવગડાની વસતિનો ઝાઝો પરિચય મને આ રસ્તે થયો છે.

કેટલાંક વર્ષ પર આવા એક રખડપાટ વેળા અમદાવાદથી નીકળી સાબરમતીના તટેતટે દક્ષિણ દિશામાં હું ચાલ્યો જતો હતો. સરખેજ છોડી આગળ જતાં જમણે હાથે દૂર પીપળેજ નામનું એક ગામ આવે છે. અહીં નદીના બંને કિનારા ઊંચા છે. ત્યાં રસ્તામાં ધૂળાજી નામનો ઠાકરડો ભેગો થયો. ધંધે ખેડૂત, પણ ધૂળાજી શિકારનો ખૂબ શોખીન. ભૂંડ કે હરણની ભાળ કાઢવામાં અજોડ. વાતો કરતાકરતા અમે થોડે દૂર ગયા, ત્યાં અચાનક સામે કિનારે મારી નજર પડી તો ભેખડની હેઠે પાણીની લગોલગ એક બખોલમાં કૂતરા જેવું કંઈક દેખાયું. કૂતરાં આવી જગ્યાએ બોડ કરે એ નવાઈ જેવું, એમ વિચારી મેં ધૂળાજીનું ધ્યાન ખેંચ્યું. એણે નજર કરતાં જ, દૂરથી જે મને અસ્પષ્ટ લાગેલું તે એ સ્પષ્ટ જોઈ શક્યો અને બોલ્યો કે કૂતરાં અહીં ક્યાંથી? આ તો 'જલમાનુસ'ની બોડ છે.

'જલમાનુસ' જેવો એ વિચિત્ર શબ્દ સાંભળી મને જરી નવાઈ લાગી. પહેલાં તો હું સમજ્યો કે એ મારી મશ્કરી કરે છે. પણ એના મોં ઉપર હસવાની રજ પણ અસર દેખાતી નહોતી. ઊલટું સ્થિર આંખે આતુરતાથી એ બોડ તરફ જોઈ રહ્યો હતો; એટલે આ અપરિચિત નામવાળું પ્રાણી કોણ છે એ જોવા હું ભેખડેથી નીચે ઊતર્યો. જાળાઝાંખરાંના આડે લપાતા છુપાતા અમે પાણીની પાસે આવ્યા. ત્યાંથી આગળ જઈએ તો પેલું પ્રાણી અમને જોઈને નાસી જાય એ બીકે, વચ્ચે નડતર છતાં જાળાંમાંથી આંખો તાણી જોવા લાગ્યા. પેલી બોડમાં, નાનું કુતરું લપાઈને બેઠું હોય તેમ, આછા લાલ રંગના કોઈ પશુની પીઠ દેખાતી હતી. એ પાસું ફેરવે કે ઊઠીને ઊભું થાય તો એ કયું પ્રાણી છે એ ઓળખાય એમ મેં ધીરેથી મારા સાથીદારને કહ્યું. તરત તેણે એક ઢેફું લઈને ફેંક્યું. એના અવાજથી ચમકીને પેલું પ્રાણી ઊભું થયું અને હું જોઉં ન જોઉં ત્યાં તો ચડપ લઈને વીજળીવેગે પાણીમાં પેસી ગયું. અમે દોડ્યા, ઘણું શોધ્યું, પાણીના પ્રવાહમાં છેટે સુધી ફર્યા, પણ એ ફરી નજરે ન પડ્યું.

ધૂળાજીને વિદાય કરી નિરાશ થઈ હું ત્યાંથી પાછો વળ્યો. પણ મારા મનમાંથી 'જલમાનુસ' શબ્દ ખસે નહિ. આ કયું પ્રાણી હશે, એનું આવું નામ પડવાનું શું કારણ હશે, એના વિચાર કરતો જતો હતો, ત્યાં એક માછી મળ્યો. એને પૂછતાં કહ્યું 'અહીં જલમાનુસ રહે છે ખરાં; પણ કોક વાર જોવા મળે. મોટાં પકડાય નહિ ને નાનાં પકડીને કરીએ શું? એ કોણ લે?' જલમાનુસ એટલે શું, એના જવાબમાં એ બોલ્યો કે 'અમે શું જાણીએ? પણ કોઈકોઈ એને 'પાણીનું બિલાડું' પણ કહે છે.' આ શબ્દો સાંભળ્યા કે મને યાદ આવ્યું કે આ તો સંસ્કૃતનું जलमार्जार:-'ઑટર', उद्र:. ત્યારે મને ખબર પડી કે આવું પ્રાણી ગુજરાતમાં પણ થાય છે. પ્રાકૃતિક દશામાં પહેલું અને છેલ્લું મેં 'ઑટર' એ વખતે જોયું. ત્યાર પછી સાબરમતીમાં ઘણો રખડ્યો છું, ઘણી યે તપાસ કરી છે, પણ એને જોવાનો ફરીથી અવસર મળ્યો નથી. ભોઈ લોકો લાવી આપવાનું કહે છે, પણ ક્ષણિક આનંદની ખાતર એ ખુશમિજાજી પ્રાણીને વતનનો વિરહ પડાવવાનું મેં યોગ્ય ધાર્યું નથી. પાછળથી મારા એક શિકારી મિત્રના પરાક્રમ(!)થી એનું ખાલડું જોવા મળ્યું હતું. કવચિત્ સાબરમતીમાં જોવામાં આવતા આ પ્રાણીનું અંગ્રેજી નામ common otter.




એ હિંસ્ર વર્ગનો પશુ છે અન યંઝુના પિતરાઈ ગણાય. બેથી અઢી ફૂટના, બિલાડી જેવા આ પ્રાણીની પીઠનો રંગ ઘોડાના રંગ જેવો, પણ આછો લાલ કે બદામી. ગાલ, ગળું અને છાતી તથા પેટ ધોળાં. શરીરે લાંબા ખરબચડા વાળ. એના છેડા સફેદ. સુંવાળું એવું કે પીઠે હાથ મૂકતાં સરી જાય. પૂંછડી જાડી: છેડે પાતળી. પગ ટૂંકા. તેનાં આંગળાં વચ્ચેથી જોડાએલાં: તરવાનું સરળ થાય એથી. આંગળાંને છેડે ટૂંકા નહોર. જડબું ભારે. ગળું, ગરદન અને જડબું સરખાં જાડાં. મોં પર મૂછો. બુચિયા કાન.

પાણીમાં રહે: જમીન પર પણ ફરે બચ્ચાં માટે કિનારે ભેખડમાં બોડ કરે. રાતનો રાજા. દહાડે ઘણે ભાગે બોડમાં લપાઈ રહે. એનો આહાર માછલાં. ખાય તેટલું ખાય, પણ બગાડ ભારે કરે. માછલું પકડ્યું, એકાદ મોં ભર્યું ન ભર્યું ત્યાં બીજું પકડે. આમ માર્યે જ જાય. ભારે રમતિયાળ. એનાં બચ્ચાં પાળીએ તો ઝટ પાળી શકાય. એને તરતાં જોઈને તો મન ધરાય જ નહિ એવી રમણીય ગતિ. ભારે ચપળ. એના જેવી ચપળતા આખા હિંસ્ર વર્ગમાં બીજા કોઈ પ્રાણીની નથી. બોલે ત્યારે કુરકુરિયાના જેવું કે બીકના માર્યા સિસોટી મારે તેવું. એની આ ટેવને લીધે ઘણે સ્થળે માછીમારો શિકારી કૂતરાની પેઠે એને પાળીને તેની મદદથી માછલાં પકડે છે. હિન્દમાં નદીનાળાં કે મોટાં જળાશયોમાં દેખાય છે. મહી, નર્મદા ને તાપીમાં પણ થતાં હશે; પણ જોગનુજોગ બળવાન હોય તો કોઈ ભાગ્યશાળીને દેખાય.

હિંદુસ્તાનમાં જલમાર્જારની ત્રણ જાતો થાય છે, પણ એમની પરસ્પર ભિન્નતા એટલી સૂક્ષ્મ અને અલ્પપ્રમાણ છે કે દૂરથી જોતાં બધી એક જેવી જ લાગે."

અંધકારમાં પ્રકાશ પ્રગટાવવા માટે માનવીએ આદિકાળથી આજ સુધી કરેલા પ્રયાસોનો ઇતિહાસ ને તેના અવતાર આલેખતા એક વિશદ લેખનો પૂર્ણ પ્રસ્તુત ભાગ:

"પ્રકાશનું પ્રથમ સાધન કોણે નિર્માણ કર્યું એ કહેવું મુશ્કેલ છે. કદાચ આદિમાનવે ટાઢ ઉડાડવા માટે અગ્નિ પેટાવતાં અચાનક ઝળ-




હળાટ થઇ આસપાસની સૃષ્ટિમાંના અસંખ્ય પદાર્થો એકાએક દગ્ગોચર થયા હશે અને એમ અકસ્માત પ્રકાશની શોધ થઈ હશે. અને પ્રકાશ તથા અગ્નિને નિકટ સંબંધ છે એ વાતની શોધ પણ તે વખતે જ થઇ. આ સંબંધ એટલો તો નિકટ છે કે આજ લાખો વરસ વીતી ગયા છતાં ગરમી વિનાનો પ્રકાશ નિર્માણ કરવાનું સાધન માણસના હાથમાં હજી આવ્યું નથી.

તદ્દન શરૂઆતનો દીવો એટલે અગ્નિનું તાપણું. પણ આમાં અજવાળાના પ્રમાણમાં ઉષ્ણતાનો ભાગ જ વધારે; અને સગવડ તો જરા યે નહિ. એને જ જરા સગવડભર્યું રૂપ મળ્યું અને મશાલ બાળવાની શોધ થઇ. તદ્દન પુરાતન કાળની મશાલોમાં તો એકલાં લાકડાં જ બાળવામાં આવતાં. એ પછીના પગથિયામાં તેલ, ચરબી, મીણ ઇ. દ્રવ્યોનો તેમાં ઉપયોગ થવા લાગ્યો. મશાલની નાની આવૃત્તિ તે દીવી, કોડિયાંના દીવા. પણ ફેર એટલો કે આમાં બળનારી વસ્તુ લાકડું કે કાપડ નથી પણ તેલ છે.

દીવામાં વાટની યોજના થઈ ત્યારથી તે ઘણા જ સગવડભર્યા બન્યા. વાસણમાં ભરેલું તેલ વાટ વાટે શોષાઇને ત્યાં બળતું રહેતું.

પણ પ્રવાહી તેલનો દીવો ઢોળાવાની ભીતિને લીધે સગવડવાળો ન લાગવાથી ઘટ્ટ તેલ કે મીણનો ઉપયોગ દીવા માટે થવા લાગ્યો. મીણબત્તીઓ આ વિભાગમાં જ આવે છે.

આ પછીની સુધારણા થઈ અમેરિકામાં. ત્યાં ઘાસલેટ તેલની ખાણો મળી આવવાથી દીવો બાળવામાં એ તેલનો ઉપયોગ થવા લાગ્યો. પરંતુ ઘાસલેટ બળતી વખતે તેનો ધુમાડો બહુ થતો. છેવટે આર્ગાંડ નામના એક વિદ્વાન શાસ્ત્રજ્ઞે ઘાસલેટના દીવા ઉપર કાચની ચિમની મૂકી દીધી. આને લીધે જ્વલનક્રિયાને

જરૂરપૂરતી હવા મળવાની વ્યવસ્થા થઈ અને જ્વલનક્રિયા પૂર્ણ થઈ. તેથી ધુમાડો બંધ થયો.

પણ મીણ કે તેલ વાયુ રૂપ પામીને, ઉષ્ણતાની સહાયથી તેનો ઑક્સિજન જોડે સંયોગ થાય છે, એ વસ્તુ જ જ્વલનની મુખ્ય ક્રિયા છે એમ જણાયું, એટલે એ તેલની જો બાષ્પ જ બનાવી લીધી હોય તો આ કામ ઘણું સુલભ બને એ વિચારણાથી ગૅસના દીવા શોધાયા. આપણો સ્ટવ એ એનું સારું ઉદાહરણ છે. તેમાં ઉષ્ણતામાન પ્રખર હોય છે, પણ પ્રકાશ લગભગ નહિ જેવો હોય છે.

આથી એ જ્યોતિમાં એવો કોઈ ઘન પદાર્થ ઝગમગી ઊઠે એટલો તપાવવો જોઇએ જેથી તે પદાર્થમાંથી જ આપણને પ્રકાશ મળે. કિટ્સન, પેટ્રોમૅક્સ વગેરે દીવામાં આ જ યોજના હોય છે. એમાંની અત્યંત મહત્ત્વની વસ્તુ તે એ જ્યોતિમાં બેસાડેલી જાળીદાર ટોપી છે.

દીવામાં જે શક્તિ ખર્ચાય છે તેમાંના કેટલાક ભાગનું રૂપાંતર ઉષ્ણતામાં અને કેટલાકનું રૂપાંતર પ્રકાશમાં થાય છે. આ બને ભાગનું પ્રમાણ જેટલું નાનું થાય, તેટલું વ્યવહારની દૃષ્ટિએ સોંઘું ને સગવડભર્યું. આમ વિચારી ઉષ્ણતા ઓછી થાય તો પણ તેની પ્રકાશની શક્તિ કેમ વધે એના પ્રયાસો થવા લાગ્યા.

વીજળીના દીવા એ એવા પ્રયાસનું પરિણામ છે. સર હમ્ફ્રી ડેવીએ વીજળિક બૅટરી શોધી તેની મદદથી વીજળીની જ્યોતિ ઉત્પંન્ન કરી. આ દીવાઓને અંગ્રેજીમાં 'આર્ક લૅમ્પ' કહે છે. પણ આમાં વીજળીનો મોટો પ્રવાહ સતત ચાલુ રાખવો પડે છે. વળી તારમાંથી વિદ્યુત્પ્રવાહ પસાર થતો હોય ત્યારે તેનું ઉષ્ણતામાન વધે છે ને એ પ્રખર ઉષ્ણતામાં બધી ધાતુઓનો નાશ જ થાય છે, ફક્ત પ્લૅટિનમ ધાતુ જ તેમાં ટકી શકે છે. એટલે, પૂરતો વિદ્યુત્પ્રવાહ અને પ્લૅટિનમ ધાતુની વિપુલતા એ પર હવે સુધારાઓ આવીને અટક્યા.

વીજળીના પ્રવાહથી તંતુ ખૂબ ગરમ થાય એટલે પ્રકાશ તો મળી શકે છે, પરંતુ આસપાસની હવાનું એ તંતુ ઉપર બહુ જ અનિષ્ટ પરિણામ થવાનો સંભવ હોવાથી દીવામાંની હવા કાઢી નાખી તેને નિર્વાત કરવો જોઇએ. આ યુક્તિ ખૂબ મહેનતે એડિસને શોધી કાઢી.

પણ વીજળીનો દીવો કરી શકાય છે એટલી શોધ પછી પ્રત્યક્ષ દીવા તૈયાર થઈ વપરાશમાં આવતાં તો બહુ સમય લાગ્યો. પ્લૅટિનમ ધાતુ ખૂબ મોંઘી પડે, અને કાર્બન તંતુઓ વાપરેલા દીવાઓમાં વિદ્યુત્પ્રવાહ વધારે જોઇએ, આ સ્થિતિમાં કેટલાં યે વર્ષો વહી ગયાં.

અંતે ઈ. ૧૮૯૮ની સાલમાં વેલ્શબાખ નામના શાસ્ત્રજ્ઞે 'ઑસ્મિયમ' ધાતુના સૂક્ષ્મ તંતુઓ કાઢી તેના દીવા બનાવી આપ્યા. 'ઑસ્મિયમ' ધાતુમાં પોચાપણું અને ચીકટપણું ઉત્પન્ન કરી તેના લાંબા લાંબા ધાગા કેમ કાઢી શકાય તેની શોધ તેણે કરી. એક વાર રીતની ખબર પડયા પછી બીજા અનેક શાસ્ત્રજ્ઞો એ ઝપાટાબંધ બીજી અનેક ધાતુઓના ધાગા કાઢી તેના દીવા પ્રચારમાં આણ્યા.

પછી અમેરિકાના પ્રસિદ્ધ વિજ્ઞાનશાસ્ત્રી કૂલિજે ટંગ્સ્ટન ધાતુ જે પુષ્કળ પ્રમાણમાં મળે છે તેના તંતુ ખાસ પદ્ધતિથી ગમે તેટલા લાંબા અને ગમે તેટલા ઝીણા કાઢવાની શોધ કરી. હાલના વીજળીના દીવાઓમાં હવે બધે આ તાર જ વાપરવામાં આવે છે. આ તાર ઇંચના છ હજારાંશ ભાગ જેટલો બારીક હોય છે.

અને એક પરિચય ઉતારીએ:

મુંબાઈની જે. જે. સ્કૂલ ઑવ આર્ટસના બગીચામાં એક વ્યક્તિ ચાલી આવે છે. એના બાંધી દડીના સુકલકડી શરીર ઉપરની બદામી કફની, ખાદીનો સ ફો ને ગળે વીંટાળેલો દુપટ્ટો, સરળતાની સચોટ ને ન ભૂંસાય એવી છાપ પાડે છે. વિદ્યાર્થીઓનો એ પ્રિય વયસ્ક છે, દોસ્ત છે; શિક્ષકનો અભરે ભાવ એની વાચામાં મધુરતા પૂરે છે. હિંદી ચિત્રકળાનો એને છંદ લાગ્યો છે. બપોરની ટૂંકી રજા દરમિયાન પણ વિદ્યાર્થીઓનું ટોળું તેની પાછળ જામે છે. સ્કૂલ ઑવ આર્ટ્સના સૌથી છેલ્લા વર્ષના વર્ગમાં હિંદી ચિત્રકલાની દીક્ષા આપતા એ કલાકાર સરકારી નિયમાનુસાર આજે તો નિવૃત્ત થઈ બનારસ યુનિવર્સિટીને પોતાની સેવાઓ આપી રહ્યા છે.

મૂળ વ્રજવાસી છતાં તેમનો જન્મ પોરબંદરમાં. તેમના પિતા મુરલીધર એક અચ્છા કીર્તનકાર હતા. અને લક્ષ્મીનાથના કી ર્તનકારો તો દરિદ્ર જ હોય છે ના? એ જ પ્રમાણે તેમની આર્થિક સ્થિતિ નબળી. માતા બચપણમાં સ્વર્ગવાસી થયાં એટલે પિતાએ જ એમને ઉછેર્યા. કૃષ્ણભક્તિનાં કીર્તનોએ હિંદી કળાના ઊંડા સંસ્કારો પૂર્યા. ઉમરલાયક થયા એટલે પિતાએ નિશાળે મૂકયા. ત્રણ ગુજરાતી પૂરી કરી અને અભ્યાસનું ઇતિશ્રી થયું. સાત વર્ષ સુધી ત્યાંની હાઈસ્કૂલના ચિત્ર-શિક્ષક શ્રી માલદેવભાઈ રાણાના હાથ નીચે એમણે ચિત્રકળાની તાલીમ લીધી ને એ તાલીમે તેને સ્કૂલ ઑવ આર્ટ્સના કળાદ્વારે પહોંચાડી દીધા.

અહીં એની પ્રતિભાના સંકોરાએલા પટો એક પછી એક ખૂલી ગયા. દર વર્ષે શાળામાં પ્રથમ નંબરે પાસ થઇ શિક્ષકસમુદાય ઉપર



પોતાની બુદ્ધિની ભુરકી એણે છાંટી. પછી ચિત્રકાર ધુરંધર પ્રિન્સિપલપદે આવ્યા ત્યારે ગાંધીયુગનો પ્રથમ જુવાળ ચઢયો. અધિકારને આસનેથી ધુરંધર સાહેબે ફરમાવ્યું: 'તમારે ખાદી પહેરવી હશે તો સ્કૂલ છોડવી પડશે.' એણે શાળા છોડી ને પોરબંદર આવી પિતાની કીર્તનક રની જગ્યા સ્વીકારી.

થોડા સમયે હિંદી ચિત્રકલાના પરદેશી અવધૂત સમા પ્રિન્સિપલ સૉલમન શાળાના અધિકારપદે નિમાયા. જૂની શિક્ષણ પ્રણાલી એણે બદલી. બીજી બાજુ શાળા છોડી કીર્તનકારનાં ભાવિક ગીતો ગાતો પેલો વિદ્યાર્થી શિષ્યવૃત્તિ માટે ઉંબરા ઢૂંઢવા લાગ્યો. તે નિષ્ફળ જાય છે પણ નિરાશ થતો નથી.

એવામાં મુંબાઇના એકાદ ઠાકુરમંદિરમાં થોડા વિદ્યાર્થીઓને બોર્ડર તરીકે રાખવામાં આવે છે એ વાત તેના કાને અથડાય છે અને કીર્તનકાર તરીકેની કારકિર્દીમાંથી બચાવેલી થોડી પૂંજી લઈ એ મુંબાઈ દોડે છે. મંદિરમાં રહે છે, શાળામાં દાખલ થાય છે, અને જે. જે. સ્કૂલ ઑવ આર્ટસ તથા કેતકર આર્ટ ઇન્સ્ટીટ્યૂટમાં શિક્ષણ લે છે. પાતળિયા, લાંબી ડોકવાળા આ વિદ્યાર્થીમાં પ્રિન્સિપલ સૉલમન હિંદી કળા માટેની નૈસર્ગિક શક્તિ જુએ છે. અને એ કલાકાર-અધ્યાપકની સરાણે કલાનો પારસમણિ સજાય છે. આજે તો એમનાં ચિત્રો વેમ્બ્લીના જગત-પ્રદર્શનમાં કે વાઇસરૉયના રાજ્યમહાલયમાં, લંડનના પિકૅડિલી કલાપ્રદર્શનમાં કે શાળાના કલાખંડમાં વિરાજે છે.

શાન્ત પ્રકાશ જેવા ઉજ્જ્વલ એ કલાકાર તે જગન્નાથ અહિવાસી. એમના જીવનની નિર્વ્યાજતા, નિષ્કામ કલા-ઉપાસના ને સ્વાવલંબનના પાઠ, સાધન સહાય ને સાથ વગરના વિદ્યાર્થીઓને અમોલી પ્રેરણારૂપ છે."

# પ્રાચીન ભારતીય વહાણવટું

સ્વ. 'સુકાની'ની વિદ્વત્તાપૂર્ણ અને માહિતીસભર લેખમાળા



ભારતીય સાગરખેડુઓએ અગ્નિએશિયામાં જઈને સુવર્ણદ્વીપ (સુમાત્રા) અને યવદ્વીપ (જાવા) વસાવ્યાં તે કાળના બખ્તાવર જહાજનું બોરોબુદુરનું શિલ્પ

## પ્રકરણ ૮

### વહાણવટાના કાયદા

આપણું વહાણવટું કેટલું મોટું અને કેટલું સતત હતું તે આપણે પાછલાં પ્રકરણોમાં જોઈ ગયા. આવી બરખમ દરિયાખેડની વ્યવસ્થા માટે યોગ્ય ધારાધોરણો પણ વેપારીઓની અને નિર્યામકોની શ્રેણીઓ બાંધતી રહે એ સ્વાભાવિક છે. અને એ ધોરણોમાં સ્થાનીય જરૂરિયાતો પૂરતી જુદેજુદે ભિન્નતા રહે એ પણ સ્વાભાવિક છે. પ્રાચીન સાહિત્ય પરથી લાગે છે કે વેપારીઓ, સાંયાત્રિકો કે નિર્યામકો પોતે જે પત્તનમાં હોય ત્યાંનાં ધારાધોરણો સ્વીકારતા હશે. આમ, રાજ્યની દખલગીરી વગર વેપારીઓએ પોતે બાંધેલાં એ ધારાધોરણને 'પણ્યચારિત્રમ' કહેતા. પણ્યચારિત્રમ્ એટલે વેપારીઓએ બાંધેલા ધારા. આ ઉપરાત બંદરનાં વિશિષ્ટ ધારાધોરણોને 'પત્તનચારિત્રમ' કહેતા.

પણ્ય અને પત્તન–ચારિત્રમ્ ઉપરાંત રાજ્ય તરફથી પણ વહાણવટાને લગતાં શાસનો અને ધારાઓ વિધિનિષેધ માટે અસ્તિત્વમાં હતાં ખરાં. આ બધા વિધિનિષેધો,–એટલે પણ્ય-પત્તન-ચારિત્ર અને રાજશાસનો–નો ઘટતો અમલ બજાવવાનું કામ જે રાજ્યધિકારીની સત્તામાં હતું તેને કૌટિલીય અર્થશાસ્ત્રમાં 'નાવધ્યક્ષ' કહ્યો છે. તિલકમંજરીમાં (પૃ. ૧૨૯) એને 'સમસ્ત નૌ સાધનાધ્યક્ષ' કહ્યો છે. પ્રાચીન કાળમાં વેપારી અને લશ્કરી વહાણવટા વચ્ચે ભેદ ન હતો, એટલે આ અધિકારી વેપારી તેમજ લશ્કરી બંને વહાણવટાંનો–એટલે કે વહાણવટાનો તથા 'નૌબલ'નો–અધ્યક્ષ હશે એમ લાગે છે.

એ ધારાધોરણો અને રાજશાસનો કેવાં હશે તેનો બહુ જ વિવિધ ચિતાર કૌટિલીય અર્થશાસ્ત્રમાં મળે છે. એ અર્થશાસ્ત્રનું આખું ૪૫મું પ્રકરણ જ તે કાળના વહાવટાનો કાયદો છે અને તે કાળની પરિસ્થિતિની મર્યાદામાં આજના કોઈ પણ વહાણવટાના કાયદા (મર્ચન્ટ શિપિંગ ઍક્ટ)ની તોલે આવે એવો છે. એ શાસન અહીં ટૂંકમાં આપ્યું છે.

મોટાં પાણીનું વહાણવટું (એટલેકે સમુદ્ર પરનું વહાણવટું સમુદ્રસંયાન તેમજ મોટી નદીઓના મુખ પાસે જે દરિયાના સંગમને લીધે મોટા અખાતો બને છે એ ઉપરનું વહાણવટું, એ બંને) દેશના નાવધ્યક્ષના અધિકારમાં રહેતું. એ અધ્યક્ષ સમુદ્રકાંઠા(વેલા)નાં ગામો પર વહાણવટાની વ્યવસ્થા માટે કર ઠરાવતો. રાજ્યનાં શાસનોનો લોકો પાસે અમલ કરાવતી વખતે નાવધ્યક્ષ 'પણ્યચારિત્ર' અને 'પત્તનચારિત્ર'નું પરિપાલન પણ યોગ્ય લાગે તો કરતો.

તુફાનમાં જખમાએલાં(મૂઢ વાતાહત)વહાણો જો બંદરમાં આશ્રય લે તો અધ્યક્ષ પિતા પેઠે એની સંભાળ લેતો. તુફાનને લીધે પાણીથી બગડેલા માલ ઉપર અરધું શુલ્ક (નૂર) લેતો અથવા તો બિલકુલ માફ કરતો. જે નાવ કેવળ પાણી લાકડાં કે મરમ્મતને માટે જ બંદરમાં આવી હોય પરંતુ બંદરમાં કોઈ માલ કે છડિયાં ઉતારવા-ચડાવવાની હોય, એવી સંયાતિ નાવ પાસેથી અમુક નક્કી કરેલો દર જ વસૂલ થતો. દરિયાના ચોરની કે દુશ્મનની (હિંસા કરનારી) નાવો–હિંસ્રિકાઓ–બારામાં કે બારા પાસે પકડાય તો તેનો નાશ થતો. એવી જ રીતે દુશ્મનના દેશ સાથે સંબંધ રાખનારાં કે પણ્યચારિત્ર કે પત્તનચારિત્રનો ભંગ કરનારાં વહાણો પણ નષ્ટ કરવામાં આવતાં. દુશ્મન ન હોય એવા પરદેશમાંથી પત્તનમાં આવનારાંઓએ પત્તનમાં પ્રવેશ કરવા પહેલાં પત્તનના જ કોઇ પ્રમાણયોગ્ય વેપારીની બાંહેધરી રજૂ કરવી પડતી.

આમાં મોટાં પાણીની વહાણખેડ(ડીપ સી શિપિંગ)ની વ્યાખ્યા છે, તુફાનમાં કજા પામેલાં વહાણો માટે આશ્રય છે, દુશ્મનોનાં બંદરે હંકારવાનો ઇરાદો રાખનાર અને દરિયા ઉપર લૂંટ અને હિંસા કરનાર વહાણો માટે અંતિમ દંડ છે, વેપારી ધારાધોરણો માટે આદર જ નહિ પણ સંરક્ષણ છે, પરદેશી વેપારીઓ ઉપર નિયંત્રણ છે, અને એવાંએવાં તત્ત્વો છે જે આજે પણ સર્વમાન્ય છે; એટલું જ નહિ પરંતુ આજના કાયદાઓ ક્યાંકક્યાંક તો એની પણ ઉત્કૃષ્ટતાએ નથી પહોંચ્યા.

કૌટિલીય અર્થશાસ્ત્રમાં આપણને પ્રત્યક્ષ મળતી આ શાસન પ્રણાલી ઉપરાંત બીજાં પણ અનેક રાજશાસનો પ્રવર્તતાં હશે જેનું લેખિત વર્ણન આજે ઉપલબ્ધ નથી; છતાં જલની સંયાત્રા અને સ્થલની વેપારી વણઝાર–સાર્થ, એક જ પ્રકારનાં હોતાં સ્થલનાં વેપારી ધોરણો વિષે એક અદ્‌ભુત વર્ણન નારદ-સ્મૃતિમાં(૩,૨,૭.)મળે છે; તે પરથી 'પણ્ય-પત્તન-ચારિત્ર'નો તાદૃશ ખયાલ આવે છે.

અમુક સ્થળે કે બંદરે માલ પહોંચાડવાનું કબૂલ કર્યા પછી જો નિર્યામક ફરી જાય તો જે નૂરની રકમ વેપારીએ આપવાની નક્કી કરી હોય એનો ચોથો ભાગ સામેથી નિર્યામકે વેપારીને નુકસાની રૂપે ભરી આપવાનો હતો; એવી જ રીતે જો વેપારી ફરી જાય તો ઠરાવેલા નૂરની રકમનો ચોથો ભાગ તેણે વહાણ-ધણીને દંડ રૂપે આપવાનો હતો. એક વાર માલ ઉપાડચો અને વહાણ હંકાર્યું, પછી નિર્દિષ્ટ બંદરે પહોંચાડચા વિના અધગાળે માલ ઉતારી નાખે તો નૂરની આખી રકમ પાછી આપવી પડતી. અલબત્ત ઇશ્વરનો કોપ, દરિયાની રજાકજા, દેશાવરના રાજાઓની જપ્તી કે ચાંચિયાઓથી નષ્ટ થએલા માલ વિષે નિર્યામકની જવાબદારી નહિ રહેતી હોય. પરંતુ એ જ સ્મૃતિમાં ભાગીદારોની જવાબદારી વિષે નિર્દેશ કરતાં કહ્યું છે કે દૈવીકોપ, રાજકોપ કે લુટારાઓથી માલને રક્ષિત રાખનારને માલનો દસમો હિસ્સો મળતો. આ એક પ્રકારનો 'વીમો' સમજાય છે; અને કદાચ એ જવાબદારી લેનાર જોખમ તથા લાભ અનેક જણ વચ્ચે વાંટી લેતો હશે. નિર્યામકની ગફલતથી માલને નુકસાન થાય તો તેને માટે તો એ જવાબદાર જ હતો.

માલનું નૂર ચાર ધોરણ ઉપર બંધાતું: ગણિત, એટલે ગણતરી કરીને નંગ પ્રમાણે; ગરિત, એટલે વજન પ્રમાણે; મેય એટલે માપ પ્રમાણે; ને પરિચ્છેદ એટલે ઊંડું. આ ધારણો દેખાડે છે, કે ભારતીય વહાણવટું બહુ જ વિકાસને પામ્યું હતું. પ્રાચીન કાળમાં ભારતે નક્કી

કરેલાં આ ધોરણો આજે પણ જગતભરના વહાણવટામાં સર્વમાન્ય છે. જોકે એ ધોરણો દરેક દેશે પોતાના અનુભવે નક્કી કર્યાં હોય એ પણ બનવાજોગ છે છતાં ભારતના પ્રાચીન ગ્રંથોમાં જ આટલો સ્પષ્ટ નિર્દેશ મળે છે એ જોતાં કદાચ આ ધોરણો ભારતે જ બીજા દેશોને શીખવ્યાં હોય એ બનવાજોગ છે.

આ ધોરણો સાંયાત્રિકોએ, વહાણની સલામતી અને એની યાત્રામાં વધારેમાં વધારે કમાણી, એ બેનો ખયાલ રાખીને ઘડચાં હશે. વહાણના ફાલકા એકંદરે કોઠાર જેવા હોય છે. એ ફાલકાઓ વજનદાર માલથી ભરી દેવાય તો વહાણ એટલું ભારે થઈ જાય કે એની 'ભરતી સાપણ' (Plank marking load-line) પાણીમાં ડૂબી જાય, અને એમ થાય તો વહાણની સલામતી જોખમાઈ જાય અને આયંદા વહાણ ડૂબી જાય. અને જો વજનમાં હલકો જ માલ ફાલકાઓમાં લદાય તો ફાલકો ભરાઈ જવા છતાં ભરતી સાપણ પાણી સુધી ન પહોંચે. આ બે પ્રકારના માલનો વિચાર કરી સાંયાત્રિકોએ માલના બે ભેદ કર્યા: 'ગરિમ'=વજનદાર; અને 'મેય'=હલકો છતાં બારદાનમાં મોટો. એ બે ય માલ એવા જુદાજુદા દર આપે કે જેથી બંનેના દરમાં ન્યાય્ય ફરક રહે. દાખલા તરીકે એક ભાર (ચારસો રતલ) લોઢું ને એક ભાર સૂકો ગુવાર એક જ ધોરણે નૂર આપે તો કદી ન પાલવે.

ગણિમ (એટલે ગણતરીનું) ધોરણ તો આજે પણ નળિયાં અને નાળિયેર ઉપર લાગુ પડે છે, કારણ એમાં વજન અને કદ બંનેમાં નુકસાન છે. એ જ રીતે પ્રાચીન 'પરિચ્છેદ'નું ધોરણ પણ કીમતી અને અસાધારણ વસ્તુઓ માટે આજે પ્રચલિત છે: દાખલા તરીકે આજે અફીણ તેમજ મોતી ઉપર કીમતના ટકાવાર નૂર લેવાય છે. પ્રાચીન ભારતીય વહાણવટાની આ એક જ પ્રથા એને અતિ વિકાસ પામેલા વહાણવટાની આગલી હરોળમાં મૂકી દે છે એ નિસ્સંશય છે.

આવાં 'ચારિત્રમ્' જુદીજુદી કંઠારના વેપારીઓ અને સાંયાત્રિકો વચ્ચે જુદાંજુદાં ધોરણે બંધાયાં હશે અને એમાં સમય સમય પ્રમાણે ફેરફાર થતા હશે, એટલું જ નહિ પરંતુ કોઈ વાર અંગત કબૂલત કે સ્વતંત્ર લેખ દ્વારા વેપારી-વેપારી અને સાંયાત્રિક-સાંયાત્રિક પ્રમાણે પણ ફેરફાર થતા હશે. પણ મૂળ વાત એ છે કે રાજશાસન કરતાં યે પણ્ય–પત્તન-ચારિત્રમ્ વધારે વજનદાર લેખાતું હતું. કૌટલીય અર્થશાસ્ત્રમાંના રાજશાસનમાં પણ નાવધ્યક્ષને ફરમાવવામાં આવ્યું છે કે રાજશાસન પેઠે જ 'પણ્યપત્તનચારિત્રમ્ પરિપાલયેત્'. એવો જ નિર્દેશ નારદસ્મૃતિમાં છે કે નગર અને જનપદમાં રાજા શ્રેણીઓનાં ધારાધોરણને માન્ય રાખતા; પણ જ્યાં શ્રેણીશ્રેણી વચ્ચે વિવાદ ઉપસ્થિત થતો, ત્યાં અલબત્ત, એનો ચુકાદો તો ઘણુંખરું રાજા જ આપતો.

**પ્રા**ચીન ગ્રંથોમાં એવા વિવાદના પણ અનેક દાખલા છે, જેમાંથી બે દાખલા વહાણવટાને લગતા હોઈ નીચે આપ્યા છે.

સુપ્પારક બંદરમાં પૂર્ણ નામનો વેપારી રહેતો હતો. એક વખતે લગભગ પાંચસો વ્યાપારીઓનો કાફલો બંદરમાં આવીને નાંગર્યો. એમણે આણેલા માલ વિષે પૂછપરછ કરીને પૂર્ણે બધો માલ આઠ લાખ મુદ્રાઓમાં વેચાણ લીધો. એના બાના (અવદ્રંગ) તરીકે ત્રણ લાખ મુદ્રાઓ ચૂકવી દીધી અને બાકીની પાંચ લાખ માલ પોતાના કોઠારોમાં પહોંચતાં ચૂકવી દેવાની શરત કરી. આ સોદો પાકો થયો કે પૂર્ણે કાંઠા ઉપર પડેલા માલ ઉપર પોતાની છાપ (સ્વમુદ્રા) મારી દીધી.

ત્યાર બાદ બીજા વેપારીઓના દલાલો (અવચારકાઃ) માલ જોવા આવ્યા. માલ એક જ વેપારીએ–એટલે પૂરણશેઠે આઠ લાખ મુદ્રામાં પડવી લીધો છે એ સાંભળી દલાલોએ વહાણવટીઓને તો માત્ર એટલું જ કહ્યું કે અમારા વછાતોના કોઠાર તો માલથી ભર્યા પડચા છે, એટલે અમે તો પૂરણશેઠે આપેલા બાનાની રકમ (એટલે ત્રણ લાખ મુદ્રા) પણ આની ન આપત. પછી બધો માલ એકલે હાથે ખરીદી લેવાના વિરોધ માટે દલાલો પૂરણશેઠ પાસે ગયા અને શ્રેણીના નિયમો (ક્રિયાકારો)નો ભંગ કરવાનો એના ઉપર આરોપ મૂકચો.

આ અભિયોગની રાજા પાસે ન્યાય માટે રજૂઆત થતાં પૂરણશેઠનો પ્રતિવાદ એવો હતો કે સુપ્પારક બંદરમાં આવતા દરેક કાફલાનો માલ કોઈ એક વેપારી નહિ પણ આખી શ્રેણીએ પડવી લેવો એ નિયમ શ્રેણીએ મારી અનુપસ્થિતિમાં બાંધ્યો હતો. એ નિયમ બાંધવામાં આવ્યો એ સભામાં મને કે મારા ભાઇને આમંત્રણ મોકલવામાં નહોતું આવ્યું. રાજાએ પૂરણશેઠનો પ્રતિવાદ માન્ય રાખ્યો અને શ્રેણીનો વાદ અન્યાયી ઠરાવ્યો, અને શ્રેણીએ પૂરણશેઠને સાઠ કાર્તાપણનો દંડ કર્યો હતો એ પાછો અપાવ્યો.

એક બીજો દાવો બે ભાઇઓએ રાજા ઉદયનની સભામાં રજૂ કર્યાનો ઉલ્લેખ છે. બે ભાઇઓનો વાદ એવો હતો કે અમારા પિતા અને મોટા ભાઈ બે ચાર મહિના ઉપર સમુદ્રયાત્રાએ સિધાવ્યા હતા. અમારી જાણ મુજબ એમના વહાણને રસ્તામાં કજા પહોંચતાં બંને જણ વહાણ ભેગા ગરક થઈ ગયા છે. આથી અમારા પિતાની અને મોટા ભાઈની મિલકતના અમે બે વારસદાર છીએ. પરંતુ અમારી મોટી ભાભી એ સ્થિતિ સ્વીકારતી નથી.

પ્રતિવાદમાં ભાભીએ કહ્યું કે મારા સસરાજી અને પતિનું વહાણ ડૂબી જવાની વાત તો મેં પણ સાંભળી છે. પણ મારા પતિ પણ ડૂબી ગયા છે એ વાતને કોઈ પ્રમાણ નથી. બનવાજોગ છે કે એમને સંયાત્રાના બીજા કોઈ વહાણે ઉગારી પણ લીધા હોય અને એ કુશળ ઘેર પધારે. વિશેષમાં મારા પતિ સિધાવ્યા ત્યારે હું ગર્ભવતી હતી અને મને સંતાન જન્મશે એ એના બાપની મિલકતનો વારસદાર છે, માટે મારા દેવરોનો વાદ નામંજૂર થવો જોઇએ.

રાજા ઉદયને વાદીઓનો વાદ નામંજૂર રાખ્યો. આમે ય વહાણવટી મરણ પામ્યો છે એ વાત સિદ્ધ ન હોય તો એના પાછા ફરવા માટે દસ વર્ષ સુધી વાટ જોવાતી, અને ત્યાં સુધી એ જીવતો છે એમ કાયદેસર લેખાતું.

એમ માનવાને સબળ કારણો છે કે જેમ રાજા અનેક વાર પોતાના સલાહકારોમાં શ્રેણીજ્યેષ્ઠ (નગરશેઠ) અને સાર્થવાહોને રાખતા તેમજ વહાણવટાંઓ વિષેના વાદ-પ્રતિવાદમાં શ્રેણીજ્યેષ્ઠો સાથે સાંયાત્રિકોને પણ રાખતા હશે.

એક કાયદો તો સાગર ઉપર સર્વત્ર અને સર્વકાળમાં પ્રચલિત હતો, અને અનેક રીતે આજે પણ છે. તે એ કે વહાણ મધદરિયે પહોંચે કે નિર્યામકની સત્તા સર્વોપરિ મનાતી–ને મનાય છે. જ્યાં સુધી આજ જેવાં સત્વર સંદેશવાહક સાધનોનો અભાવ હતો ત્યાં સુધી, એટલે કે લગભગ ઈસુની ઓગણીસમી સદીના અંત સુધી, વહાણનો નિર્યામક એ કોટવાળ હતો અને કાઝી પણ હતો. કેવળ વહાણના નાવિકને જ નહિ પરંતુ કોઈ પણ યાત્રીને એ શાસન કરી શકતો અને કાઝી તરીકે એ કોઈ પણ યુગલનાં લગ્ન પણ કરી દેતો!

આવો કાયદો પ્રાચીન ભારતીય વહાણો ઉપર પણ પ્રચલિત હતો. એનું એક ઉદાહરણ બૃહત્કથાશ્લોક સંગ્રહમાં સાનુદાસની કથામાં મળે છે, જેમાં એના લગ્ન સાગરદત્તા (સાગરદિન્ના) નામની સ્ત્રી સાથે મધદરિયે વહાણ ઉપર જ સાંયાત્રિકના પુરોહિતપદે સિદ્ધ થાય છે. (ચાલુ)

સામાન્ય રોગોના ઘરગથ્થુ ઇલાજો સૂચવતી પોતાની લેખમાળામાં **નટવરલાલ માલવી** આ વખતે કહે છે કે

# શીરો શિરાવો

**એકનાથ** ચાળીસેક વર્ષનો હશે. જાતનો મરાઠો. પણ નામ સંતપુરુષ સરખું હતો તો બાપડો વાસણ માંજનારો, ઘાટી.

સને ૧૯૨૦માં હું ફરગ્યુસન કૉલેજમાં જુનિયર બી.એ.ના વર્ગમાં ભણતો હતો. તુલસીદાસ તેજપાળ છાત્રાલયમાં રહેતો. એકનાથ મહિને આઠેક આના કે એવું કંઈ લેતો, (એ તો સતયુગ હતો ને! કળિયુગ તો સને ૧૯૩૯ના સપ્ટેંની ત્રીજી તારીખે બપોરે બાર વાગ્યે બેઠો. વિચારી જોજો; તદ્દન સાચુ લાગશે) ને મારાં ચાપાણીનાં વાસણ માંજતો, પાણીનો કૂજોબૂજો સાફ કરતો, ભરી લાવતો વગેરે.

કૉલેજમાં મેં, વિદ્યાર્થીના કાયદા મુજબ ૫૫ કે ૫૬ દિવસ ભર્યા, ને જે દિવસે એ હાજરી પૂરતી થઈ ગઈ–મારું સત્ર લેખે લાગે એટલે–તે જ રાત્રે પૂના છોડી ગાંસડે-પોટલે હું મુંબાઇ નાઠો,–ભા... ગ્યો.

કેમકે પૂનાનું પથ્થરિયાળું પાણી મને જરા પણ માફક નહોતું આવતું. ઘઉંનો તો દાણો પણ ખાઇ ન શકું. વારંવાર લાંઘણ કરવી જ પડે, અપચો કાયમનો રહે. જે પૂના હવા ખાવાનું ધામ ગણાય છે, તે મારે માટે તો શાપ સમાન થઈ પડેલું. એક દિવસ એકનાથે મને દિલગીરીમાં જોયો ને પૂછ્યું: 'શેટ, કાય ઝાલં?'

મેં એને વાત કરી. ત્રણચાર દિવસથી મને આધાશીશી થએલી હતી. અરધુંક માથું દુઃખે, સૂરજ ચડે તેમતેમ વધુ દુખે. નાકમાંથી પીળો પદાર્થ નીકળ્યા કરે, ચેન પડે નહિ. વાંચવામાં તો ચિત્ત ચોંટે જ શાનું?

એકનાથ અતિ શાંત સ્વભાવનો અને ભલો હતો. મારી આધાશીશીની વાત જાણીને એણે મને કહ્યું: 'શેટ્, માઝં ગરીબાચં ઐકાલ?'

દવા દાખવતી વેળા આ રીતે બોલવાનો કદાચ સમગ્ર ભારતવર્ષમાં રિવાજ હશે; ગુજરાતમાં પણ સર્વવ્યાપી છે. બોલનારો ગમે તેવો મોટો હશે તોપણ આ સંદર્ભમાં તો આ જ વાક્યનું શરણું શોધવાનો: 'મારું ગરીબનું કહ્યું માનો તો—'

મેં પંડિત એકનાથજીનું 'વૈદું' સાંભળ્યું: એક કે બે પેંડા લઇ આવવાના. રાત્રે સૂતી વેળા ઓશીકે રાખી મૂકવાના, ઊંદરબૂંદર ખાઇ ન જાય એવી રીતે, ચપ્પટ દાબડીમાં. સવારે ઍલાર્મ મૂકીને—યા મૂક્યા વિના, ચાર–સાડા ચાર–પાંચેક વાગ્યે જાગી જવું, પેલો પેંડો અગર પેંડા ખાઈ જવા, અને પછી પાછું તુરત જ સૂઇ જવું—ઊંઘી જવું. બસ.

વાહ ભાઇ વાહ! આ દવા કોને ના ગમે? આ તો મોઢું મિઠું કરવાનું હતું: દવા હતી જ ક્યાં? કૉલેજમાંથી છૂટી બેઅઢી માઈલ દૂર દાક્તરને ત્યાં જવું, તે નવરા પડે ત્યાં સુધી વાટ જોવી, પારાયણ કહેવું, દવા ભરાવવી ને બાટલી હાથમાં લઇને આવવું—બસસર્વિસો ક્યાંય નહોતી એવા જમાનામાં, ચરણશરણ જ રહીને,–એવી બધી માથાફોડ કરતાં આ મીઠો મધ જેવો ઉપાય કંઇ ખોટો ન હતો. કોઈપણ શહેરવાસી નિશાળિયો ભાઈબંધ શહેરમાંથી પેંડા તો લાવી આપે. આપણે તો વૈદરાજ એકનાથજીની 'દવા' શરૂ કરી દીધી.

ને ત્રણ જ દિવસમાં પુણાગરી પેંડાએ ચમત્કાર બતાવી દીધો. ખરેખર, માથાનો દુખાવો એકદમ ઓછો થઈ ગયો. બીજા બેત્રણ દિવસમાં નાકગળણું પણ બંધ થઈ ગયું. સાતઆઠ દિવસમાં તો મારું દર્દ દફે થઈ ગયું. આધાશીશી–અર્ધશીર્ષ–સૂર્યાવર્તની તકલીફ તે જમાનાને હિસાબે દોઢેક આનાના પેંડાએ મટાડી દીધી.

આ વાતને આજે ચાળીસ વરસ લગભગ થઈ ગયાં! તે પછી સને ૧૯૨૧માં (અમદાવાદ હતો ત્યારે) ને ૧૯૨૩માં પણ મને એ જ આજાર થયેલો, ને એ જ રીતે મટેલો. તે પછી તો એ મરજ ફરી થયો નથી. પણ મરજ વિના યે મળસકે આ રીતે કંઈક ગળપણ–શીરો, બદામશીરો, મલાઈ-લચકો યા માત્ર ખાવાનો નુસખો મને અકારો લાગ્યો નથી. ને મને લાગે છે કે મને એ મોંઘું નથી પડ્યું, સારો જેવો લાભ થયો છે.

ગુજરાતમાં પણ આ નુસખો ચાલુ જ છે. તેમાં સવિશેષે જલેબી, અગર દૂધ ને જલેબી ખાવાની ભલામણ છે. 'મગજમાં એક કીડો છે. તે ભૂખ્યો થઇ જાય ત્યારે સળવળ સળવળ થાય છે. તેના એવા વલવલાટથી આવો દુખાવો ઉત્પન્ન થાય છે. તેને આમ ભારે, ગળ્યું નૈવેદ્ય મળે એટલે તે શાંત થઈ જાય છે, ને દુખાવો મટી જાય છે.' કંઈક આવી વહેમી માન્યતા પ્રવર્તે છે, અને બેપાચ મોટેરાંએ તે કહી બતાવી યે હશે. ગમે તેમ, પણ આ માથું ખાલી પડી જવાની ક્રિયા લાગે છે, ને એ ખાલી પડી ગએલું માથું, આ પ્રયોગથી પાછું તર બને છે, તૃપ્ત થાય છે.

આમ છતાં તમે ૧૧–૧૨ વાગ્યે જમતા હો તે વખતે શિખંડ-બાસુદી ઉડાવો, અગર તમારા રાતના ભોજનમાં બરફી કોપરાપાકનો ઘાણ કાઢો, તો તેથી આવો આધાશીશીનો ઉપદ્રવ મટશે નહિ જો. ઊલટું, અપચો થશે ને અજીર્ણ આફરો વળગવાનો ભો રહેશે. ઉપચાર છે તે માત્ર મિષ્ટાન્નનો નથી, મિષ્ટાન્ન અમુક પ્રકારે, અમુક કાળે જ ખાવાનો છે; તે જ રીતે વ્યાધિ મટે, ન અન્યથા.

મળસકે ૩ાાથી સૂર્યોદય સુધીના કાળને આપણે ત્યાં 'બ્રાહ્મમુહૂર્ત' કહેલું છે. ધાર્મિક દૃષ્ટિએ જપતપ કરવા માટે એ કાળ જ સર્વશ્રેષ્ઠ ગણાય છે. આપણા તમામ આશ્રમોમાં–પછી રાષ્ટ્રકાર્યના કે ભક્તિ-સાધનાના, બંને પ્રકારના આશ્રમોમાં–આ કાળે પથારીનો ત્યાગ કરી ઊઠી જવાનો આદેશ તે રહ્યો હોય છે. એ જ વેળા ઊઠી જઇ શૌચાદિ પતાવી દઈ તારાસ્નાન કરવાની ક્રિયાને ધાર્મિક સ્વરૂપ અપાએલું છે. એ જ કાળમાં ઊઠી જઇને વિદ્યાર્થીએ વાચનમગ્ન બની જવું, અભ્યાસ કરવો એવો ઉપદેશ કંઈ કેટલાય વરસોથી અપાતો આવ્યો છે. એ કાળે પથારીમાં–'સાધુપુરુષે સૂઈ ન રહેવું' એવી નિષેધાજ્ઞા પણ મશહૂર છે. એ કાળે ઊઠી હાથ ઠંડા પાણીમાં બોળી કિત્તો લઇને લખવા બેસવું, એમ કર્યાથી અક્ષર સુધરે એવી આજ્ઞા બચપણમાં સેંકડો વાર સાંભળી છે. (ગુનો માફ, પાળી નથી. વાંચવાની પાળેલી ખરી.) એ પ્રહરમાં ચિત્તની ગ્રહણશક્તિ આઠે પ્રહરમાં સૌથી વધુ ચંચળ, સક્રિય, વેગવંત હોય છે એવું મનાતું આવ્યું છે, અને આજનો સમુદાય–નવોદિતો–જાતપારખું કર્યા વિના માને યા ન માને, તેથી મૂળભૂત સત્યમાં ફેર પડતો નથી. ખરેખર, ચિત્તની ગ્રહણશક્તિ, અરે ચિત્તમાં ચાલતી અનેકવિધ પ્રક્રિયાઓ એ વેળા અતિ જોરાવર હોય છે. તમે ઊંઘતા હો તો પણ તમારું મન, તમારું ચિત્ત એ વેળા વધારે વેગથી જ કામે લાગેલું હોય છે, એ નિર્વિવાદ વાત છે. એ જ વેળાએ ઊઠી જઈ ચોખ્ખી હવામાં શહેર બહાર, નદીકિનારે કે ઉપવનમાં ફરવા જવાથી ખૂબ આરોગ્યપ્રાપ્તિ થાય છે એ તો સૌની જાણની વાત ગણી શકાય. એ જ ગાળે ખૂબ પ્રાણદાયક વાયુ ચોમેર દૂર ફરી રહેલો હોય છે ને તેનાથી ચેતનશક્તિ અને સ્ફૂર્તિ સ્પષ્ટ વધતાં અનુભવાય છે.

સને ૧૯૩૬-૩૭ની વાત છે. હું સવારે પાંચ-સાડાપાંચે જાગી જતો ત્યારે (ઘરની રચનાના કારણસર) મારું નાક તદ્દન બંધ જેવું હોય. આખા માથામાં શરદીનો ભાસ હોય. શરીર પણ થાકેલું ને જરા થીજેલું હોય. બહાર જવાને નન્નો જ વાસ્યા કરે. પણ સંકલ્પબળથી તેને કાબૂમાં

લઈ, શૌચાદિ પતાવી બહાર નીકળું, રસ્તા પર માંડ સોએક ડગલાં ચાલું, કે નાક ખૂલી જ ગયું સમજો; શિયાળાની ટાઢમાં ખુલ્લી હવા લઉં એટલે શરદી ઊડી જ ગઈ જાણો! ટાઢથી 'ટાઢ' ઊડી જાય! નવાઈ જેવું લાગે છે ને? પણ છે સાવ સાચી વાત. આજે પણ એવો અનુભવ થયા કરે છે, રોજેરોજ. ઘેરથી નીકળું ત્યારે થાકેલો, ને નદીકાંઠે પહોંચી બ્રાહ્મમુહૂર્તનો પવન ખાઉં એટલે તાજો. અન્યથા થાકેલું શરીર એ પ્રાણદાયક હવામાં ચારપાંચ માઈલનો ટપ્પો ખુશીથી ખેડી નાખે.

અને બીજું જાણવા જેવું આ છે: કદી કદી ત્રણચાર વાગ્યે જાગી જવાય, સાડાચારે જાગી જવાય. તે વેળાએ શરીર તાજું તમતમતું લાગે, હલકું ફૂલ. આટલા વહેલા ઊઠીને શું કરવાના?—એવે આળસે પાછા ઊંઘી ગયા, ને છ-સવાછએ કે સાતે ઊઠો, તો શરીર તદ્દન થાકેલું, ભાંગેલું, ઊઠવાની અનિચ્છાવાળું લાગે. મારો અનુભવ તો આવો છે—બીજાઓ પણ કોઈકોઈ એમાં સૂર પૂરનારા દીઠા છે. એટલે તારવવાનું તે એ, કે આ બ્રાહ્મમુહૂર્તનો વખત ખરું જોતાં જાગ્રત દશામાં સારામાં સારી રીતે વાપરવા માટે છે. અહોરાત્રના ચોવીસે કલાકમાં સર્વશ્રેષ્ઠ એવો એ પ્રહર છે; એથી જ એને બ્રાહ્મમુહૂર્ત જેવું નામ સાંપડેલું છે. ને આધાશીશી—સૂર્યાવર્તનો રોગ મટાડવા તમારે એ ગાળાને પલાણવાનો છે.

પ્રયોગનું આખું મહત્ત્વ કાળમાનમાં જ છે—અમુક વખતે જ 'ઓસડ' ખાવામાં છે, તે એક; અને વળી મિઠાઈ ખાઇને ફરી ઊંઘી જવામાં છે, તે બીજું; એ ઊંઘ તમારે કલાક દોઢ-કલાકની કાઢવી એવું કશું નથી. પાંચેક વાગ્યે જાગ્યા, મિઠાઈ ખાધી ને પાછા પોઢી ગયા. સાડા પાંચ કે પોણા છએ, તમારો એવે પ્રકારે ઊઠવાનો નિયમ હોય તો તે મુજબ ઊઠી જાઓ, કશી હરકત નથી. અરધોક કલાક તમારું ચિત્ત નિદ્રાવિલીન રહે, તમારી કાયા નિદ્રાધીન અવસ્થામાં શાંત, સ્થિર, શવાસન રૂપમાં, અક્રિય, ઢીલી કોઈ પણ જાતની અસરો સ્વીકારવા માટે તત્પર, પ્રતિક્રિયાઓ—આડખીલીઓ ઇતર વિચાર અથડામણોથી મુક્ત રહે, એટલું જ જરૂરી છે; અને એ જરૂરી છે જ. વિચારવિલોપન અને માનસિક ક્રિયાઓથી (અલબત્ત, આંતરમનસની ક્રિયાઓ તો તમે ક્યાંથી અટકાવી શકો?) મુક્ત રીતે, મન ખૂબ જ ગ્રહણશીલ અને ચંચળ હોય ત્યારે, ફક્ત બે ત્રણ કોળિયા જેટલો પૌષ્ટિક પદાર્થ ખાઇને થોડું ઊંઘવાથી માથાના ખાલીપણામાંથી થએલો આધાશીશી જેવો ત્રાસદાયક રોગ મટી જાય છે, કોઈ પણ જાતના ખર્ચ યા તકલીફ વિના.

કાળનું, સમયનું, મુહૂર્તનું ઉપચાર-સાધનામાં કેટલું બધું મહત્ત્વ છે તે સમજવા અર્થે આ નુસખો ઉપયોગી છે. આયુર્વેદમાં ઘણીક વનસ્પતિઓને ઉપચારાર્થે તોડી લાવવા માટે પણ મુહૂર્તો બતાવેલાં છે, અમુક વનસ્પતિને અમુક માસ કે તિથિએ જ, અમુક વાગ્યે જ કે અમુક નક્ષત્રમાં જ ચૂંટી લાવવાની આજ્ઞા આપેલી છે તે ફેંકમફેંક નથી. તેનું કારણ યા મૂલ્ય તમને ફેંકે ગળે ઉતારે એવો આ પ્રયોગ છે.

અને આ પ્રયોગ કરો ત્યારે, કૃપા કરીને પથારીમાંથી ઊઠવાકરવાની ખટપટમાં પડશો નહિ. તમારી ઊંઘ ઘણી જ સરસ હોય, પાછા તુરત જ નિદ્રાધીન થઈ જવાનું સાવ સુતરું હોય, તો તો હરકત નથી. નહિ તો, કેટલાકને તો એ પછી ઊંઘ આવવાનું દોહ્યલું થઈ પડશે. એવું ય બનશે ઘણાને, કે 'ઊંઘવાનું છે—ઊંઘવાનું છે' એવો ખયાલ કરવાથી જ અવળચંડું મર્કટ મન ઊંઘવા નહિ દે, ઊંઘને ભગાડી દેશે, જાગતા ને જાગતા જ રાખશે. પેલો ઊંટવૈદ કહેતો છે ને, તેમ; કે દવા લેતી વેળા ઊંટ યાદ ન આવવું જોઇએ, નહિ તો મારી દવાની અસર નહિ થાય; પછી તો દર્દીને ઊંટ યાદ આવે જ આવે, એટલે વૈદરાજ તો જવાબદારીમાંથી 'ડાહીનો ઘોડો રમતો જમતો છુટ્ટો!'

બે ત્રણ કોળિયા મિષ્ટાન્ન ખાતાં પૂર્વે પાણીના કોગળા કરી લેવા ખરા? ઘણાને વિચાર આવશે, કે રાતની નિદ્રા દરમ્યાન મોંમાં, પેટમાંથી આવેલો ઓખાર જામ્યો હોય, ને એ હાલતમાં કોગળા કર્યા વિના કંઈ ખાવું એ ઠીક નથી. મિષ્ટાન્ન સાથે ઓખાર પણ પેટમાં જવા ભો છે.

સસ્તી ઊંઘવાળાને તો કોગળા કરવામાં હરકત જેવું નથી. પણ લાડકી ઊંઘવાળા હોય છે ઘણા ય, ચંચળાત્માઓ. તેમને ઊઠવું, ખાળે જવું, કોગળા કરવા—એ બધી ક્રિયા ખલેલકારક નીવડવા સંભવ. ઉપાય એ છે, કે પાંચદસ દિવસ, આ પ્રયોગ ચાલતો હોય ત્યાં સુધી રાત્રે સૂતાં પૂર્વે જ મીઠાના પાણીના દશબાર કોગળા કરી લઇને, અગર તો રીતસર દાતણ કરીને જ સૂવું. પણ આધાશીશી અગર મગજનું ખાલીપણું મટાડવા મિષ્ટાન્નોત્તર ઊંઘ અનિવાર્ય છે.

આજે બીજાઓને આ શીખ દેવા નીકળી પડયો છું, પણ મને એ અનુભવ પણ થએલો છે. તે વેળા સદ્ભાગ્યે હું આધાશીશી કે એવા ઉપદ્રવ ખાતર નહિ, પણ ભવિષ્યમાં એવું કશું ન થાય તે ખાતર, છેવટ રોજબરોજના માનસિક ઘસારાને ધોઈ કાઢવાના હેતુથી આ પ્રયોગ કરતો હતો એમ દસ-પંદર દહાડા શીરો તો આરોગ્યો—આરોગું—પણ પછીની ઊંઘ? રામ તારું નામ! પણ એમ કરતાં કરતાં એક દહાડો ઊંઘ આવી ગઈ ખરી. કેટલી? નહિ માનો કદાચ, માંડ પાંચ છ સેકંડ જ—પૂરી મિનિટ તો નહિ જ! પરંતુ તેટલી નિદ્રાવશતા પછી હું જાગ્યો ત્યારે મારું માથું એટલું બધું હલકું ફૂલ લાગ્યું. ચમત્કાર સરખું જ લાગ્યું.

કોઈક અદ્ભુત શક્તિ પેટમાં જ ગએલું આ ગળપણ ઠેઠ મગજમાં પહોંચાડી દે છે! કઈ હશે એ શક્તિ? કુંડલિનીશક્તિ? ભગવદ્ગોમંડળ કોશ એ શક્તિ વિષે વર્ણન કરતા લખે છે કે કુંડલિની શક્તિ રાત્રે નિદ્રાવસ્થામાં નીચેથી ઊંચે ચડે છે, બ્રહ્મરંધ્ર પ્રતિ—સહસ્રદલ કમલ પ્રતિ જાય છે એવી માન્યતા છે. બહુ જ્ઞાન તો નથી, પણ કંઈ કંઈ કારણસર મને એ વાત સાચી લાગે છે. અને કદાચ આ ગળપણ પેટમાંથી મગજમાં પહોંચી જાય છે તે એ કુંડલિની શક્તિ જ પહોંચાડી આવતી હશે? એવી કલ્પના શ્રીમતીએ હમણાં જ કહી, આ લેખ વાંચીને. બનવા જોગ તો લાગે છે. સાચી વાત તો મહાયોગીઓ જ જાણે.

[લેખક સાથે પત્રવ્યવહાર કરવાનું સરનામું: 'ગાંડીવ કાર્યાલય', હવાડિયો ચકલો, સૂરત. જવાબ માટે ટિકિટ બીડવી જરૂરી છે.]

## ટપાલખાતાના ઊંદરડા-૩

તાજો પત્ર

"ખૂબ જ દિલગીરી સાથ જણાવવાનું જે ડિસેમ્બર '૫૯નું 'કુમાર' આ વખતે પણ મળ્યું નથી. કેટલાય દિવસો સુધી કાગને ડોળે રાહ જોઈ થાકીને આ લખવું પડ્યું. રંગ છે પોસ્ટના ઊંદરોને! છેલ્લા પાંચ મહિનામાં ત્રણ વખત 'કુમાર' ફરીથી મંગાવવું પડે એ તો અમને અને 'કુમાર'ને બન્નેને ત્રાસદાયક છે. એટલે હવે થાકીને એટલું જણાવવાનું કે આવતા વર્ષથી 'કુમાર'ના ગ્રાહકોમાંથી મારું નામ કમી કરવા વિનંતી. 'કુમાર'નું બંધાણ થઈ ગયું છે તેથી દુઃખ તો થાય છે પણ બીજો રસ્તો નથી સૂઝતો."

(રાજકોટ) જ્યેષ્ઠારામ દ. વ્યાસ (ગ્રા. ૧૩૩૨)


[આમાં અમારે કાંઈ ઉમેરવાનું નથી.] —તંત્રી

કાયાની કરામત અને
માંદગીનાં મૂળની અનુગામી
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની
નવી લેખમાળા

**આહાર અને આરોગ્ય**

લેખાંક • ૧

# આપણા શરીરનું રાસાયનિક બંધારણ




માણસનું શરીર તથા તેના જીવનના પ્રશ્નો આદિકાળથી તે આજ સુધી વિદ્વાનો અને વિજ્ઞાનીઓનાં ચિંતન અને અભ્યાસનો વિષય રહ્યાં છે. આના પરિપાક રૂપ અસલના જમાનામાં એવી માન્યતા સ્થપાઈ કે માણસનું શરીર તેમજ જગતના સર્વ પદાર્થો પંચમહાભૂતોમાંથી બન્યાં છે. પણ તે પછી તો અર્વાચીન રસાયનવિદ્યાએ ઘણી પ્રગતિ કરી છે અને બતાવી આપ્યું છે કે માત્ર પાંચ નહિ પણ ૯૨ થી ૧૦૦ જેટલાં મૂળ તત્ત્વો પૃથ્વીના સર્વ પદાર્થોમાં વ્યાપી રહેલાં છે. આ તત્ત્વોમાંના ૬૦થી વધુ આપણા શરીરના બંધારણમાં હોવાનું જાણવામાં આવ્યું છે. રશિયન પ્રોફેસર વિનોગ્રાડોફનું તો એવું અનુમાન છે કે પૃથ્વીથી ઘડાએલા ને પોષાતા માનવદેહમાં સૃષ્ટિનાં બધાં જ મૂળ તત્ત્વો રહેલાં છે. આ બાબત જોકે હજુ સિદ્ધ થઈ નથી, પણ જો તે સાચી ઠરે તો માનવદેહ સમસ્ત વિશ્વની એક નાની આવૃત્તિ જેવો જ લેખાય. મહર્ષિ ચરકે પોતાના 'શારીરસ્થાન'માં જે એમ લખ્યું છે કે પુરુષોઽયં લોકસમ્મિતઃ પુરુષ (માનવદેહ) જગતતુલ્ય છે. માનવ શરીર એ મહાન સૃષ્ટિનું નાનું પ્રતીક છે તે આ સંદર્ભમાં ન હોઈ શકે?

માનવ શરીરની રચના અને તેના વ્યાપારોનું ઠીકઠીક જ્ઞાન મેળવાયું હોવા છતાં હજુ કેટલુંક રહસ્ય તો ઉકેલાયું જ નથી. પણ એટલું તો સ્પષ્ટ થયું છે કે જન્મ, પોષણ, વૃદ્ધિ, હલનચલન, જીવનની અનંત ઘટમાળ ચાલુ રાખતી પ્રજનનની ક્રિયા, એ સૌ રાસાયનિક ક્રિયાઓનાં પરિણામો છે. ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી લવાત્રિયેનું વિધાન છે કે 'જીવન એ એક રાસાયનિક પરિણામમાત્ર છે.' તો જેરોમ ઍલેક્ઝાન્ડર લખે છે 'જીવનનું વિશિષ્ટ લક્ષણ જીવન-ઉદ્દીપન (bio-catalsis) છે. એમાં એવી શક્તિઓ છે કે જેના પ્રતાપે પોતાનામાં કોઈ પણ અસરો ઉપજાવ્યા વિના રાસાયનિક ફેરફારો યોજાય છે.' આ અને બીજા જ્ઞાનના પ્રકાશમાં જાણવા મળ્યું છે કે જીવનનાં મૂળભૂત લક્ષણો અને ગુણધર્મો શરીરની રાસાયનિક ક્રિયાઓ ઉપર અવલંબે છે. શરીર એ રાસાયનિક ક્રિયાઓની પરંપરા છે ને તેના જ પરિણામ રૂપે છે. જીવન એ રાસાયનિક વ્યતિકર (=ઘટના phenomena) છે.

શરીરનું બંધારણ ઘડતાં સાઠ જેટલાં મૂળ તત્ત્વોમાંથી જાણીતાં એવાં ત્રેવીસ છે. આમાં પણ એકધારાં મળી આવતાં અને શરીરમાં સહેલાઈથી પરિવર્તન કે રૂપાંતર પામતાં તો અઢાર તત્ત્વો છે. પણ આમાંનાં ચાર તો ખાસ આવશ્યક છે. આ છે કાર્બન, હાઇડ્રોજન, ઑક્સિજન અને નાઇટ્રોજન. શરીરના પ્રાથમિક પૃથક્કરણમાં લગભગ ૬૪ ટકા ઑક્સિજન, ૧૮.૫ ટકા કાર્બન અને ૯.૯ ટકા હાઇડ્રોજન માલૂમ પડે છે. ઑક્સિજન અને હાઇડ્રોજનનો મોટો ભાગ શરીરમાં પાણી રૂપે છે. શરીરનો ૬૫ ટકા ભાગ એનો જ બનેલો છે. બાકીના ૩૫ ટકા મુખ્યત્વે સેન્દ્રિય (organic) દ્રવ્યો હોય છે.

શરીરના બંધારણમાં આવેલા મુખ્ય અઢાર મૂળ તત્ત્વોનું ટકાવારી પ્રમાણ આ પ્રમાણે છે. ઑક્સિજન ૬૨ ટકા, કાર્બન ૨૧, હાઇડ્રોજન ૯, નાઇટ્રોજન ૩, કૅલ્શ્યમ ૨. અને ફૉસ્ફરસ, પોટાશિયમ, સોડિયમ ગંધક, ક્લોરિન, લોહ, તાંબું, મૅગ્નેશિયમ, ફ્લુઓરિન, આયોડિન, મૅન્ગેનીઝ, સિલિકોન ને કૉબાલ્ટ આશરે ૩ ટકા. આ ઉપરાંત ઍલ્યુમિનિયમ, જસત, બેરિયમ, લિથિયમ વગેરેની છાંટ (traces) હોય છે.

મૉસ (Moss) નામે લેખક માનવ શરીરનું રાસાયનિક બંધારણ આ પ્રમાણે રજૂ કરે છે: પાંચ ફૂટ આઠ ઇંચ ઊંચાઇ ને ૧૪૮ રતલ વજનવાળા શરીરમાં ઑક્સિજન ૯૨.૪ રતલ; હાઇડ્રોજન ૧૪.૬ રતલ; કાર્બન ૩૧.૬, નાઇટ્રોજન ૪.૬, ફૉસ્ફરસ ૧.૪, કૅલ્શ્યમ ૨.૮, ગંધક ૦.૨૪, ક્લોરિન ૦.૧૨, સોડિયમ ૦.૧૨, લોહ ૦.૦૨, પોટાશ્યમ ૦.૩૪, મૅગ્નેશ્યમ ૦.૦૪, સિલિકા? ફ્લુઓરિન ૦.૦૨ રતલ છે.

બીજી રીતે કહીએ તો સાડા ત્રણ મણની માનવીની કાયામાં દસ ગૅલન જેટલું પાણી છે. મરઘાં રાખવાનું કુપ ધોવાય એટલો ચૂનો, એક માત્રા જેટલું મૅગ્નેશ્યમ, ૨૨૦૦ દિવાસળીઓનાં ટોપકાં બને એટલો ફૉસ્ફરસ, ૯૦૦૦ પેન્સિલ બને એટલો કાર્બન, બે ઈંચ લાંબો ખીલો બને એટલું લોહ, સાત સાબુની ગોટીઓ બને એટલી ચરબી. સલ્ફરગોળીઓનું એક પૅકેટ બને એટલો ગંધક અને ચાર કે પાંચ રતલ નાઇટ્રોજન છે.

ઑક્સિજન નાઇટ્રોજન અને હાઇડ્રોજન શરીરના અવયવોના બંધારણમાં હોવા ઉપરાંત શરીરમાં છૂટા પણ રહે છે. પહેલા બે લોહીમાં અને ત્રણે આંતરડાંમાં. ઑક્સિજન, હાઇડ્રોજન અને કાર્બન એ શરીરનાં અગ્રણી શક્તિઉત્પાદક હોવા ઉપરાત પેશીઓની રચનામાં સહાય કરે છે. નાઇટ્રોજન મુખ્યત્વે પેશી બાંધનાર છે અને કાર્યમાં શક્તિ પેદા કરે છે. લોહ, ફૉસ્ફરસ, કૅલ્શ્યમ, સોડિયમ, પોટાશ્યમ, મૅગ્નેશિયમ, ક્લોરિન અને ગંધક એ બધાં હાડકાંની ઉત્પત્તિ, રસાણકર્ષણ અને જીવનક્રિયા માટે ઉપયોગી છે.

શરીરનું રાસાયનિક બંધારણ જોતાં સ્પષ્ટ થાય છે કે ઑક્સિજન,

કાર્બન, હાઇડ્રોજન અને નાઇટ્રોજન આ ચાર તત્ત્વો શરીરના કુલ વજનના ૯૫ ટકા ભાગના હોય છે. વળી એ પણ જાણવા જેવું છે કે એક પણ તત્ત્વ શરીરમાં સાદા રૂપમાં નથી હોતું. તે જુદા જુદા પ્રમાણમાં જોડાઈ સંયુક્ત (complex) પદાર્થો બની શરીરમાં ગોઠવાએલું છે.

આ સંયુક્ત પદાર્થો બે વિભાગમાં વહેંચાએલા છે (૧) અચેતન, અજૈવ કે ખનિજ(inorganic)અને(૨)સેન્દ્રિય કે સજૈવ(organic). અચેતન સંયુક્ત પદાર્થોમાં પાણી અને ક્ષારોનો સમાવેશ થાય છે. એને અજૈવ કહેવાનું કારણ કે આ પદાર્થોનાં તત્ત્વો જોડવા માટે કોઈ જીવંત આડત(agency)ની જરૂર પડતી નથી. માત્ર રાસાયનિક આકર્ષણથી તેમનું સંયોજન થાય છે.

સોડિયમ અને પોટાસ્યમના ક્લોરાઇડો શરીરના દરેક ભાગમાં છે. હાડકાં અને દાંતમાં કૅલસ્યમ ફ્લુરૉઈડ થોડા પ્રમાણમાં છે. દરેક પેશી અને પ્રવાહીમાં કૅલ્સ્યમ, પોટાસ્યમ, સોડિયમ અને મૅગ્નેસ્યમ ફૉસ્ફેઇટો છે. હાડકાં અને દાંતમાં કૅલ્સ્યમ ફૉસ્ફેઈટ હોઈ એમનું બંધારણ સખત અને કઠણ છે. લોહીનું અલ્કલીપણું જાળવનાર પોટાસ્યમ અને સોડિયમના ફૉસ્ફેઇટો તથા કાર્બોનેટો છે.

દાંત અને હાડકાંમાં થોડા પ્રમાણમાં કૅલ્સ્યમ કાર્બોનેટ છે. પોટાસ્યમ, સોડિયમ અને કૅલ્સ્યમ સલ્ફેટો શરીરમાં થોડા પ્રમાણમાં છે. લોહી અને પેશાબમાં થોડા પ્રમાણમાં સિલિકોન છે. હાડકાં અને વાળમાં પણ તે મળી આવે છે. લોહીના હિમોગ્લોબીનમાં લોહ છે.

ઍલ્યુમીનિયમ, મૅન્ગેનીઝ, તાંબું ને જસત શરીરમાં ખોરાક સાથે જાય છે ને બહાર નીકળી ન જતાં કોઈ અવયવમાં સંઘરાઈ રહે છે.

સેન્દ્રિય પદાર્થોમાં નાઇટ્રોજનયુક્ત દ્રવ્યો શરીરની નક્કર પેશીઓની બનાવટમાં મુખ્ય ભાગ લે છે. તે લોહી અને લસીમાં દેખા દે છે. આમાંનું દરેક પ્રોટિન દરેક જીવંત પેશીની બનાવટ માટે જરૂરી છે. સેન્દ્રિય સંયોજનોમાં (compounds) પ્રોટિનો કાર્બોહાઇડ્રેટ અને ચરબીઓનો સમાવેશ થાય છે.

ચરબીના બંધારણમાં કાર્બન, હાઇડ્રોજન અને ઑક્સિજન ૭૯, ૧૧ અને ૧૦ના પ્રમાણમાં છે; તો કાર્બોહાઇડ્રેટના બંધારણમાં આ જ મૂળતત્ત્વો ૪૫, ૬ અને ૪૯ના પ્રમાણમાં છે. શર્કરામાં આ જ મૂળતત્ત્વોનું પ્રમાણ ૪૩, ૬ અને ૫૧ના પ્રમાણમા છે. હવા અને ધરતીમાંથી ઑક્સિજન કાર્બન અને નાઇટ્રોજન પ્રાપ્ત કરી એકઠા કરી વનસ્પતિસૃષ્ટિ માનવ અને પશુઓના આહાર કાજે અન્નના પદાર્થો બનાવે છે. આ સંયોજના ઘડવા માટે વૃક્ષની જીવંત આડતની જરૂર પડતી હોવાથી તે સજૈવ કે સેન્દ્રિય કહેવાય છે.

ઉપરની હકીકતના આધારે માનવશરીરના બંધારણમાં આવેલાં મુખ્ય પાંચ સંયોજનો આ પ્રમાણે છે: પાણી, ક્ષારો, પ્રોટિનો, કાર્બોહાઇડ્રેટ અને ચરબીઓ. તેમનું પ્રમાણ આ પ્રમાણે છે:

પાણી ૬૧ ટકા, પ્રોટિનો ૧૮ ટકા, ચરબીઓ ૧૫·૪ ટકા, કાર્બોહાઇડ્રેટ ૦·૧ ટકા અને અચેતન દ્રવ્યો કે ખનિજો ૫·૫ ટકા.

જીવંત પ્રાણીઓના વિશિષ્ટ આકાર અને ઘાટો હોવા છતાં દરેક પ્રાણી અને વનસ્પતિનો દેહ સૂક્ષ્માતિસૂક્ષ્મ અનેકાનેક કોષોનો બનેલો છે. આ કોષ દેહનો આકાર અને દેહની બધી ક્રિયાઓનું ઐક્ય છે. કોષ જીવરસનો બનેલો છે અને જીવરસમાં ૯૦ મૂળ તત્ત્વોમાંથી ઘણાં જાણીતાં તત્ત્વો આવેલાં છે. એક પ્રાણીના દેહના જુદાજુદા કોષોમાં જીવરસના બંધારણમાં આવેલાં તત્ત્વોનાં સંયોજનો અને મિશ્રણોમાં ઘણો ફેર પડે છે. પણ પાણી અને કેટલાંક પાયાનાં સંયોજનો દરેક કોષના જીવરસમાં એકસરખાં હોય છે. આ સંયોજનોમાં કાર્બોહાઇડ્રેટ, ચરબી, પ્રોટિનો, ખનિજ ક્ષારો અને આથવણો છે.

જીવનને દૈવી અંશ કે દિવ્ય જ્યોત માનો પણ તે શરીરસ્થ રાસાયણિક વ્યાપારો ઉપર સ્થિર છે. પોષણ વિના જીવન ટકે નહિ અને પોષણની આખી યે ક્રિયા રાસાયણિક છે. પ્રાણીમાત્રના શરીરમાં અસંખ્ય રાસાયણિક ક્રિયાઓ ચાલી રહી છે. વિવિધ રાસાયણિક ક્રિયાઓના પરિણામે ખોરાકનું શરીરમાં કાર્યશક્તિમાં રૂપાંતર થાયછે. ખોરાક શરીરમાં બળતણની ગરજ સારે છે. આ બળતણના ધીરા દહનથી શરીરમાં શક્તિ પેદા થાય છે. દહનની ક્રિયાને ઑક્સીડેશન (જ્વલન) કહેવામાં આવે છે. આપણું આખું જીવન આ રાસાયણિક ઘટના ઉપર આધારિત છે. ઑક્સિડેશન બંધ પડવા સાથે જીવનજ્યોત બુઝાય છે.

(આવતા અંકે 'આહારની અગત્ય')

અનુસંધાન] **બ્રિજ** [પૃષ્ઠ ૨૯થી

(૧) જો પૂર્વ કાપે, તો દક્ષિણ તેની ઉપર કાપે, દક્ષિણ હવે કાળીના A રમે. પછી કાળીની રાણી, પશ્ચિમે SK નાખવો રહ્યો, ઉત્તર કાપે ત્યાંથી સર રમાય અને તે રમાતાં પૂર્વના સર આબાદ ચગદાઇ જાય છે. સર કઢાવ્યા બાદ પછીના સઘળા હાથ દક્ષિણના જ છે.

(૨) હવે જો પૂર્વ, કાળીની ફિશ છોડે, તો દક્ષિણ કાપશે. પછી કાળીનો એક્કો અને કાળીની રાણી, તે ઉત્તરમાં કાપી લેશે. ત્યાંથી એક વાર સર રમી, પોતાના દસ્સાનો હાથ કરી લેશે. અને કાળીના બાકીના હાથ પણ કરી લેશે. પછી ચોકડી રમી, ચોકડીના Aનો હાથ ઉત્તરમાં કરી, ફુલ્લી રમી, કાપી લેશે. ફરી ઉત્તરમાં ચોકડીના Kનો હાથ કરી, પૂર્વના સરને ફરજીઆત દબાવી દે છે.

(૩) પૂર્વ ચોકડીની ફિશ છોડે એ, તેનો ઉત્તમ બચાવ છે. તો દક્ષિણ કાળીની ફિશ નાખે, અને એક વાર સર રમી, લાલનો ૧૦નો હાથ કરે છે. પછી ચોકડી રમી, ઉત્તરમાં જઇ, ફરી એક વાર સર રમી, પોતાના ગુલામનો હાથ કરે છે. પછી પોતાની બધી લાલ રમવા માંડે છે તથા ઉત્તરમાંથી ફુલ્લીની ફિશ છોડે છે. અને છેલ્લી લાલ રમતાં, પશ્ચિમ બાકીની ત્રણેય ભાતમાં આબાદ સપડાઈ જાય છે.




લેખક · શ્રી સાધુરામ દવે

## દાવ માટે આપવાની મજબૂત બિડ (Game-forcing bids)

આ વખતે અહીં આપણે એવી જાતની બિડના વિચાર કરીશું કે જે બિડ (bid) આપવાથી, આપણે ભિલ્લુઓ ઓછામાં ઓછી 'ગેઈમ' (game) તો છેવટે બોલીએ જ. ગેઈમ અથવા પૂરો દાવ બોલવો એટલે લીટી નીચે ૧૦૦ માર્ક, એ તો સર્વેને યાદ હશે જ. તે બોલતાં સુધી, બિડ ચાલુ રાખવાની ફરજ ભિલ્લુઓને માથે હોય છે એટલે જ આને 'ગેઈમ ફોર્સિંગ બિડ' (game forcing bid) કહે છે

જ્યારે આપણા ભિલ્લુએ બિડની શરૂઆત કરી હોય યા તો તેણે, આપણે શરૂ કરેલી બિડનો કોઈ પણ જવાબ (response) આપ્યો હોય ત્યારે કોઈ પણ નવી ભાતમાં બિડ આપતાં દર્શાવેલો ફદકો,(jump in a new suit) ચોક્કસ મજબૂત બાજીનું સૂચન કરે છે ને ત્યારે ગેઈમથી ઓછું બંને ભિલ્લુઓથી અટકાય જ નહિ, એ ફરજિયાત બને છે.

ભિલ્લુ જ્યારે બિડની શરૂઆત કરે, અને તમારાં ૩½ યા તેથી વધુ મુખ્ય હાથ (honour tricks) હોય તો, ભિલ્લુના બિડથી, તમારે ઉપરની જેટલી બિડ આપવાની જરૂર હોય તેનાથી **ફક્ત એક જ વધુ** (exactly one trick more than necessary) હાથ બોલવાની બિડ તમારી ભાતમાં આપો. તમે જો બિડનો ખાલી જરૂર પૂરતો જ વધારો (over call) દર્શાવતી બિડ આપો તો તો ઓછામાં ઓછા હાથ કરવાના બોલો એ સ્વાભાવિક છે. દાખલા તરીકે 1 H ઉપર 1 S, 1 D ઉપર 1 H, 1 S ઉપર 1 N T, યા 2 C યા 2 D. આ બધા સાદા 'ઓવર કૉલ' (over call) કહેવાય. આનાથી ઓછી બિડ તો તમે આપી જ ન શકો. પરંતુ 1 H ઉપર 2 S; (અહીં સાદા 'ઓવર કૉલ'–સાદી ઉપરની જ બિડ--માટે 1 H ઉપર 1 S ચાલત, પરંતુ જરૂર કરતાં ફક્ત એક જ વધારે હાથની 2 Sની બિડ આપી તે 'ફૉર્સ'–force કહેવાય.) 1 D ઉપર 2 H; 1 S ઉપર 3 C અથવા 3 D; 1 C ઉપર 2 N T આ બધી જરૂરિયાત કરતાં, ફક્ત એક જ વધુ હાથની બિડ થઇ તે પૂરતી, દાવ પૂરો બોલતાં સુધી અટકાય નહિ તેવી 'ગેઈમ ફોર્સ' બિડ થઈ. 1 H ઉપર 3 S યા 4 C કે 4 D એ ફોર્સિંગ બિડ ન કહેવાય; કારણ કે 1 H ઉપર જોઇએ તે કરતાં ફક્ત એક જ વધુ હાથ બોલવાની બિડને બદલે, અહીં તમે બે વધુ હાથ બોલો છો. આ 1 H ઉપર 3 S જેવી બિડ, ભિલ્લુ ઉપર, બિડ ખુલ્લી રાખવાનું દબાણ કરતી નથી તે બરાબર ખયાલમાં રાખો. ઉપર જણાવેલી એવી ફોર્સિંગ બિડ યા ફરજિયાત ખુલ્લી રાખવાની બિડ માટે નીચેની ચોક્કસ જરૂરિયાતો **સમજી** લો:

(૧) તમારી પોતાની બોલાય તેવી ભાત, લાંબી, મજબૂત અને સંગીન યા નક્કર (long and solid suit of your own) હોય તો તમારામાં મુખ્ય હાથ ૩½ હોવા જોઇએ. ભિલ્લુએ બતાવેલી ભાતમાં, તમારામાં ઓછાંમાં ઓછો ચાર પાનાંનો ટેકો હોય તો પણ એટલા જ મુખ્ય હાથ જરૂરી છે. આથી તમારી બતાવેલી ભાત ભિલ્લુને કદાચ ન રુચે તો તેની જ ભાતમાં પણ પૂરો દાવ થઈ શકે. ભિલ્લુએ દર્શાવેલી ભાતમાં ત્રણ પાનાંનો ટેકો હોય તો ચાર મુખ્ય હાથ જોઇએ.

(૨) ૪½ મુખ્ય હાથ અને કોઈ પણ સામાન્ય રીતે બોલી શકાય તેવી ભાત: ધ્યાન રાખો કે અહીં તમારી પોતાની ભાત લાંબી-સંગીન નથી. ભિલ્લુની ભાતને ટેકો ન અપાય તો પણ ૪½ મુખ્ય હાથ જોઇએ.

દૃષ્ટાંત: તમારો ભિલ્લુ 1 H બોલ્યો છે. તો તમારો જવાબ; દર્શાવેલાં તમારાં પાનાંની નીચે જ બતાવવામાં આવ્યો છે:

| | | |
|---|---|---|
| ♠ K Q J x x x | ♠ A Q x x | ♠ K J x |
| ♥ x x | ♥ K x x x | ♥ J x x |
| ♦ A x | ♦ K 2 | ♦ A x |
| ♣ A Q x | ♣ K Q x | ♣ A K Q x x |
| 2 S | 2 S | 3 C |
| ૩½+મુખ્ય હાથ છે જ. ઉપરાંત તમારી નક્કર કાળીની ભાત પણ ખરી. | ૩½ મુખ્ય હાથ છે જ. ઉપરાંત ભિલ્લુની ભાતમાં ચાર પાનાંનો ટેકો. | |

આવી જ રીતે ભિલ્લુ 1 D બોલ્યો હોય તો નીચેની તમારી બાજીમાં તેની નીચે દર્શાવેલી બિડ આપો.

| | |
|---|---|
| ♠ K Q J x x | ♠ A x |
| ♥ A J x x | ♥ K x x |
| ♦ K x | ♦ K x x |
| ♣ A x | ♣ A K Q x x |
| 2 S | 3 C |

જ્યારે આપણે બિડની શરૂઆત કરી હોય, આપણા ભિલ્લુએ તેનો કોઈ પણ બીજી બિડથી જવાબ (response) આપ્યો હોય ('પસાર' Pass બોલવું એ જવાબ ન જ ગણાય.) ત્યારે આપણે ગેઈમ માટેનો ફદકો, બીજી કોઈ નવી ભાતમાં જરૂરી કરતાં એક જ હાથ વધારે બોલીને (making a jump rebid in a new suit or bidding one trick more than necessary) આપી શકીએ. તે માટે:

अ આશરે પાંચ મુખ્ય હાથ (H T) આપણામાં હોવા જોઇએ.

ब બીજી ભાત બોલવા માટેના, તે ભાતનાં એવાં બોલી શકાય તેવાં સારાં પાનાં પણ જોઇએ જ.

क બે ભાત તમારામાં પાંચ પાંચ પાનાં યા વધુ પાનાંની હોય અથવા ભિલ્લુએ બતાવેલી ભાતમાં ટેકો હોય તો ૪ થી ૪½ મુખ્ય હાથ ચાલે.

દૃષ્ટાંત: તમે 1 Hથી બિડની શરૂઆત કરી હોય અને તમારા ભિલ્લુએ 1 Sથી જવાબ વાળ્યો હોય તો તમે નીચેની બાજીમાં તે તેની દર્શાવેલી બિડ આપો:

| | | | |
|---|---|---|---|
| ♠ — | ♠ A J x | ♠ K Q | ♠ x x |
| ♥ A K x x x x | ♥ A Q J x x | ♥ A K x x | ♠ A K Q x x |
| ♦ K x | ♦ K | ♦ A Q x x | ♦ A K Q x x |
| ♣ A K x x x | ♣ K Q J x | ♣ K x x | ♣ x |
| 3 C | 3 C | 3 D | 3 D |

તમે સમજી શક્યા હશો કે ભિલ્લુના 1 Sના જવાબ પછી તમે 2 C યા 2 D બોલી શકત, પરંતુ તેમને આ બાજીમાં ગેઈમ સ્પષ્ટ દેખાય છે માટે જોઇએ તે કરતાં ફક્ત ૧ હાથ વધુ બોલવાની બિડ આપો , ઝુને ગેઈમ સુધીનો ધક્કો જ મારો છો. ગેઈમ પૂરી બોલાય નહિ ત્યાં સુધી તમારા બેમાંથી કોઈ વચમાં અટકી શકે જ નહિ.

## ભિલ્લુને આપેલી બિડ ઉપર આપણો 2 N Tનો ફદકો

A jump take out of 2 N T

ભિલ્લુએ શરૂ કરેલી બિડ ઉપર, આપણે 2 N T બોલીને પણ, ગેઇમ પૂરી કરવાનું દબાણ આપણા ભિલ્લુને આપી શકીએ. 2 N Tના આપણા જવાબ પછી પણ ઓછામાં ઓછી ગેઇમ પૂરી બોલતાં સુધી,

આપણે કે આપણા ભિલ્લુએ અટકવાનું નથી જ. N T (સર વિનાની બાજી)માં ગેઇમ માટે નવ જ હાથ કરવાના હોઈ, તેમાં મુખ્ય હાથની જરૂરિયાત જરા ઓછી હોય છે, તે નીચે મુજબ:

આપણી પાસે કોઇ મજબૂત યા સંગીન ભાત ન હોય ને બધી ય ભાતમાં કાંઇક માલ યા મજબૂતાઈ (strength) હોય તો ૩થી ૩½ મુખ્ય હાથ જોઇએ. સામાન્ય રીતે 2 N Tનો આપણો જવાબ, (response of 2 N T, over partner's opening one suit bid) ૪-૩-૩-૩ યા ૪-૪-૩-૨ની પાનાંની વહેંચણી બતાવે છે. બધી ય ભાતમાં સરખું જ બળ વહેંચાએલું હોય તો ૨½+મુખ્ય હાથ હોય તો પણ કેટલીક વાર તમે 2 N Tનો જવાબ આપી શકો. આથી 2 NTની તમારી જવાબી બિડ તમારી બાજીનો નીચે મુજબનો ચિતાર આપે છે.

૧. કોઇ પણ ભાતમાં કૂદકો મારીને બિડ આપવાની અશક્તિ. (No strength for a forcing take out in a suit.)

૨. ભિલ્લુની ભાતને જ બેવડો ટેકો આપવાની અશક્તિ.

૩. સંગીન મજબૂત ભાતની ખામી.

આ અશક્તિઓ પૂરતી 2 N Tની બિડ એ મર્યાદિત જ છે. સામાવાળાઓ શરૂઆતમાં જ ધડાધડ કોઈ ભાત ઊતરીને હાથ કરી ન લે માટે દરેક ભાતને આપણે અટકાવી શકીએ (stopper in every suit) તેવું પાનું આપણામાં હોવું જ જોઇએ. કોઈ પણ ભાતનો A; K x; Q x x; J x x x (કોઈ પણ ભાતનો એક્કો, યા બાદશાહ સાથે બીજું પાન; રાણી સાથે ત્રીજું પાન અને ગુલામ સાથે ચાર પાન એ સામાવાળાઓની ભાત અટકાવવાનાં (stoppers) પાનાં કહી શકાય. ભિલ્લુએ બોલ્યા સિવાયની ભાત; (તે પણ અપવાદ સિવાય જ) કોઈ પણ એકલવાયી ન જ હોવી જોઇએ (no singleton). નહિ તો સામાવાળાઓ તે જ ભાત ઊતરીને, એક જ દોટમાં તે ભાતના પાંચ-છ હાથ કરી જાય. (They will run in their own suit.)

ભિલ્લુની 1 Hની બિડ ઉપર, નીચેનાં પાનાંમાં તમે 2 N Tનો જવાબ આપી શકો.

| | | | |
|---|---|---|---|
| ♠ A Q x | ♠ A K x | ♠ K x x | ♠ J x x x |
| ♥ J x x | ♥ A x | ♥ K J x | ♥ x x x |
| ♦ A x x x | ♦ J x x x | ♦ Q J x x | ♦ A Q x |
| ♣ K x x | ♣ J x x x | ♣ A x x | ♣ A K x |

ભિલ્લુની 1 Dની બિડ ઉપર ♠ A K, ♥ A Q x, ♦ J x x x, ♣ x x x x, આ પાનાં ઉપર પણ તમે 2 N Tની બિડ આપી શકો.

ધ્યાન રાખો કે આવી forcing bids ત્રણ પ્રકારની હોઈ શકે:

૧. ભિલ્લુએ કરેલી બિડની શરૂઆત પછી કોઈ પણ નવી ભાતમાં જોઇએ તે કરતાં ફક્ત એક હાથ વધુ બોલીને આપણો જવાબ forcing take out દા.ત. 1 H ઉપર 2 S, યા 3 C, 3 D યા 2 N T.

૨. આપણે બિડ શરૂ કરી હોય અને ભિલ્લુએ તેનો કોઈ પણ જવાબ આપ્યા બાદ; ફરી આપણે જોઇએ તે કરતાં એક વધારે બોલીને, બીજી ભાત બતાવીએ ત્યારે our jump rebid in a new suit.

દા. ત. આપણે ભિલ્લુ 1 ઠ ન્મન આપત્રે ૩

આપણે 1 S, ભિલ્લુ 2 C અને આપણે 3 D યા 3 H.

૩. ભિલ્લુએ દર્શાવેલી **મોટી ભાત** (majour suits)માં આપણો બેવડો ટેકો દર્શાવીને. દા. ત.—1 H ઉપર 3 H ને 1 S ઉપર 3 S.

૪. આપણે યા ભિલ્લુએ દર્શાવેલી ભાતમાં, આપણો યા ભિલ્લુનો 2 N Tનો જવાબ.

આવા જવાબ બાદ, આપણને અને ભિલ્લુને શરત એવી ચોક્કસ થાય છે કે ગેઈમ બોલાય નહિ ત્યાં સુધી બિડિંગ તો ચાલુ જ રાખવી.



## નવો પ્રશ્ન

| | | |
|---|---|---|
| | ♠ 6 4<br>♥ 7 6 5 3<br>♦ A J 9<br>♣ A 7 6 3 | |
| ♠ 7 5 3 2<br>♥ Q J<br>♦ K 10 8 4<br>♣ J 10 9 | ૩<br>૫ ૫<br>૬ | ♠ 10 9<br>♥ 10 8 4 2<br>♦ 7 2<br>♣ Q 8 5 4 2 |
| | ♠ A K Q J 8<br>♥ A K 9<br>♦ Q 6 5 3<br>♣ K | |

સર કાળીના. પશ્ચિમ કાળીની દૂરીની પહેલી ઊતર કરે છે. હવે ઉત્તર-દક્ષિણ ભિલ્લુઓએ, ઉત્તમ બચાવ સામે તેરેતેર હાથ કરવાના છે. તા. ૩૧-૧-'૬૦ સુધીમાં સાચા જવાબ મોકલનારનાં નામ છાપીશું. જવાબ મોકલવાનું સરનામું:

Sadhuram Dave, 33 Ritherdon Rd., Vepery, Madras-7.

---

નીચેના મુદ્દા પણ ધ્યાનમાં લો.

૧. ગેઇમ ન બોલાય ત્યાં સુધી કોઈ પણ સંજોગોમાં પાસ ન બોલવું.

૨. તમારી પોતાની ભાત ફરી બોલાય તેવી હોય તો બોલો, યા નવી ભાત બતાવો.

૩. ભિલ્લુની ભાતને, તમારામાં યોગ્ય સર હોય તો ટેકો આપો.

૪. આમાંનું કશું ય ન હોય તો, ઓછામાં ઓછા જરૂરી N T બોલીને પણ, નીચામાં નીચી કક્ષામાં બિડ તો ખુલ્લી જ રાખો.

દા. ત. ભિલ્લુ 1 H, તમે 1 S, ભિલ્લુ 3 D અને તમારામાં કાળીની ભાત ફરી બોલાય તેવી ન હોય, ભિલ્લુની લાલને ટેકો ન અપાય તેમ હોય તો છેવટે 3 N T તો બોલો જ. ભિલ્લુમાં પણ ફુલ્લી ફિક્કી હશે તો ફરી 4 D બોલીને તમને, તે બિડને 4 H યા 5 Dમાં ફેરવવાનું તે સૂચન કરશે.

ધ્યાન રાખો કે ઉપર જણાવેલી સર્વ બિડમાં ફક્ત ભિલ્લુઓ જ સામસામા બોલ્યા કરે છે, એટલે કે સામાવાળાઓએ વચમાં કોઈ બિડ આપી જ નથી. તે હંમેશા પસાર જ (pass) બોલ્યા છે.

## ગયા પ્રશ્નનો ઉકેલ

ઉત્તર દક્ષિણ ભિલ્લુઓએ લાલના સરમાં તેરે ય હાથ કરવાના છે અને પહેલી ઊતર ♣Qની થએલી છે. આ પ્રશ્નમાં આશરે ૨૦ જવાબો મળ્યા છે જેમાં સાચા જવાબ ફક્ત બે છે. તે બંને ભાઇઓનાં નામ નીચે મુજબ:

(૧) બી. આઈ. દેસાઇ લખનૌ, (૨) દુરાબ એચ. ખેતી, જૂનાગઢ. તે બંને ભાઈઓને અભિનંદન. આ પ્રશ્ન પ્રમાણમાં અટપટો ગણી શકાય અને એથી જ આટલા ઓછા સાચા જવાબો મળ્યા છે.

પ્રથમ ઊતરમાં, ફુલ્લીનો A, ઉત્તરમાંથી રમાય છે અને ત્યાંથી તુર્ત જ ફુલ્લીનો બાદશાહ રમાય છે. રમતની આ જ મુખ્ય ચાવી છે. પહેલી ઊતરમાં, દક્ષિણ ચોકડીના પંચાની ફિશ નાખી દે છે. હવે બીજી ઊતરમાં પૂર્વ મૂંઝાય છે. ફુલ્લીના બાદશાહની ઊતરમાં, તેને માટે ત્રણ રસ્તા છે:

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપર)

# કલાયાત્રી

## ફોટોકલાકાર ધીરજ ચાવડા

### લેખક · સુનીલ કોઠારી

રાતના સાતેક વાગ્યા હતા. જાણીતાં મણિપુરી નૃત્યાંગના નયનાબેન ઝવેરીએ કાર્યક્રમ શરૂ કરતાં પૂર્વે સૌ આમંત્રિતોનો પરસ્પર પરિચય કરાવતાં તેજસ્વી નેત્રોવાળા, નાકે નેણે નમણા એક તરુણ કલાકાર પાસે લઇ જઇ કહ્યું : 'આ શ્રી ધીરજ ચાવડા'; ને મારો પરિચય આપતાં જણાવ્યું : 'અમારા રાસનૃત્યનો તમે લીધેલો 'ઍકશન ફોટો' જોઇ તમારા વિષે વારંવાર પૃચ્છા કરતા તે ઉત્સુક મિત્ર!'

આ અમારો પ્રથમ પરિચય. અમે બંને વાતો કરવા આતુર હતા પરંતુ તરત જ કાર્યક્રમ શરૂ થયો. મોડેથી કાર્યક્રમ પત્યા પછી 'મલ્ટિપલ એકસ્પોઝર' પદ્ધતિથી નૃત્યાંગનાઓની રંગીન તસ્વીરો લેવાની એમની કલાત્મક આવડત વિશે થોડી ચર્ચા કરી ને ફરી મળવાનું તથા બને તો એ વિષય પર 'કુમાર' માટે લેખ લખી આપવાનું ઠરાવી અમે છૂટા પડયા. પણ એ ફરી મળવાનું છેક ત્રણચાર મહિને જ સ્વસ્થતાથી બની શક્યુ. ત્યારે એમણે પોતાનો જે પરિચય આપ્યો તે એમના જ શબ્દોમાં જોઇએ:


"પૂરું નામ ધીરજ હીરજીભાઈ ચાવડા. અમે રાજપૂત છીએ. ૧૯૨૨માં બીજી એપ્રિલે મોરબીમાં મારો જન્મ. પિતાજીએ ૧૯૧૯માં મોરબીમાં શિપિંગ કંપની કાઢેલી, ને વહાણવટાના એ વ્યવસાયમાં લંડનમાં 'ક્લાર્ક. સ્મિથ ઍન્ડ ચાવડા લિમિટેડ' પેઢીમાં પણ પિતાજી ભાગીદાર હતા. એ વ્યવસાયમાં ઈશ્વરકૃપાથી સારી બરકત મળવાથી એમણે સ્વતંત્ર શિપિંગ એજન્ટ તરીકે 'એચ. બી. ચાવડા ઍન્ડ સન્સ' નામે મુંબાઇમાં પેઢી ખોલી. સૌરાષ્ટ્રનાં તમામ બંદરોના અમે શિપિંગ એજન્ટ છીએ. અમે ચાર ભાઇઓ ને એક બહેન મળી પાંચ ભાંડુ. હું સૌથી નાનો, એટલે લાડકવાયો પણ ખરો.

શાળામાં હું ક્રિકેટ વગેરે રમતગમતોમાં હમેશાં કૅપ્ટન નિમાતો. બધી વાતે હું પૂરો રહેતો. ભણવામાં ઝાઝો હોશિયાર નહિ પણ પાસ થતો. મારું ભણતર અંધેરી (મુંબાઇ)ની હંસરાજ મોરારજી પબ્લિક સ્કૂલમાં થએલું. ૧૯૪૨માં મૅટ્રિક પાસ કરી ત્યાં લગી હું એ શાળાની હૉસ્ટેલમાં જ રહીને ભણ્યો. નાનપણથી કલા પ્રત્યે અભિરુચિ ખરી, (પુલિન બાબુ દત્ત મારા કલાગુરુ), પણ દિશાદોર વિનાના સૈનિક જેવા હાલ. મિજાજ તેજ અને વાતેવાતે વાંકું પડે. લાડકોડમાં ઊછરેલો ને રાજપૂત તરીકે પંકાએલો. ૧૯૩૯માં મને પ્રથમ વાર હું સારાં ચિત્રો દોરી શકું છું તેવું ભાન થયું. મારા એક સહાધ્યાયીને મેં મારું એકાદ ચિત્ર ભેટ આપેલું. એ ભાઈ શાંતિનિકેતન વધુ અભ્યાસ માટે ગએલા, ત્યાં પોતાનાં ચિત્રો નંદબાબુને બતાવતા. એમના સંગ્રહમાં મારું ચિત્ર જોઇને નંદબાબુએ ઉત્સાહપ્રેરક વચનો કહેલાં. પરિણામે મને પણ શાંતિનિકેતન જઇ અભ્યાસ કરવાની લગની લાગી.

પણ ૧૯૩૯માં જ અમારી પેઢીના કામ અંગે મને પિતાજીએ અમેરિકા મોકલ્યો. ત્યાં જિંદગીમાં પહેલી વાર મેં મારો પોતાનો કહી શકું તેવો કૅમેરા ખરીદ્યો અને રંગીન ફોટો લેવાની શરૂઆત કરી. (જોકે શાળામાં મોટાભાઇએ અથવા ઘરમા જન્મોત્સવ નિમિત્તે પિતાજીએ આપેલા કૅમેરા વડે મેં ફોટા પાડવાની શરૂઆત તો વહેલી કરેલી.) છતાં મને ચિત્રકળા પ્રત્યે વધુ અનુરાગ હતો. મારા એક ચિત્રને '૫૧માં યોજાએલા રાજકોટના પ્રદર્શનમાં ઇનામ પણ મળેલું. પરંતુ મારે નસીબે ચિત્રકાર થવાનું સર્જાયું નહિ હોય.

આ દરમિયાન ૧૯૪૨મા મેં મૅટ્રિકની પરીક્ષા પાસ કરી, ને લાગલો જ પિતાજીએ મને ધંધે વળગાડી દીધો. ૧૯૪૩માં મારાં લગ્ન થયાં: ચાવડા કુટુંબમાં જ. પત્નીનું નામ શારદા. મારા વડીલ ભાઇઓ પણ પેઢીમાં ધ્યાન આપતા અને એ પ્રણાલીને અનુસરી મેં પણ ધંધામાં ધ્યાન પરોવવા માંડ્યુ. ૧૯૪૭માં પિતાજીએ ફરી મને અમેરિકા મોકલ્યો ત્યારે મેં કલરફોટોગ્રાફીના વધુ પ્રયોગો કર્યા અને મારી ફોટોગ્રાફીની સમજ વિશદ બની. ફરી મારે પેઢી માટે કૅનેડામાં મૉન્ટ્રીઅલ, ટોરાંટો વગેરે સ્થળે જવું પડ્યું. ચીનમાં મેં શાંઘાઈ અને હૉંગકૉંગમાં પણ વિવિધ પ્રયોગો કરેલા. '૫૩માં ઇંગ્લંડ ગયો, ત્યાં ગવર્નમેન્ટ ઇન્સ્ટીટ્યૂટના આશ્રયે 'સેન્ટર ઑવ સિનેમેટોગ્રાફીની શિષ્યવૃત્તિ' મળતાં રોમમાં વર્ષ ગાળી મેં ફોટોગ્રાફીનો ઊંડો અભ્યાસ કર્યો. ઇટાલીમાં પેરૂગીઆમાં 'યુનિવર્સિટી ઑવ ફ્લૉરેન્સ'માં ત્રણ મહિના રહી ઇટાલિયન ભાષા શીખ્યો.

શાળામાં હતો ત્યારે હસ્તલિખિત સામયિકો વગેરેમાં હું સુશોભનો કરતો તે સાથે મારા ફોટોગ્રાફોનો પણ યથોચિત ઉપયોગ થતો. પછી 'બાલકનજી બારી'ના 'પુષ્પ' સામયિકમાં મારી લીધેલી તસ્વીરો પ્રગટ થવા લાગી. ત્યાર બાદ પ્રથમ વાર 'ધર્મયુગ'માં ને પછી '૫૨માં 'ઇલસ્ટ્રેટેડ વીકલી'માં કુ. શાંતિ રામચંદાનીના ભરતનાટ્ય-નૃત્યનાં મેં 'મલ્ટિપલ એકસ્પોઝર' પદ્ધતિથી લીધેલાં રંગીન ચિત્રો પ્રસિદ્ધ થયાં. પછી તો મેં flower arrangementsની series શરૂ કરેલી, તેણે પણ ઠીકઠીક ધ્યાન ખેંચેલું. 'વીકલી'માં વત્તેઓછે અંશે નિયમિતરીતે મારાં ચિત્રો પ્રસિદ્ધ થતાં રહ્યાં છે પણ થોડા વખત પૂર્વે કુ. ચંદ્રલેખા પટેલનાં મેં 'મલ્ટિપલ એકસપોઝર'થી લીધેલાં ભરતનાટ્યમમાં 'નવરસ' દર્શાવતાં રંગીન-ફોટોચિત્રો 'વીકલી'માં પ્રકટ થયાં ત્યારથી તો એ ટેકનિકની જાણ સારુ મારે ત્યાં પત્રોના ઢગલા થવા લાગ્યા, ને એ પછી લીધેલો ઝવેરી બહેનોનો 'ઍક્શન ફોટો' તો ચર્ચાનો વિષય થઇ પડ્યો (જુઓ ચિત્ર). તેના છૂટક જવાબો આપવાનું બહુ બની શકતું ન હતું એટલામાં તમે 'કુમાર' માટે લખવાનું આમંત્રણ આપ્યું તે સારું થયું: આ સાથેના લેખમાં મેં વિગતે તેની સમજ આપી છે."



કલાના ત્રણ પ્રકાર છે: જીવનકલા, સૌકર્યકલા અને સૌન્દર્યકલા. એ ત્રણમાં જીવનકલા શ્રેષ્ઠ છે; બાકીની બેનો જીવનકલામાં અંતર્ભાવ થાય છે. ખેતી, ઘર બાંધવાની કળા, વણવાનું અને તરેહતરેહનાં ઓજાર દ્વારા હસ્તકૌશલ્ય, આ સૌ જીવનકલાના પ્રકાર છે. એ કળા દ્વારા જે આનંદની નિર્મિતિ થઇ તેને વ્યક્ત કરવા માટે સ્થાપત્ય, ચિત્રકલા, સંગીત આદિ સૌંદર્યકલાઓનું નિર્માણ થયું. એ પછી આવી સૌકર્યકલાઓ, જેનું પ્રભુત્વ આજ સારા વિશ્વ પર જોઈ શકાય છે. એના વિસ્તારનું તો શું વર્ણન કરવું?

—કાકા કાલેલકર

# ફોટોગ્રાફીમાં 'મલ્ટિપલ એક્સપોઝર'ની કલા

લેખક · ધીરજ ચાવડા

કુ. ચંદ્રલેખાના ભારતનાટ્યમના 'નવ-રસભાવ'નું મારું ચિત્ર પ્રથમ જ્યારે 'ઈલસ્ટ્રેટેડ વીકલી ઑવ ઇંડિયા'માં પ્રકટ થયું ત્યારે એમાં મેં વાપરેલી 'મલ્ટિપલ એક્સ્પોઝર'ની ખૂબી વિષે પૃચ્છા કરતા અનેક પત્રો મને મળેલા ને તેના મેં યથાશક્તિ વ્યક્તિગત જવાબો પણ આપેલા. આજે હવે અહીં 'કુમાર'ના વાચકો માટે કૅમેરાની એ કળા વિષે લખવાથી, હું માનું છું કે, વધુ માણસોને એને વિષે જાણવા મળશે.

ફોટોગ્રાફી કરવાનો ક્યારે યે જો તમે પ્રયત્ન કર્યો હશે તો એક ફોટો પાડ્યા પછી, (ફોટો-ગ્રાફીની ભાષામાં કહીએ તો એક શૉટ લીધા પછી કે એક એક્સ્પોઝ કર્યા પછી) ફિલ્મ ફેરવ-વાનું તમે એકાદ વખત તો અચૂક ભૂલી ગયા હશો. અને ફિલ્મ ધોવાઇ રહ્યા પછી તમારી એ ભૂલનું પરિણામ જોઇ તમને કદાચ રંજ પણ થયો હશે. સંભવ છે કે ક્યારેક આવી ભૂલને પરિણામે એક માનવ-આકૃતિ પર જ બીજી માનવ-આકૃતિ આવી જતાં એક ધડ, બે માથાં ને ચાર હાથવાળી આકૃતિ જોઇ તમને કંઈ ટીખળ કે આનંદ પણ સ્ફુર્યાં હશે. આ ભૂલને 'ડબલ એક્સ્પોઝર' કહે છે.

તમારી આ ભૂલને લક્ષમાં રાખી જો તમે ઊંડો વિચાર કરશો તો તમને જણાશે કે ઉપ-યુક્ત જે ભૂલને પરિણામે તમને ચતુર્ભુજ પાત્રનો ફોટોગ્રાફ મળ્યો એમાં જે અકસ્માત્ પરિણામ આવ્યું એ જ પરિણામ તમે ચીવટ-પૂર્વકની યોજનાથી પણ સહેજે મેળવી શકો. એટલે કે જો તમારે ખરેખર કોઈ માણસને ચતુ-ર્ભુજ બતાવવો હોય તો યોજનાપૂર્વક તમે એ ભૂલ કરીને ધાર્યું પરિણામ મેળવી શકો.

આ દાખલામાં તો માત્ર બે જ એક્સ્પો-ઝરની વાત થઈ; પણ હવે તમે સમજી ગયા હશો કે આ જ રીતે એક જ ફિલ્મ ઉપર બે કરતાં વધુ એક્સ્પોઝર પણ તમે બુદ્ધિપૂર્વક યોજી શકો અને ધાર્યું પરિણામ લાવી શકો. આ એક કરતાં પણ વધુ એક્સ્પોઝરનો એટલે કે 'મલ્ટિપલ એક્સ્પોઝર'નો મૂળ સિદ્ધાંત તો તમે સમજ્યા. પણ એટલું જ પૂરતું નથી. આમ યોજનાપૂર્વકનું ચિત્ર લેતી વખતે તમારે ફોટો-ગ્રાફીના અન્ય નિયમોનો યે ખયાલ રાખવો જોઇએ: ખાસ કરીને ચિત્રની બૅકગ્રાઉન્ડ, તેના એક્સ્પોઝરનો સમય, પ્રકાશની રચના ઇત્યાદિ.

જ્યાં એક જ શૉટથી ચિત્રવસ્તુની ધારી અસર કે તેના મૂળ ભાવની સ્પષ્ટતા બરાબર ન થઇ શકતી હોય ત્યાં, અથવા નૃત્ય જેવા ગતિમાન પ્રસંગો વખતે, તેની સમજ એ વસ્તુ-નાં વિવિધ રૂપનાં અનેક જુદાંજુદાં ચિત્રો લઇ અગાઉ અપાતી. અત્યારે પણ એમ થાય જ છે અને જોનારના મનમાં તેની વિગતો ઊતરે પણ છે. પરંતુ એથી ગતિના લયનો જે ભાવ જોનારના માનસપટ પર ઊપજવો જોઇએ તે નથી આવતો. મલ્ટિપલ એક્સ્પોઝરથી એ ભાવ ઉપજાવાય છે. નૃત્યનો લાવણ્યભર્યો લય, કોઈ યંત્રના અમુક ભાગની ગતિ કે ટાઇપરાઇ-ટર કે પિયાનો પર નાચતી આંગળીઓ આદિ મલ્ટિપલ એક્સ્પોઝરથી સચોટ દર્શાવાય છે.

પરદેશમાં આ પ્રકારની ફોટોગ્રાફી માટે 'ઇલેક્ટ્રૉનિક સ્ટ્રોબ' કે 'મલ્ટિ-સ્ટ્રોબ' નામનું ખાસ ફ્લૅશલાઈટ સાધન વપરાય છે. તે વડે કૅમેરાના પાત્ર પર એક કે બે સેકંડના ગાળા-માં તો એક પછી એક દસ વાર પ્રકાશના



ઝબકારા ફેંકાય છે, અને આ રીતે એક જ ફિલ્મ પર ઉપરાઉપરી એક પાત્રની જુદીજુદી દસ છબીઓ ઊતરે છે. એ દરેક ઝબકારો એક સેકંડના ૧૦૦૦મા ભાગ જેટલો હોય છે. આ અજબ સાધન વડે 'મલ્ટિપલ એક્સ્પોઝર' બહુ સરળતાથી લઇ શકાય છે.

હું જે પદ્ધતિ અજમાવું છું તેમાં પાત્રના સહકારની પણ પૂરી જરૂર પડે છે, કેમકે કૅમેરાના ઉપયોગની મારી આવડતમાત્રથી જ ઇચ્છિત અસર નથી નીપજી શકતી. ફોટોગ્રાફીની અટપટી ભાષાને બદલે સરળતાથી કહું તો હું ફિલ્મને એક કોરી પાટી (સ્લેટ) પેઠે વાપરું છું. વિદ્યાર્થી જેમ કોરી પાટીની કાળી ભોંય પર લખતો જઈ તે આખી પાટી ભરી દે, તે રીતે હું પણ મારાં ચિત્રો માટે પ્રથમ લગભગ કાળી ભૂમિ—બૅક ગ્રાઉન્ડ પસંદ કરું છું. અને પાત્રના હલનચલનને એવી સ્થિતિએ ગોઠવું છું કે એક છેડેથી તે જુદીજુદી સ્થિતિએ આગળ વધતું જઇ એકબીજાં પ્રતિબિંબને ઢાંકી દીધા વિના, કૅમેરાના જેટલા વિસ્તારમાં છાપ લેવાની હોય તેટલા વિસ્તારને તે ભરી દે. કાળી ભૂમિ હમેશાં ફિલ્મ પર ફરી એક્સ્પોઝ કરવાની તક રહેવા દે છે એની તો તમને ખબર હશે. એટલે હું મારા પાત્રને ખાલી રહી જતા ગાળામાં, જોઇતી સ્થિતિમાં (પોઝમાં) મૂકતો જાઉં છું અને ફરી ફરી તેનાં એક્સ્પોઝ લેતો જાઉં છું. આમ, (કદાચ 'ડબલ એક્સ્પોઝર'ની ભૂલમાંથી જન્મેલી) 'મલ્ટિપલ એક્સ્પોઝર'-ની આ યુક્તિ કૅમેરાની કે ફોટોગ્રાફરની કળા તરીકે પ્રતિષ્ઠા પામી છે. પહેલીમાં ભૂલ થતી હોવાથી એની કશી કિંમત નથી, જ્યારે 'મલ્ટિપલ એક્સ્પોઝર'માં ફોટોકલાકારના કસબની કસોટી થઈ તેનાથી અદ્‌ભુત પરિણામો મળે છે.

વર્ષોના અનુભવોના નિચોડ રૂપે ઉસ્તાદ ફોટોગ્રાફરો ફોટોગ્રાફીના સિદ્ધાંતો ને નિયમો સ્થાપતા ગયા છે. એ નિયમનો ભંગ એટલે ફોટોગ્રાફીનો છબરડો જ. પણ સંભાળથી બુદ્ધિપૂર્વક એ નિયમોનો પોતાના લાભમાં જ ભંગ કરવાથી ઘણાં અદ્‌ભુત પરિણામો ફોટોકલાકાર લાવી શકે છે. હું પોતે પણ કદી એકની એક ટેક્નિકને વળગી ન રહેતાં હમેશાં જુદાજુદા પ્રયોગો કરતો રહું છું. તમે પણ એમ કરી શકો–કરવું જોઇએ. એથી ઘણા નવા અનુભવો તો મળે જ છે, પણ ઉપરાંત તમે ઘણાં અવનવાં પરિણામો પણ ઉપજાવી શકશો.

ઝવેરી બહેનોના 'ગોપીકૃષ્ણ' નૃત્ય (સાથેના ચિત્ર)માં મેં એક બીજો પ્રયોગ કર્યો છે. એથી ચિત્રમાં કોઈ કલાકૃતિ (પેઇન્ટિંગ) જેવી અસર મેળવી છે. એ મૂળ રંગીન ચિત્ર 'ઇલસ્ટ્રેટેડ વીકલી'માં પ્રકટ થએલું ઘણાએ જોયું હશે. આમાં મેં ઓપન લેન્સની પદ્ધતિ અપનાવેલી. સામાન્તઃ ગતિમય પ્રયોગોનાં ચિત્રો લેતી વખતે એક્સ્પોઝર ટૂંકું જ ઝડપી અપાય છે. પણ [illegible] એ નિયમનો ભંગ કરી મેં અહીં લેન્સને પાંચ સે[illegible] ખુલ્લો રાખ્યો—પાંચ સેકંડનો એક્સ્પોઝર આપ્યો. આમ પાંચ સેકંડ સુધી આખા ચિત્રનું એક્સ્પોઝર 'ડેલાઈટ'ની પ્રકાશયોજનામાં કર્યા બાદ છેવટે બરાબર યોગ્ય પળે જ ફ્લૅશ દાબીને ફિલ્મ પર એક વધુ શાર્પ પ્રતિબિંબ પણ ઝડપ્યું; અને પરિણામે તમે જોશો કે, રાસ રમતાં રમણે ચડેલી ગોપીઓની ગતિનો ભાવ ચિત્રમાં કેવો આવ્યો છે! સામાન્યતઃ લાંબા એક્સ્પોઝરથી ગોપીઓની ગતિને લીધે ચિત્રમાં માત્ર લિસોટા જ આવે, જેની અહીં જરૂર તો હતી જ. પછી ફ્લૅશ આપીને એ લિસોટા વચ્ચે પાત્રોની ગતિમય સ્પષ્ટ આકૃતિ મૂકી દીધી, એટલે કોઈ કલાચિત્ર જેવી અસર નીપજી આવી.

આવી જ એક ત્રીજી યુક્તિ પણ છે, જે 'સુપર ઇમ્પોઝિશન'ને નામે ઓળખાય છે. મેળામાં તથા ફૂટપાથ પર ચાર આને ફોટો પાડી આપતા ફોટોગ્રાફરો તમે જોયા હશે. એ આજે તો હવે જોવા પણ જવલ્લે જ મળે છે. એમની પાસે ઘણા ભોળા ભાવિકજનો પણ ફોટો પડાવતા. એવા ભક્તોને ખુશ કરવા એ ફોટોગ્રાફરો થોડો વધારાનો ચાર્જ લઈ 'અદ્‌ભુત' ફોટો બનાવી આપતા અને ભક્તોને ખુશ કરી દેતા. તેઓ કેવું ચિત્ર ઉપજાવતા તે જોઇએ. પ્રથમ તો હાથમાં કોઈ ચીજ પકડી હોય તેવી સ્થિતિમાં ખાલી હાથ રખાવીને તેઓ ભક્તજનનો એક ફોટો લેતા. પછી એ ફોટામાં માત્ર પાત્ર જ રહેવા દઈ, બૅકગ્રાઉન્ડ વગેરે બાકીનું બધું કાપી નાખતા. હવે તેઓ ભક્તજનનું મસ્તક પણ ધડથી જુદું કાપી લેતા અને તે પેલા ખાલી રાખેલા હાથ પર મૂકી દેતા. અને છેવટે, હાથમાં પોતાનું મસ્તક લઈ બેઠેલા ભક્તના એ ચિત્રને કોઈ દેવદેવીના તૈયાર ચિત્ર પર ચોડી દઈ તેનો ફરી એક સમગ્ર ફોટો પાડી આપતા. પરિણામમાં ભગત પોતાના અધિષ્ઠાતા દેવને જાણે 'કમળપૂજા' ચડાવતો હોય તેવો પોતાનો ફોટો જોઈ ખુશખુશ થઈ જતો. પછી જમાનો પલટાયો ને ભગવાનની જગ્યાએ સિનેમાની નટીઓ આવી. પોતાનો ફોટો કાપી નટીના કોઈ ફોટોની બાજુમાં ચોડી તેની સાથે ફોટો પડાવ્યાનો હલકો આનંદ પણ કૈંક ઇશ્કીઓએ લીધો.

આ થયું 'સુપર ઈમ્પોઝિશન': એક પર બીજાં ચિત્રો ચોડી અવનવી અદ્‌ભુત અસરો ઉપજાવવાની કળા. આ સાથે આપેલું 'મેરી ક્રિસ્ટમસ'નું ચિત્ર આ રીતે જ લીધેલું છે. એક જ પાત્રનાં–આ લેખકનાં–જ જુદાંજુદાં ચિત્રો લઈ તેને કાપીને એક નિશ્ચિત બૅક-ગ્રાઉંડ પર ચોડી તે રૂપજાવ્યું છે. આમાં ચિત્ર કાપવાની ને ચોડવાની સફાઈ તથા યોગ્ય બૅકગ્રાઉન્ડની પસંદગી ઉપર ચિત્રની સફળતાનો ઘણો આધાર રહે છે. આ જ રીતે તમે એક માનવપાત્રના મોટા ચિત્રની બાજુમાં તેના પગ પાસે બીજા માનવપાત્રનું ઘણું નાનું ચિત્ર મૂકી એકને મહાકાય ને બીજાને વામનજી બતાવી શકો. 'બગદાદ કા ચોર' (ધ થીફ ઑવ બગદાદ)ની ફિલ્મમા દેખાતા મહાકાયજીનની કે ઊડતા ઘોડાની ને ઊડતા ગાલીચાની રજૂઆત પાછળ કઈ યુક્તિઓ અજમાવાઈ હશે તે તમે હવે ઘણી સરળતાથી વિચારી શકશો.




એક જ પાત્રનાં વિવિધ ચિત્રો યોગ્ય બૅક ગ્રાઉન્ડ પર મૂકવાની 'સુપર ઇમ્પોઝિશન' પદ્ધતિ

## આપણાં પ્રાણીઓ ૩૧ : સાબર

સાબર તો આપણું પરિચિત છે. નાનાં બાળકો યે તેનાં શિંગડાંની વાત જાણે.

તે લાગે મોટા શિંગાળા હરણ જેવું. તેનું શાસ્ત્રીયનામછે Rusa Unicolor, (Keer). દુનિયાભરમાં ભારતીય સાબર સૌથી ગોટું છે અને ગંજાવર શિગડાં ધરાવે છે. ખભા પાસે તેની ઊંચાઈ લગભગ ૫ ફીટ. પૂર્ણ વિકસિત સાબરનું વજન ૫૦૦ થી ૭૦૦ રતલ થાય.

અગ્નિ-એશિયાનું આ લાક્ષણિક પ્રાણી ભારત, બ્રહ્મદેશ ને સિલોનથી મલય દેશો સુધી તથા પુર્વમાં ફિલિપ્પાઈન્સ અને તેથી યે આગળના જંગલ-પ્રદેશોમાં થાય છે. તેના ખરબચડા ચામડા પર બરછટ વાળ હોય છે. નરને યાળ હોય છે. ગરમીમાં વાળ ખેરી નાખે. રંગ તપખીરી, પીળાશપડતી રાખોડી છાંટવાળો. પેટાળ ફિક્કા રંગનું. માદા આછે રંગે.

ખેતરો પાસેનો જંગલનો ટેકરાળ પ્રદેશ તે રહેવા માટે પસંદ કરે. ઘાસ, પાંદડાં અને જુદાંજુદાં જંગલી ફળો એ તેનો ખોરાક. ખોરાકની શોધમાં ઘણુંખરું રાતે નીકળે, તે પરોઢ થતાં પાછું ફરે. જોવાની શક્તિ સાધારણ, પણ સૂંઘવાની ને સાંભળવાની શક્તિ અતિ તીવ્ર. શરીર ભારે, છતાં ગીચ જંગલોમાં યે અવાજ કર્યા વગર સિફતથી સરકી શકે. તરે સારું. મધ્ય અને દક્ષિણ હિંદનાં સાબર શિંગડાં માર્ચ-એપ્રિલ વચ્ચે ઉતારી નાખે છે, તે મે થી નવેમ્બર સુધીમાં પૂરાં ઊગી નીકળે છે. ચાર-પાંચ કે બારેકની સંખ્યામાં સાથે દેખાય.

રહેણાકમાટે નર સાબરને યુદ્ધ કરવું પડે છે. જીતીજંતાંઅંદરપ્રવેશતીમાદાઓંનોતેસ્વામી બને છે. નવેમ્બર-ડિસેમ્બર એ તેનો સંવનન-કાળ. સંવનન પછી એ તેને વિખેરી નાખે છે ને બીજો સંવનનકાળ આવતાં સુધી એકાંતજીવન ગાળેછે. માદા મે-જૂનમાં બચ્ચાંને જન્મ આપે છે. નેબચ્ચાં પુખ્ત થતાં સુધી મા સાથે રહે છે.



# માધુકરી

## જર્મનીનો રાષ્ટ્રકવિ : યૅાહાન ફ્રીડરિક ફૅાન શિલર

અનંત જગ એકને ઊઘડી જાય પ્રજ્ઞા-ચક્ષે,
અને જીવ અનેકની કળ વળે બીજાને કરે;
દિવાકર કરે અદષ્ટ કંઇ પ્રાન્ત દગ્ગોચર,
સુધાંશુ અભિજાત-સ્પર્શ શિવ સત્ય ને સુંદર.
તમારી ભૂમિની પ્રશસ્તિ મહીં સૂર મારો પૂરું :
તને હું ગચ્ટે, નમું, શિલર, ને તને યે નમું.—રતિલાલ યોગી

ગ્યટે અને શિલર. જર્મન સાહિત્ય સસ્કારગગનની તે સૂર્યચન્દ્રની બેલડી. એકે વ્યાપક માનવ્યનું ગાન કર્યું, અને વિશ્વમાનવી બની જીવ્યો; ને બીજાએ અદના માનવીનાં આકાંક્ષાઓ અને આદર્શોને વાચા આપી, તથા એક સમુન્નત માનવીનું દર્શન પોતાનાં જીવન-કવનમાં ઝીલ્યું.

શિલરની સાહિત્યકાર તરીકેની પ્રતિભા તેની નાટયાત્મક કવિતામાં સોળે કળાએ એટલી તો ખીલી ઊઠેલી જોવા મળે છે કે નાટયાત્મક કવિતાના જગતસમસ્તના ગણ્યમાન્ય લેખકોમાં યે તેનું સ્થાન ઊંચેરું છે. તેનાં 'વૅાલેન્સ્ટાઇન' અને 'વિલિયમ ટેલ'થી જગતના કોઈ પણ ખૂણે વસતો અદનો સાહિત્યરસિક પણ પરિચિત અને મુગ્ધ છે. 'વિલિયમ ટેલ' તો વ્યક્તિ-સ્વાતંત્ર્યનો સાહિત્યિક દસ્તાવેજ ગણાય છે. પણ શિલરે કેવળ વ્યક્તિસ્વાતંત્ર્યનું જ ગાન નથી કર્યું. શિલરને આજે જગત સંભારે છે ને માન અને ભક્તિપૂર્વક વંદે છે એ તો સાહિત્ય તથા જીવન ઉભયનાં સાધન તેમજ લક્ષ્ય સાથે સહજ એકતા સાધી શકતી, તથા માનવ-હૃદયનાં વિકાસ, આરઝૂ અને આદર્શો સાથે એકતાલ થઈ શકતી તેની સમુદાત્ત પરંતુ સરલ સમારાધ્ય દષ્ટિ-સમજ માટે. ગઇ ૧૦મી નવેમ્બરે તેની ૨૦૦મી જન્મજયંતી નિમિત્તે વિશ્વ-સાહિત્ય-કારોએ તેનાં જીવન-સાહિત્યની મહત્તા-પ્રતિભાને કૃતાકૃત્યભાવે અંજલિ આપી.

એ યૅાહાન ફ્રીડરિક ફૅાન શિલરનો જન્મ ઈ. ૧૭૫૯ના ૧૦મી નવેમ્બરે જર્મનીના માર્બાખ ગામે થયો હતો. પિતા યૅાહાન કાસ્પર લશ્કરી સર્જન હતો. બાળ ફ્રીડરિકે પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું કે લાગલો જ વુર્ટેમ્બર્ગના ડયૂક કાર્લ યુજેને તેને લશ્કરી શાળામાં ફરજિયાતપણે કાયદાનો અભ્યાસ કરવા મૂકયો. કુમળી વયના આ બાળક માટે અતિ કડક લશ્કરી શિસ્ત ઘણી જ ભારે હતી. આથી તેનું મન સતત મૂંઝવાએલું રહેતું. પછી ડયૂક બદલાતાં શિલરે કાયદો છોડી દાક્તરીની તાલીમ લીધી અને ૧૭૮૦માં અભ્યાસ પૂરો કરીને તરત સ્ટુટગાર્ટના લશ્કરી સર્જન તરીકે કામગીરી શરૂ કરી દીધી.

પણ સાહિત્ય સર્જવાની લગની તો તેને પ્રથમથી જ લાગેલી. ઘણી નાની વયથી કાવ્યો લખવાં તેણે શરૂ કરી દીધેલાં. અને પછી તો લશ્કરી સર્જન તરીકેના કામને યે તિલાંજલિ આપી દઇને તેણે ૧૭૮૩ના જુલાઈ માસમાં માનહીમ શહેરના એક નાટકઘરના કવિ તરીકેનું કામ એક વર્ષ માટે ઉપાડી લીધું. દરમ્યાન તેનું સાહિત્ય-સર્જન અવિરત ચાલુ હતું. એ વેળાની વાઈમાર શહેરની તેની એક મુલાકાત વખતે ફૅાન લેન્જફેલ્ડ નામના ગૃહસ્થની નાની પુત્રી સાથે તેને ઓળખાણ થયું, જે ૧૭૯૦માં લગ્નમાં પરિણમ્યું.

લગ્ન પહેલાંને વર્ષે તે ભારે માંદગીમાં પટકાઈ પડયો હતો, જેની અસરો મૃત્યુ સુધી સતત અને સખત પીડા આપતી રહી. એક કલાક લખવા બેસે તો કઈ કેટલી યે કલાકોની યાતના તેને એકીસામટી ભોગવવી પડે એટલી હદ સુધી તેની તબિયત નંખાએલી રહેતી. સાથે આર્થિક ચિંતાઓ પણ વળગેલી જ હતી, પણ તે તો હૅાસ્ટાઈન-ઑગસ્ટનબર્ગના રાજ-કુમાર તરફથી, ૩ વર્ષ સુધી દર વર્ષે ૧૦૦૦ ટેલરની ઓચિતી નાણા-મદદ મળતાં દૂર થઈ. આ વર્ષોમાં શિલરે નવરાશનો સમય તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં ગાળ્યો. સૌંદર્યની તેની સત્ય-શિવ દર્શન યુત મૌલિક વ્યાખ્યાએ જર્મન સુરુચિશાસ્ત્ર (એસ્થેટિક્સ)-પરંપરામાં એક નવું જ સોપાન ઉમેર્યું છે.

૧૭૯૪માં તેણે 'દી હૅારેન' નામે પત્ર શરૂ કર્યું, તે મહાકવિ ગચ્ટે સાથેની તેની મિત્રતાનું પૂર્વકારણ બન્યું. શિલરે તેને કૃતિ મોકલવા લખેલું ને એમાંથી સંબંધ એટલો તો પ્રગાઢ બનતો


ચાલ્યો કે એક જીવ અને બે ખોળિયાં જેવો અભેદ્ય–અનન્ય તે બની રહ્યો. ગઅટેની સહાયથી જ શિલરને જેના યુનિવર્સિટીમાં ઇતિહાસના અવેતન પ્રોફેસર તરીકે સ્થાન મળ્યું હતું. આ ગાળામાં ઇતિહાસ અને સુરુચિશાસ્ત્રનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે તે પોતાની કીર્તિદા નાટયાત્મક કવિતાને વર્ષો સુધી અડચો સરખો નહોતો.

પોતાના ટૂંકા જીવન દરમ્યાન શિલરે બહોળું સાહિત્યસર્જન કર્યું છે. તેનું પ્રથમ નાટક 'ધ રૉબર્સ' ૧૭૮૧માં પ્રકાશિત થયું એવું જ તે માનહીમની રંગભૂમિ પર રજૂ થએલું. તે અસાધારણપણે સફળ નીવડતાં સાહિત્યસર્જનને જ પોતાનું જીવન સમર્પવાના સંકલ્પ સાથે તેણે સાહિત્યપ્રવૃત્તિ સવિશેષ જોમ અને ભક્તિપૂર્વક વધારી દીધી. ૧૭૮૭માં તેણે પોતાનું પ્રશિષ્ટ સ્વરૂપનું સર્વપ્રથમ નાટક 'ડૉન કાર્લોસ' પૂરું કર્યું. ૧૭૮૮માં નેધરલૅન્ડઝના બળવાના ઇતિહાસનો પ્રથમ ગ્રંથ બહાર પાડચો; ૧૭૯૧માં લોકપ્રિય 'હિસ્ટરી ઑાવ ધ થર્ટી ઈયર્સ વૉર', ૧૭૯૫માં તેજસ્વી 'લેટર્સ ઑાન ધી એસ્થેટિક એડયુકેશન ઑાવ મૅન', અને ૧૭૯૬માં 'ઑાન નેઈવ ઍન્ડ સેન્ટિમેન્ટલ પોએટ્રી' પ્રકટ થયાં.

૧૭૯૯માં તેનું મહાન નાટયાત્મક કાવ્ય 'વૉલેન્સ્ટાઈન' ત્રણ ભાગોમાં પ્રકટ થયું. કાર્યવેગ, કલ્પના-રંગ તથા આદર્શ આભા મિશ્રિત આ બલવતી ઐતિહાસિક કરુણાન્તિકા એ શિલરની મહત્તમ સિદ્ધિરૂપ છે. તેને વિષે લખતાં કાર્લાઈલ કહે છે: 'અઢારમી સદી જેને માટે અભિમાન લઈ શકે એવું તે એકમાત્ર મહત્તમ નાટયસર્જન છે.' એ પછીનાં તેનાં બીજાં નાટકો છે: 'મેરિયા સ્ટુઅર્ટ' (૧૮૦૦); 'ધ મેઈડ ઑાવ ઑાર્લીઅન્સ' (૧૮૦૧); અને 'દી બ્રૉાત ફૉન મૅસિના' (૧૮૦૩),



ગઅટે અને શિલર: વાઇમાર ખાતેનું શિલ્પસ્મારક



માનવ્યનો ઉદ્‌ગાતા શિલર

પ્રશિષ્ટ સ્વરૂપની આ છેલ્લી કરુણાન્તિકા તો શિલરની સુંદરતમ કવિતાનો મોટો હિસ્સો ધરાવે છે.

'વિલિયમ ટેલ' નાટક (૧૮૦૪) એ તેની અંતિમ કૃતિ છે. લોકોના સ્વાતંત્ર્યના જન્મસિદ્ધ હક્કના સાહિત્યિક દસ્તાવેજ સમું એ નાટક તો આજે પણ વિશ્વને ખૂણેખૂણે એક સરખું પ્રશસ્ત-પ્રતિષ્ઠિત છે. વિષયની સાદગી છતાં ભાવ-વસ્તુનો સચ્ચાઈભર્યો રણકો અને ભાવકના હૃદય સોંસરવી ઊતરી જતી તેની વેધક રજૂઆત એ શિલરની સાહિત્યશક્તિનું પ્રધાન લક્ષણ છે. શિલરે લખેલા રાસાઓ પણ તેનાં નાટકો જેટલી જ પ્રસિદ્ધિ અને લોકચાહના પામ્યા છે.

ગઅટે અને શિલરે નવા વર્ષને પહેલે દહાડે એકબીજાને અભિનંદન પાઠવવાનો શિરસ્તો પાડચો હતો. ઈ. ૧૮૦૫ની ૧લી જાન્યુઆરીએ ગઅટેએ પહેલાં તો કોઈ ચોક્કસ આશય વગર શિલર પરના પત્રમાં લખ્યું: 'છેલ્લું વર્ષ'. તે પછી પૂર્વસંવેદનાપૂર્વક તેણે કહ્યું: 'મને લાગે છે કે આપણા બેમાંથી એકને માટે આ છેલ્લું વર્ષ છે'; અને જાણે કે એ શબ્દોને સાચા પાડતો હોય તેમ થોડા મહિનામાં જ ઈ. ૧૮૦૫ની ૯મી મેએ ૪૬ વર્ષની આશાભરી જુવાન વયે શિલર ચાલી નીકળ્યો. એ વખતે "શિલરના અવસાનના સમાચાર ગઅટેને આપવાની કોઈની છાતી ચાલી નહિ. સૌને સ્તબ્ધ જોઈ ગઅટે બોલી ઊઠયો: 'શિલર વધુ માંદો છે?' તો ય કોઇને વાચા ફૂટી નહિ. ગઅટે ફરી બોલી ઊઠયો: 'એમ લાગે છે કે શિલરની છેલ્લી ઘડીઓ છે.' પણ પોતાના જ શબ્દો પડઘા રૂપે પાછા મળતાં આખી રાત એણે રડી-રડીને કાઢી. સવારે એને સમજાઈ ગયું કે '–તો શિલર ગયો?' ગઅટેની જાણે એક પાંખ કપાઈ ગઈ. શિલરમાં એણે શું શું ખોયું એનો અંદાજ એક વાકયમાં એણે આપ્યો: 'મેં મારો મિત્ર ખોયો; પણ એમાં હું મારો અડધો પ્રાણ ખોઈ બેઠો.'"

અલબત્ત મૅથ્યુ આર્નોલ્ડ જેને 'ગઅટેનું પરિવ્યાપક પૂર્ણપ્રકાશિત દર્શન' કહે છે, તે શિલરમાં નથી. તો વળી શિલર જ એક એવું પ્રદાન કરી જઇ શકે છે, જે 'ફાઉસ્ટ'નો કવિ તેની પ્રતિભાની ગુરુતાને જ કારણે નથી કરી શકતો. ગઅટેનું વિશાલ માનસ જીવનને તેની પૂર્ણ અને સનાતન સંકુલતાઓમાં જુએ છે, જે દર્શન પશ્ચિમની સમગ્રસભ્યતા

આશ્ચર્યવિસ્ફારિત નેત્રે મંત્રમુગ્ધ બનીને નિહાળ્યા કરે છે. જ્યારે શિલર તો પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે સાદાસીધા આદર્શો પર જ, અને એમ જીવનને નમ્ર-હૂંફાળા દૃષ્ટિકિરણથી ગોચર કરે છે. એક, જાગતિક પરંમુખતાના ગુણે કરીને વિશ્વવ્યાપી બની ગયો છે, જ્યારે બીજો અદનો માનવી જ છે. જોકે તે પોતાના સત્યનું ઉચ્ચારણ એક ઊંચી સપાટી પરથી કરે છે, પણ તેનું લક્ષ્ય સીધું માનવહાર્દ છે. શિલર આણુએઆણુએ માનવી છે. આખું 'ફાઉસ્ટ' લખતાં ગઅટેને પચાસ વર્ષ લાગી ગયાં, જ્યારે શિલરે છેંતાળીસમે વર્ષે પોતાની જીવનલીલા સંકેલી લીધી. એ અલ્પાયુ કવિનાં 'વૉલેન્સ્ટાઇન' ને 'વિલિયમ ટેલ' ગઅટેની અતિઘણી મહાન-ઉદાત્ત કૃતિઓ કરતાં સામાન્ય વાચકની વધારે નજીક છે.


પણ શિલર આપણી વધારે નજીક છે, એનો અર્થ એવો નથી કે તે સહેલાઈથી સમજી શકાય છે, અથવા તે જનસામાન્યની અતિસાધારણ ઇચ્છાઓને બોલતી કરે છે. તે આપણી વધારે નજીક છે તેનું બીજું અને ખરું કારણ છે તેની માનવજીવન માટેના આંબી શકાય એવા છતાં અનિવાર્ય આદર્શોની એકનિષ્ઠ ભક્તિ. તેના બીજા ગુણોમાં સૌથી મહત્ત્વનો ગુણ છે તેના આત્માની અણિશુદ્ધ નિર્મલતા. કાર્લાઈલ કહે છે, 'શિલરનું કર્મ એટલું જ વિશુદ્ધ છે, જેટલું તેનું લખાણ નિષ્કલંક છે.' એક માનવી અને કવિ તરીકેનો તેનો આદર્શ હતો: 'સત્ય, શિવ, સુન્દર'. આવી દૃઢમૂલ નૈતિક શક્તિ ધરાવતા શિલરે સ્વાભાવિકપણે જીવનને સાહિત્ય કરતાં ઊંચું સ્થાન આપ્યું. તેણે કહ્યું: 'એક તત્ત્વજ્ઞાની અને એક કલાકારનું કર્તવ્ય શું છે? હૃદયને આત્મવશ કરવા ખાતર, સત્ય અને સદ્ગુણને–તેમને પ્રેરિત કરતા એકેએક બળનો લાભ લઈને–અંગીકૃત કરવાનો વ્યાપક પ્રભાવ પાડવાનું.' એક પત્રમાં તે કહે છે: 'સૌંદર્ય કોઇ એક જ સત્યની શોધ કરતું નથી, કોઈ એક જ કર્તવ્યનું પાલન કરવામાં આપણને તે મદદરૂપ થતું નથી.' એ જ પત્રમાં તે આગળ કહે છે: 'અને કેવળ સૌંદર્ય જ આપણે માટે, આપણી સ્વેચ્છાએ, માનવતાની પ્રતીતિ અને પ્રાપ્તિ કરવાનું શક્ય બનાવે છે.' શિલરની આ વિચારધારા એ તેના માનવતાવાદની બુનિયાદ છે.

શિલરને એક વાર શેક્સ્પીઅરની જોડાજોડ બેસાડનાર અને એક રાષ્ટ્રીય કવિ તરીકે તેને ગઅટે કરતાં પણ ઊંચેરું સ્થાન અપાવનાર તેનાં નાટકો કદી રંગભૂમિની રંગતનાં ભોગ બન્યાં નથી; તેમ તે નાટ્યસંવાદોમાંનો સૂકો તત્ત્વસંભાર પણ બન્યાં નથી. શિલરની નાટ્યકાર તરીકેની યથાર્થ મહત્તા, વિચારોને માનવ-નાટકના માધ્યમ દ્વારા રજૂ કરવાની તેની શક્તિમાં રહેલી છે.

### મુલ્હેર

મહાભારતના સમયમાં મયૂરપુરી નગરીમાં મયૂરધ્વજ નામે પ્રભુભક્ત રાજા રાજ્ય કરતો હતો. એક વાર ભગવાન રાજાની કસોટી કરવા બ્રાહ્મણરૂપ લઈ તેના અતિથિ થયા અને આતિથ્યમાં એના પુત્રનું શિર માગ્યું, જે રાજાએ પ્રસન્નતાપૂર્વક અર્પણ કર્યું. પુત્રપ્રેમની અને ભગવદ્-ભક્તિ વચ્ચેની એ કસોટીમાં પાર ઊતરેલા રાજાને પ્રભુએ દર્શન આપ્યાં. કહેવાય છે કે એ મયૂરપુર તે આજનું મુલ્હેર.

પહેલાં ગુજરાતની સીમા બાગલાણના પ્રદેશ સુધી હતી. પ્રથમ ગુજરાતી ઐતિહાસિક નવલકથા 'કરણ ઘેલો'માં સ્વ. નંદશંકરભાઇએ ગુજરાતની પ્રજાને બાગલાણના એ પ્રદેશ ને કિલ્લાની ભવ્ય કલ્પના સાથેનો પરિચય કરાવ્યો છે. બાગલાણનો કિલ્લો એટલે સાલ્હેરનો કિલ્લો એવું કેટલાક માને છે. પુરાતત્ત્વવિદ્ શ્રી મણિભાઈ દ્વિવેદીના કહ્યા પ્રમાણે 'બાગલાણનો પ્રદેશ એટલે સહ્યાદ્રિનાં પહાડી શિખરો, મુલ્હેર, સાલ્હેર, હાટગઢ વગેરે શિખરો ને કિલ્લાઓનો પ્રદેશ,–જેને દક્ષિણ ગુજરાતનો પુરાતન સમયનો રત્ન-કટોરો કહી શકાય.' બાગલાણની એ




રસાળ ભૂમિએ અનેક સાહસિક ગુજરાતીઓને ઘણીઘણી પ્રેરણા આપી હતી. એ બાગલાણ પ્રદેશ (મુલ્હેર ને તેની આજુબાજુની ટેકરી)માં ગૂર્જર જૈન વેપારીઓએ બાંધેલાં અનેક ધર્મસ્થાનકો છે. આજે ગુજરાતની એ મનોહર ભૂમિનું હીર અને શૂર હણાઈ ગયું છે.

મહાભારતકાળમાં મુલ્હેરનાં મયૂરાચલ, મયૂરગિરિ, મયૂરખડી એ નામો પ્રસિદ્ધ હતાં. હજારો વર્ષ પહેલાં ભગવાન પરશુરામે જે જગ્યાએથી બાણ મારીને સમુદ્રને હઠાવ્યો હતો તેનું પગલું પણ અહીં છે. પણ પૌરાણિક અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું આ મુલ્હેર એક કિલ્લાનગર હતું અને એનો કિલ્લો અભેદ્ય ગણાતો. આજે પણ એ ગઢ અને વિસ્તાર નયનમનોહર વનશ્રીથી ભરપૂર ને ખેતીમાં સમૃદ્ધ છે. અહીં અજ્ઞાત દાનિઓએ જે બંધારા બાંધીને ખેતીને સમૃદ્ધ બનાવવામાં અમૂલ્ય ફાળો આપેલો એ જળકુંડો અને બંધારાનો ઉપયોગ આજે પણ થાય છે. અહીંનાં જંગલો ઇમારતી માલનું કાચું સોનું ને મોંઘી વનૌષધિ આપે છે. કહેવાય છે કે એક રાજાએ એક મઠના સાધુઓને અહીંનો કેટલોક પ્રદેશ માત્ર ઔષધિના ઉપયોગ માટે જ આપી દીધો હતો.

આ પ્રદેશની ઐતિહાસિક કડીઓ જોડતાં શ્રી મણિભાઈ દ્વિવેદી 'પુરાતન દક્ષિણ ગુજરાત' નામના પુસ્તકમાં જણાવે છે કે ઈ. સ.ની શરૂઆતની આજુબાજુનાં ચારસો વર્ષના ગાળા સુધી પ્રતિષ્ઠાનના શાતવાહનો કે આંધ્રભૃત્યોની સત્તા મુલ્હેરમાં હતી. તે પછી છઠ્ઠી સદીમાં ચાલુક્યની સત્તા નીચે બાગલાણ પ્રદેશ આવ્યો અને આઠમીથી દસમી સદી સુધી ત્યાં રાષ્ટ્રકૂટોની સત્તા રહી. બારમી સદી પછી દેવગિરિના રાજાઓએ અહીંના પ્રદેશને કબજે રાખ્યો હતો. એ મુલક ગુજરાત પ્રદેશમાં જ હતો. ઔરંગઝેબે ચઢાઈ કરી એ કિલ્લો કબજે કરેલો, અને શિવાજીએ બીજી વાર સૂરત લૂંટ્યું ત્યારે પણ આ કિલ્લો ઔરંગઝેબ પાસે જ હતો. સૂરતની લૂંટમાંથી મેળવેલા દ્રવ્ય વડે સૈન્ય ઊભું કરી શિવાજીએ પ્રથમ મુલ્હેરનો કિલ્લો કબજે કર્યો અને પછી સાલ્હેરનો કિલ્લો. ત્યાર પછી થોડો સમય એ કિલ્લો નિઝામ પાસે ગએલો ને ત્યાંથી પેશ્વા સરકાર પાસે થઇને ગાયકવાડ સરકારને પહેરામણીમાં મળ્યો, જ્યાંથી તે અંગ્રેજોના કબજામાં ગયો. જ્યારે સાલ્હેર તો વડોદરાનું વિલીનીકરણ થયું ત્યાં સુધી ગાયકવાડના કબજામાં જ રહ્યું હતું. આજના મુંબાઈ સરકારના વહીવટી તંત્રમાં મુલ્હેર-બાગલાણનો પ્રદેશ નાસિક

જિલ્લા સાથે જોડી દીધેલો છે. ટાપ્ટી વૅલી રેલવેના ચીચવાડા સ્ટેશને ઊતરીને ૯૦ માઈલની મોટરની મુસાફરી કરી મુલ્હેર પહોંચાય છે. નાસિકથી ત્યાં મોટર દ્વારા આવી શકાય છે.

લીલી વનશ્રીથી ભરપૂર એવી પ્રકૃતિની ગોદમાં આવેલા એ નાનકડા ગામની પશ્ચિમે નીચાણવાળા ભાગમાં વહેતું એક નાનકડું ઝરણું મોસમ નામની નાની નદીને જઈ મળે છે. કહેવાય છે કે સંગમસ્થળે જ મયૂરધ્વજ રાજાએ પોતાના પુત્રને વધેર્યો હતો, અને તેથી એ કરવતીક્ષેત્ર કે કરવતીતીર્થને નામે આજે પૂજાય છે. એ જ રીતે આ આખો બાગલાણ-પ્રદેશ અને તેનો એકેએક કિલ્લો, તેના દરવાજા, મંદિરો સંગમસ્થાનો, કુંડો ને ગુફાઓ અનેક કિંવદંતીઓ લોકસમુદાયમાં ધરાવે છે.

ડુંગરની તળેટીથી કિલ્લા ઉપર જતાં ગોપાળદરવાજો, બારીદરવાજો, કિલ્લે દરવાજો વગેરે ૧૫ જેટલા તોતિંગ દરવાજા આવે છે. બાંધકામનાં આજનાં વૈજ્ઞાનિક સાધનો જોતાં તો એ દરવાજા આપણને આશ્ચર્યમાં નાખી દે છે. એ પંદરેપંદર દરવાજા ખુદ ડુંગરના આખા પથ્થરમાંથી જ કોતરી કાઢેલા છે, જેને ખોલતી વખતે બંને બાજુનાં બારણાં પર્વતોમાં હડસેલી દેવાની સગવડ હતી! કિલ્લા ઉપર હાથીખાનું, મોતીખાનું, રાજગૃહ, સભાગૃહ, ગણપતિ-તળાવ, શિવાજીનું મંદિર, હાથીઓ માટે નહાવાના હાથીકુંડ તથા ઘણી ગુફાઓ છે. સંત જ્ઞાનેશ્વરના સમયમાં મધુકર નામના કવિએ લખેલા 'કથાકલ્પતરુ' નામના કાવ્યગ્રંથમાં કિલ્લાના એકેએક દરવાજા, કુંડ, ગુફા, મંદિર, રાજગૃહ તથા એ પ્રદેશની કુદરતી વનસ્પતિનું સવિસ્તર વર્ણન કર્યું છે. વળી એવી પણ દૃઢ લોકવાયકા પ્રચલિત છે કે મુલ્હેરના કિલ્લાથી સાલ્હેરના કિલ્લા સુધી ભોંયરું હતું.

શિવાજીના સમયથી આ કિલ્લાઓ ગુજરાતનું પ્રવેશદ્વાર બન્યા હતા. એ જ કિલ્લામાં રહીને શિવાજીએ ઔરંગઝેબ સામે લડાઈ લડીને પ્રદેશો જીત્યા હતા. ઔરંગઝેબના એક કુશળ વહીવટકર્તા ને ખૂબ જ ભલા, સદ્ગુણી કાશીરાજ નામના દીવાને ઉંમર થતાં પ્રધાનપદ છોડી જ્યારે સંન્યાસ લઈ લીધો ત્યારે જે ગુફામાં એમણે તપસ્યા કરી હતી તે આજે પણ કાશીરાજની ગુફાને નામે ઓળખાય છે.

મુલ્હેરથી થોડે દૂર, હિન્દુઓના કાશી જેટલું જ મહત્ત્વ ધરાવતું દિગંબર જૈનોનું પ્રખ્યાત તીર્થ શ્રીક્ષેત્ર મંગુતુંગીજી આવેલું છે. વળી પાસે જ અંતાપુરમાં મુસલમાનોનું પવિત્ર સ્થળ દાવલ મલીકની સમાધિ છે. આમ જૈન, હિન્દુ અને મુસલમાન એ ત્રણે ધર્મના મિલનવાળું આ ક્ષેત્ર સ્વાતંત્ર્યયુગમાં સર્વધર્મસમભાવનો ઉત્તમ નમૂનો છે.

મુલ્હેરથી ડાંગ જવા માટે સીધો જ રસ્તો છે. મુલ્હેર કુદરતના ખોળે રમતું રમ્ય સ્થાન છે. અહીંની વનશ્રી બળબળતા ઉનાળામાં પણ દિલને ઠંડકભરી શાંતિ આપે છે. ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું આ પુરાણું સ્થળ સૌએ, ખાસ કરીને વિદ્યાર્થીઓએ તો પગપાળા, પ્રવાસ કરીને જરૂર જોવા જેવું છે.

—ચન્દ્રકાન્ત વાઘેલા

## મેથીની ભાજી

ભાજીમાત્રમાં ક્ષારનું પ્રમાણ વિશેષ હોય છે અને એ ખનિજ ક્ષારો શરીરમાં સહેલાઈથી પચે તેવા હોય છે. એ ઉપરાંત ભાજીનાં પાંદડાંમાં સૂર્યનાં કિરણો પડવાથી સૂર્યની શક્તિનો સંચય થતો હોય છે. ત્રીજું, ભાજીમાં રહેલા તાંતણા આંતરડાંમાં સ્ટાર્ચના ભાગને ચીટકવા દેતા નથી, એટલે કબજિયાત રહેતી નથી, અને મળ સહેલાઇથી નીકળી જાય છે. ચોથું, ભાજીમાં જીવનતત્ત્વો (વિટામિન) એ. બી. અને સી. રહેલાં છે જે પૈકી વિટામિન 'એ' આંખના તેજને કાયમ રાખવામાં ખૂબ ઉપયોગી છે. ભાજીમાં રહેલા સુપાચ્ય ખનિજ ક્ષારોથી રક્તશુદ્ધિ થાય છે. પરિણામે રુધિરાભિસરણની ક્રિયા સારી રીતે થતી હોઈ ચૈતન્ય અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે.

આ તો આપણે ભાજીમાત્રના સામાન્ય ગુણો વિષે વાત કરી. હવે મેથીની ભાજી વિષે વિચારીએ. સ્વાદ અને રસમાં કડવી મેથીની ભાજી વાયુનું શમન કરે છે, કફ-પ્રકૃતિવાળાને માફક આવે છે, અરુચિને મટાડે છે ને જઠરાગ્નિને સતેજ કરે છે. એ બલવર્ધક છે, તાવને ઉતારે છે અને ખાંસી તથા કફના દર્દીને હિતકારી છે.

અન્ય ભાજી કરતાં મેથીની ભાજીમાં એના કડવા રસને કારણે વિશિષ્ટ ગુણ રહેલો છે. કડવો રસ અરુચિનો નાશ કરતો હોઈ ભોજન તરફ પ્રીતિ ઉત્પન્ન કરે છે, શરીરમાં એકઠા થએલા વિષને નાબૂદ કરે છે અને કૃમિઘ્ન હોવાથી પેટમાં થએલા કરમનો નાશ કરે છે. ઉપરાંત મૂર્છા, શરીરમાં થતો દાહ, ખજવાળ, કુષ્ઠરોગ (ચામડીનાં દર્દો), અને વધુ પડતી તૃષા એ સર્વમાં કડવો રસ અતિ હિતકારી છે. આ ઉપરાંત કડવો રસ સ્તન્યશોધન કરે છે, સ્ત્રીઓના ધાવણને શુદ્ધ કરે છે. આથી જ પ્રસૂતા સ્ત્રીને ખવડાવવામાં મેથી મુખ્ય હોય છે.

સુશ્રુતે કડવા રસને કંઠનું શોધન કરનાર કહ્યો છે, અર્થાત્ મેથીની ભાજીનું સેવન કરવાથી અવાજ સુધરે છે. કડવા રસના તો ઘણા ગુણો છે, પણ આપણા આહારના પદાર્થોમાં બહુ જ ઓછા પદાર્થો કડવા હોય છે. એટલે મેથીની ભાજીનું આરોગ્યની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે.

પણ અહીં એક વાતનું સ્પષ્ટ સૂચન કરવું રહ્યું. મેથીમાંથી ચણાના લોટ સાથે ભેળવીને તળીને બનાવેલા ગોટા કે ભજિયાં ખાવાથી મેથીમાં રહેલા ગુણ પ્રાપ્ત થતા નથી. રીંગણાં કે મગની દાળ સાથે મેથીની ભાજી બાફીને શાક બનાવવામાં આવે તો એ દૂષિત થતી નથી અને એના ગુણ સચવાઇ રહે છે. મેથીની ભાજીનો ઉપયોગ કરતાં પહેલાં આછા ગરમ પાણીમાં બરાબર ધોઇને સાફ કરી નાખવી જોઇએ.

(ગુજરાત સમાચાર) —લાભશંકર ઠાકર

# આ માસ(જાન્યુઆરી)ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ-દિનવિશેષ·પ્રસંગવિશેષ

## વ્યક્તિવિશેષ: ઍન્ટન ચેખૉફ

વિશ્વસાહિત્યમાં વાર્તા તથા નાટકને ક્ષેત્રે અનન્ય સિદ્ધિ મેળવનાર રશિયન લેખક



ઍન્ટન ચેખૉફનો એ ક્ષેત્રે અજોડ પ્રભાવ છે. આ મહિને તેની જન્મશતાબ્દી આવે છે.

ઈ.૧૮૬૦ની ૧૭મી જાન્યુઆરીએ આઝોવ સમુદ્ર પર આવેલા તાગનરોગ મુકામે તેનો જન્મ. તેનો દાદો ખેતગુલામ 'સર્ફ' હતો, જેણે પાછળથી પરિવારની આઝાદી ખરીદેલી. પિતા એક સાધારણ દુકાનદાર હતો. શરૂઆતનું શિક્ષણ વતનમાં જ મેળવી ચેખૉફ વૈદકના અભ્યાસ માટે મૉસ્કો યુનિવર્સિટીમાં દાખલ થયો અને ૧૮૮૪માં દાક્તરની ઉપાધિ મેળવી, પરંતુ ૧૮૯૨-૯૩ના કૉલેરાના ઉપદ્રવ સિવાય એણે દાક્તરી બહુ જૂજ કરેલી. વિદ્યાર્થી-અવસ્થાથી જ તેને લખવાનો શૉખ હતો અને તેની રમૂજી વાર્તાઓ ખૂબ લોકપ્રિય નીવડી હતી. ૧૮૮૬ સુધીની તેની વાર્તાઓનો પ્રધાન સૂર હાસ્યનો રહેલો અને રશિયામાં તો એવી વાર્તાઓના લેખક તરીકે જ આજે પણ તે પ્રસિદ્ધ છે. પરંતુ વાર્તાકલાની દૃષ્ટિએ એની શ્રેષ્ઠ કૃતિઓ તો ૧૮૮૯ અને તે પછીની છે, જેમાં 'એક રોમાંચક કથા', 'દ્વંદ્વ', 'વૉર્ડ નં. ૬', 'સાહિત્યનો અધ્યાપક', 'ત્રણ વર્ષ: એક કલાકારની કથા' વગેરે મુખ્ય છે.

રશિયા બહાર પોતાના નામે ઓળખાતી 'ચેખૉફની શૈલી'થી જે ક્ષેત્રમાં એ વધુ ખ્યાત છે તે નાટકની દુનિયાને એનું પહેલું અર્પણ ઈ. ૧૮૮૭માં લખાએલું નાટક 'ઇવાનૉફ' હતું. ૧૮૮૮માં એને સાહિત્યનો 'પુશ્કિન પુરસ્કાર' મળ્યો. રાજકારણમાં એણે પ્રત્યક્ષ ભાગ લીધેલો નહિ, પરંતુ ઝારશાહી નીચે ચાલતું દમન એને સ્પર્શ્યા વિના નહોતું રહ્યું. 'સાખાલિન ટાપુ' નવલકથામાં તેણે ત્યાં ધકેલી દેવાએલા કેદીઓની પ્રત્યક્ષ જોએલી યાતના નિરૂપી છે.

લેખન દ્વારા ઠીકઠીક આવક થતાં મૉસ્કોથી થોડે દૂર એક વાડી ખરીદી ૧૮૯૭ સુધી પોતાનાં માબાપ સાથે તે ત્યાં રહ્યો. ૧૮૯૬માં બીજું નાટક 'સી ગલ' લખ્યું. ૧૮૯૭માં ક્ષયનો હુમલો થતાં વાડી વેચી દઈ ક્રીમિયામાં યાલ્ટા મુકામે તેણે મકાન બંધાવ્યું. એ જ અરસામાં તેણે 'કાકા વાન્યા' નાટક પૂરું કર્યું.

લેનિનગ્રાદ મુકામે નિષ્ફળ નીવડેલું નાટક 'સી ગલ' મૉસ્કો આર્ટ થિયેટરના સ્થાપકોમાંના એક અને જાતે પણ નાટ્યલેખક દાનચેન્કોએ ઈ. ૧૮૯૮માં રજૂ કરતાં સ્તાનિસ્લાવ્સ્કીના દિગ્દર્શન નીચે તે અતિસફળ નીવડ્યું. 'કાકા વાન્યા' પણ તખ્તા ઉપર સફળ જતાં આર્ટ થિયેટરને જોઇએ તેવો નાટ્યકાર મળ્યો જણાયો અને નાટ્યલેખન ચાલુ રાખવા જણાવ્યું. પરિણામે 'ત્રણ બહેનો' અને 'ચેરીની વાડી' નાટક એણે લખ્યાં. ૧૯૦૧માં એ થિયેટરની અભિનેત્રી ઑલ્ગા નિપર સાથેના એના લગ્ને આર્ટ થિયેટર સાથેનો એનો સંબંધ વધુ ગાઢ બનાવ્યો. 'ચેરીની વાડી' રજૂ થયું તે રાતે ચેખૉફનું જાહેર સંમાન કરાયું, પરંતુ છ જ મહિને ૧૯૦૪ની ૨જી જુલાઇએ બૅડનવેલર મુકામે તેનું અવસાન થયું.

તેની ટૂંકી વાર્તાઓનાં પાત્રો જેમ માનવવ્યક્તિઓ નહિ પણ માનવતાના પ્રાકૃત પિંડો છે, તેમ એનાં નાટકોમાં પણ ક્રિયાવેગ સાથે માનસિક આવેગોનો સહયોગ પ્રધાન છે.

ગૉર્કી અને ટૉલ્સ્ટૉયનો આ અભિન્ન મિત્ર એના ટૂંકા જીવનકાળમાં જ 'રશિયન સાહિત્યનો રાજવી' બની રહ્યો હતો. એનો દૃષ્ટિકોણ માનવતાવાદી હતો. માનવીની પૂર્ણ સ્વતંત્રતા એ ઝંખતો. રશિયન જીવનનું ભાગ્યે કોઇ એવું અંગ હશે જેનું ચિત્રણ આ મહાન માનવતાવાદી અને વાસ્તવિક લેખકે ન કર્યું હોય. માનસંમાનનો એને કશો ઓરતો ન હતો. પોતાના દેશ અને તેના લોકો પ્રત્યે તેને અસીમ અનુરાગ હતો. ટૉલ્સ્ટૉયે એક વાર વાતચીતમાં કાઢેલા ઉદ્ગાર યથાર્થ છે કે 'તું સાચા અર્થમાં રશિયન છે, સોએ સો ટકા રશિયન.'

## દિનવિશેષ

**તા.** ૧ એબ્રહૅમ લિંકનના વિખ્યાત જાહેરનામાથી અમેરિકામાંથી ગુલામગીરી નાબૂદ થઈ, ૧૮૬૩.
**તા.** ૩ 'નેતાજી'નું લાડીલું બિરુદ પામનાર રાષ્ટ્રવીર સુભાષબાબુનો કટક ખાતે જન્મ, ૧૮૯૭.
**તા.** ૪ 'સરસ્વતીચન્દ્ર'ના સર્જક ગુર્જર સાક્ષરસત્તમ ગોવર્ધનરામ ત્રિપાઠીનું અવસાન, ૧૯૦૭.
**તા.** ૬ પોતાના રાજ્યને સ્થિર ને સમૃદ્ધ કરવા માટે શિવાજીએ સૂરત શહેર લૂંટ્યું, ૧૬૬૪.
**તા.** ૭ વિપ્લવને પ્રેરવાના આરોપસર છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહની દેશનિકાલી, ૧૮૫૮.
**તા.** ૯ રસ અને પુણ્યના આર્ષદ્રષ્ટા ગુર્જર કવિવર નાનાલાલ દલપતરામનું અવસાન, ૧૯૪૬.
**તા.** ૧૦ હિંદમાં વેપારની મંજૂરી માટે સર ટૉમસ રો જહાંગીરના દરબારમાં આવ્યો, ૧૬૧૬.
**તા.** ૧૪ અકબરના વિદ્વાન ઈતિહાસકાર, 'નવરત્નો' પૈકીના એક અબુલફઝલનો જન્મ, ૧૫૫૧.
**તા.** ૧૭ જગતસફરે નીકળેલા કૅપ્ટન કૂકે અજાણપણે દક્ષિણધ્રુવનું પ્રચંડ કૂંડાળું ભેદ્યું, ૧૮૭૩.
**તા.** ૧૯ પ્રકાંડ પ્રતિભાશાળી ફ્રેન્ચ 'પોસ્ટ-ઈમ્પ્રેશનિસ્ટ' કલાકાર પૉલ સેઝાંનો જન્મ, ૧૮૩૯.
**તા.** ૨૬ મુઘલ સલ્તનતના સુવર્ણકાળના સર્જક શાહાનશાહ શાહજહાં ગાદીએ બેઠો, ૧૬૨૮.
**તા.** ૩૦ વહેમ અને રૂઢિના ભંજક, બ્રિટનના બુદ્ધિવાદી સંત ચાર્લ્સ બ્રૅડલૉનું અવસાન, ૧૮૯૧.

## પ્રસંગવિશેષ: ઈંગ્લિશ પાર્લમેન્ટ પહેલી વાર મળી · ૨૦મી જાન્યુઆરી ૧૨૬૫

આજે જે ધારાગૃહ માટેનો વિશ્વવ્યાપી સૂચક શબ્દ બની ગયો છે તે મૂળ બ્રિટન (અને પછી બ્રિટિશ સામ્રાજ્ય)નાં સ્વશાસક અંગોની ધારાસભા-પાર્લમેન્ટનો ઇતિહાસ બ્રિટિશ રાજ્યકાળની અતિ પુરાણી તવારીખ જેટલો—લગભગ ૧૦૦૦ વર્ષ જૂનો છે. આજની અંગ્રેજી પાર્લમેન્ટરી પ્રથા ઍંગ્લો-સૅક્સન સમય જેટલી પ્રાચીન ગણી શકાય, જે વખતે સૅક્સનની (અંગ્રેજી રાજ્યની) સમિતિ 'વાઈટન' (ડાહ્યા પુરુષોનું મંડળ) કહેવાતી અને તે પોતાના નિયમ અનુસાર શાસનની બાબતોમાં રાજાને સલાહ-સૂચન કરતી. તે પછીના નૉર્મન સમયમાં ગ્રેઈટ કાઉન્સિલ (મહાસમિતિ) રાજાને સલાહ-સૂચન કરતી. આ મહાસમિતિની સભા રાજાની જરૂરિયાત અને ઇચ્છા પ્રમાણે ભરવામાં આવતી. સૌપહેલાં તેમાં ઉમરાવો, ધર્મ-અધિપતિઓ અને બિશપો જ ભાગ લેતા. પરંતુ પછી ૧૩મી સદીમાં પરગણાંઓના સરદારો અને શહેરોના નાગરિકો પણ આ મહાસમિતિમાં ભાગ લેતા થયા અને તેની સભાઓ યૉર્ક, માન્ચેસ્ટર તથા લંડન ખાતે મળતી. નાગરિકોએ પોતાના પ્રતિનિધિ તરીકે પસંદ કરેલા (ચૂંટેલા) પુરુષોની પહેલી પાર્લમેન્ટ બોલાવી ઉદાર વિચારશ્રેણીના શક્તિશાળી બૅરન સાઈમન ડી મૉન્ટફર્ટે, ૨૦મી જાન્યુઆરી ૧૨૬૫ના દિવસે. તે પછી પહેલા એડ્વર્ડે ૧૨૯૫માં બોલાવી તે 'મૉડેલ પાર્લમેન્ટ' ઘણી રીતે આજની પાર્લમેન્ટને મળતી હતી.

અનુસંધાન] પ્રાધ્યાપક સી. એન. વકીલ [પૃષ્ઠ ૫ થી



ઈંગ્લંડમાં તેમના અધ્યાપક પ્રો. એડ્વિન કૅનન સાથે, ઈ. ૧૯૨૧

તેથી યુનિ.એ પ્રો. વકીલને ૧૯૨૭માં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નીમ્યા—જોકે પ્રો. શાહ પણ તે જ હોદ્દામાં ચાલુ રહ્યા હતા. ૧૯૩૧માં યુનિ.ના કાયદા પ્રમાણે બધી નિમણૂકો સિલેક્શન કમિટી દ્વારા કરવાનું ઠર્યું. તેણે નક્કી કરેલાં નામો જ્યારે યુનિ. સિન્ડિકેટમાં ગયાં ત્યારે ઘણી મોટી બહુમતીના નિર્ણય અનુસાર પ્રો. શાહની નિમણૂક કરવામાં ન આવી ને ચંદુભાઈ મુખ્ય પ્રોફેસર બન્યા. ઉપરાંત એ વિભાગનું વધતું જતું કામ ધ્યાનમાં લઈને તેમને મુખ્ય સંચાલક 'ઍડમિનિસ્ટ્રેટિવ હેડ' પણ બનાવવામાં આવ્યા અને થોડાં વર્ષો બાદ તેમને ડિરેક્ટર (અધ્યક્ષ) બનાવાયા.

ઇંગ્લંડથી પાછા ફર્યા પછીનાં શરૂઆતનાં વર્ષોમાં તેમનું જીવન કસોટી-ભર્યું હતું. યુનિ.માંથી મળતા પગારમાંથી માંડ પૂરું થતું. આથી તેઓ યુનિ. સુધી કાયમ ચાલીને જતા અને ચાલીને ઘેર પાછા આવતા. આ દિવસોમાં તેમનું જીવન અત્યંત નિયમિત અને સાદું હતું. માત્ર ખપ પૂરતી ચીજોનો જ ઉપયોગ, ઝીણામાં ઝીણી બાબતમાં કરકસર અને વ્યવસ્થા, આ ગુણો આ વર્ષોમાં તેમણે ખૂબ ખીલવ્યા. જોકે એનો વારસો તો તેમને તેમનાં માતુશ્રી નાનીબહેન પાસેથી મળેલો. પોતા-નાં એ સાસુ વિષે વિદ્યાબહેન કહે છે કે તેમની વ્યવસ્થાશક્તિ એક ખરી ગુજરાતી ગૃહિણીને દીપાવે એવી કોઈ ઓર જ હતી. અને એ ગુણ પ્રો.વકીલમાં બરાબર ઊતરી આવ્યો છે. આજે પણ ઘરની કોઈ વસ્તુ આડીઅવળી પડી હોય તો તેમનાથી સહન નથી થતું. આ ગુણોની સાથે તેમનામાં ખંત પણ એટલો જ છે. ઈ. ૧૯૨૦–૩૦ના એ દસકાના તેમના અનેક પ્રસંગો યાદ કરીને વિદ્યાબહેન કહે છે કે પ્રો. વકીલે આજે જે કંઈ સ્થાન મેળવ્યું છે તે એ બે દસકાના અથાક પરિશ્રમને આભારી છે.

૧૯૨૫ના વર્ષમાં સોનાનાં બજારોમાં જબરી વધઘટ અને સટ્ટાનું વાતાવરણ ઊભું થયું હતું. આ વખતે એક અર્થશાસ્ત્રી તરીકે પ્રો. વકીલ બજારનો અભ્યાસ કરતા હતા. એવા એક પ્રસંગે કેટલાક વેપારીઓ તેમની સલાહ લેવા આવ્યા. રાતના એક-બે વાગ્યા સુધી ચર્ચા ચાલી અને તેને અંતે અપાએલી પ્રો. વકીલની સલાહ અનુસાર વર્તવાથી તે બધાને મોટો ફાયદો થયો. આ વખતે વિદ્યાબહેને તેમને રમૂજમાં કહેલું કે તમે આમ અભ્યાસ કરીને બીજાને જ ફાયદો કરાવતા રહેશો ને? પણ વકીલસાહેબ તો અધ્યાપક હતા. એમને જે કાંઇ સિદ્ધિ મેળવવી હતી તે અભ્યાસ અને અધ્યાપનના ક્ષેત્રમાં જ મેળવવી હતી. બજારની વધઘટ, સટ્ટો, ખરીદ-વેચાણ અને ઊથલપાથલમાં એમનો રસ એક નિરપેક્ષ અભ્યાસીનો જ હતો.

ઇંગ્લંડથી પાછા ફરીને તેઓ મુંબાઇ યુનિ.ના ડિપાર્ટમેન્ટ ઑવ ઇકૉનૉમિક્સમાં આસિસ્ટંટ પ્રોફેસર તરીકે જોડાયા ત્યારથી તે ૧૯૫૯ સુધી તેમનું કાર્યક્ષેત્ર મુંબાઇ યુનિ૰ જ રહી છે. યુનિવર્સિટીના આ અનુસ્નાતક વિભાગના પહેલા બંને અધ્યાપકો ગુજરાતી હતા એ હકીકત સામાન્યરીતે વેપારી ગણાતી આપણી પ્રજા માટે અભિમાન લેવા જેવી ગણાય. ગુજરાતની પ્રજા વેપારમાં એટલી બધી રચીપચી રહે છે કે આવી ઐતિહાસિક ગણાય તેવી હકીકતોની આપણે ત્યાં બહુ સહેલાઇથી અવગણના થાય છે. તે વખતના અનુસ્નાતક અભ્યાસક્રમમાં આજની જેમ વિદ્યાર્થીઓ જુદાજુદા વિષયોની પરીક્ષા આપવા કરતાં કોઈ એક આર્થિક વિષય ઉપર નિબંધ લખવાનું વધારે પસંદ કરતા. તે સમયના મહત્ત્વના આર્થિક પ્રશ્નો પ્રત્યે વિદ્યાર્થીઓ ને સમાજનું ધ્યાન દોરવામાં આવા નિબંધોએ ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે.

ઇંગ્લંડની પ્રખ્યાત લંડન સ્કૂલ ઑવ ઇકૉનૉમિક્સમાં પ્રો. વકીલે તે વખતના ખ્યાતનામ અર્થશાસ્ત્રી એડ્વિન કૅનનના હાથનીચે સંશોધન કરેલું. આપણા દેશની નાણાકીય ને કરવેરાની પદ્ધતિ એ એમનો ખાસ વિષય હતો. 'લંડન સ્કૂલ' વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતી એક મહાન સંસ્થા છે. આજે દુનિયાના લગભગ દરેક દેશમાં લંડન સ્કૂલના જૂના વિદ્યાર્થીઓનું મંડળ જુદાંજુદાં ક્ષેત્રોમાં કાર્ય કરે છે. પરંતુ આ સંસ્થા પ્રત્યેનું એમનું ઋણ જેમતેમ ચૂકવી શકાય તેવું નથી. પ્રો. વકીલ જ આટલાં બધાં વર્ષો અધ્યાપનના ક્ષેત્રમાં રહ્યા તે આજે કદાચ અભિ-માનપૂર્વક કહી શકે કે 'મારી શિક્ષણ સંસ્થાઓએ મને જેટલું આપ્યું છે તેટલું તો મેં સમાજને પાછું આપ્યું છે.'

યુનિ.માં અર્થશાસ્ત્રના વિભાગ ઉપરાંત સમાજશાસ્ત્રનો વિભાગ તો પહેલેથી જ ચાલુ હતો. આ બે વિભાગોને એક સંસ્થામાં ફેરવી નાખવાનો નિર્ણય હવે લેવાયો, અને જેને આજ સુધી લોકો 'સ્કૂલ ઑવ સોશ્યૉલૉજી ઍન્ડ ઇકૉનૉમિક્સ', અથવા 'બૉમ્બે સ્કૂલ' કે 'યુનિ૰ સ્કૂલ'ને નામે ઓળખતા આવ્યા છે તે સંસ્થાનો આ રીતે જન્મ થયો. યુનિવર્સિટી જેવી સંસ્થાના અનુસ્નાતક વિભાગોને 'સ્કૂલ' કે 'શાળા'નું આવું નમ્ર નામ આપવામાં 'લંડન સ્કૂલ ઑવ ઇકૉનૉમિક્સ'-ની અસર સ્પષ્ટ જ છે. જોકે 'લંડન સ્કૂલ' માત્ર અનુસ્નાતક સંસ્થા જ નથી. ઊલટું તેની વિશેષતા તો તેના સ્નાતક-અભ્યાસક્રમની છે.

'બૉમ્બે સ્કૂલ'ના અધ્યક્ષપદે પ્રો. વકીલ ૧૯૩૦ થી '૫૯ સુધી રહ્યા, જે ૨૯ વર્ષોમાં તેમણે તેને એક અતિ મહત્ત્વની સંસ્થામાં ફેરવી નાખી. તેના વિદ્યાર્થીઓ ને અધ્યાપકોએ સંશોધનો, અભ્યાસગ્રંથો, વ્યાખ્યાનો તથા શિક્ષણવિષયક જે જે પ્રવૃત્તિ કરી તેથી તે એક આદર્શ સંસ્થા બની ગઇ, એટલું જ નહિ પણ બીજી યુનિ.ઓએ તેને પગલે અનુ-સ્નાતક અભ્યાસ ને સંશોધનસંસ્થાઓ શરૂ કરી.

થોડાં વર્ષો સુધી તો આપણા દેશની આર્થિક પરિસ્થિતિ ઉપર મનનીય અને અભ્યાસી અભિપ્રાય આ સ્કૂલમાંથી જ બહાર આવવા લાગ્યા. પરિણામે કોઈ પણ નવો આર્થિક બનાવ બનતો ત્યારે જિજ્ઞાસુ અને બુદ્ધિશાળી વર્ગની મીટ આ સ્કૂલ ઉપર જ મંડાતી અને ત્યાંથી બહાર પડતો અભિપ્રાય દેશના આર્થિક પ્રશ્નો ઉપર નવો પ્રકાશ ફેંકતો.

પોતાની આખી જિંદગી એક કૉલેજ, એક શાળા કે સંસ્થાને અર્પી દીધાના દાખલા પરદેશની શિક્ષણ-સંસ્થાઓમાં તો ઘણા જોવા મળે છે. 'લંડન સ્કૂલ ઑવ ઇકનૉમિક્સ'માં લૉર્ડ બીવરિજ સતત ૧૯ વર્ષ સુધી અધ્યક્ષપદે રહ્યા હતા, જે દરમ્યાન લંડન સ્કૂલે સર્વાંગી વિકાસ સાધ્યો. એ જ રીતે પ્રો. વકીલે 'બૉમ્બે સ્કૂલ' સાથે ૧૯૨૧ થી ૧૯૫૬ સુધીનાં પાંત્રીસ વર્ષ લગી સંકળાએલા રહીને પોતાની જિંદગીનાં સૌથી કીમતી વર્ષો એક શિક્ષણસંસ્થાને અર્પ્યાં એ વાત ગૌરવ અપાવે એવી છે.

તેમાંયે બે ત્રણ પ્રસંગો તો એવા છે જેમાં પ્રો. વકીલે સ્કૂલનું નામ ઉજ્જ્વલ કર્યું છે. ૧૯૩૦ પછીનાં વર્ષો મંદીનાં હતાં. આર્થિક જગતમાં ખાનાખરાબી થઇ ગઈ હતી. બેકારી અને તેની આનુષંગિક અનેક વિટંબણાઓ ભારત તેમજ બીજા દેશોમાં ઊભી થઇ હતી. આ વણસેલી પરિસ્થિતિને થોડેઘણે અંશે કાબૂમાં લાવવા માટે ૧૯૩૩માં બ્રિટિશ સરકારે ઓટાવા (કૅનેડા)માં એક વ્યાપારી પરિષદ યોજી. ને ચર્ચા-વિચારણાને અંતે ઈમ્પીરીઅલ પ્રેફરન્સ(એટલેકે બ્રિટિશ સામ્રાજ્યમાં બનેલી પેદાશોને પસંદગી આપવા)ની નીતિ જાહેર કરી. આ બાજુ ૧૯૩૩નું વર્ષ ભારતના ઇતિહાસમાં એક દુઃખદ વર્ષ હતું. કૉંગ્રેસપક્ષ અસહકારની નીતિને પરિણામે જેલમાં હતો. ઓટાવા પરિષદમાં હિન્દના સાચા પ્રતિનિધિ તરીકે જઈ શકે તેવું કોઈ જ નહોતું. એ તકનો લાભ લઈ સ્વ. સર શણ્મુખમ ચેટ્ટી સ્વરાજ-પાર્ટીમાંથી છૂટા થઇને ઓટાવા ગયા હતા. આપણા દેશના આર્થિક પ્રશ્નો પરત્વે કૉંગ્રેસ જાગૃત તો હતી જ પરંતુ એ કાળની ડામાડોળ પરિસ્થિતિમાં દેશના પ્રશ્નોનું સ્પષ્ટતાપૂર્વક પૃથક્કરણ કરે, તેના અહેવાલો બનાવે અને સરકારી નીતિને અસર કરવા સુધી એ કામ આગળ ધપાવે તેવું કૉંગ્રેસ કરી શકી નહોતી. એત્રે વખતે પ્રો. વકીલે એક નાની પુસ્તિકા પ્રસિદ્ધ કરી, જેમાં ઓટાવા કરાર અને સરકારની વ્યાપારી નીતિની પદ્ધતિસર ઝાટકણી કાઢવામાં આવી. સરકાર તો સમગ્ર રાજકીય પરિસ્થિતિને લીધે ખિજાએલી હતી જ. તેમાં આ પુસ્તિકાએ વધારો કર્યો. એવામાં ઇન્ડિયન ફેડરેશન ઓવ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝના તે વખતના પ્રમુખ સ્વ. વાલચંદ હીરાચંદે સરકાર પાસે હિન્દના વેપારીનું દષ્ટિબિંદુ રજૂ કરવા માટે પ્રો. વકીલની સહાય માગી. પણ તેઓ યુનિ.માં કામ કરતા હોઈ તેમને વાઇસ ચાન્સેલરની પરવાનગી લેવાની જરૂર હતી. ત્યારના વાઈસ ચાન્સેલર પ્રો. મૅકેન્ઝીએ તે રાજીખુશીથી આપી. તે દિવસોમાં અધ્યાપકોને સરકારી નીતિ ને દેશહિતના આર્થિક સવાલો સાથે સંબંધ હોય તેવો ખયાલ પણ યુનિ.માં નહોતો. અધ્યાપકોનું કાર્ય મુખ્યત્વે વર્ગની ચાર દીવાલો વચ્ચે વ્યાખ્યાનો આપવાનું જ ગણાતું. એ વ્યાખ્યાનોમાં સરકારી નીતિનો નિર્દેશ થતો ખરો, પણ એ બધું ઘણે અંશે નિષ્પ્રાણ રહેતું. એવા એ સમયમાં પ્રો. વકીલ નીડરતાથી જુબાની આપવા ગયા. સરકારી તપાસ તથા પ્રશ્નોત્તરીમાં દોઢ દિવસ લાગ્યો, જેમાં પ્રો. વકીલનાં મંતવ્યોની ઊલટતપાસ કરવામાં શ્રી શણ્મુખમ્ ચેટ્ટી પોતે જ હતા. એ પ્રસંગે પોતાને સાક્ષીના પીંજરામાં જે ઊભા રહેવું પડેલું તેનો રમૂજપૂર્વક ઉલ્લેખ કરી આજે પણ પ્રો. વકીલ પોતાના કાર્ય બદલ સંતોષ વ્યક્ત કરે છે. આ પ્રસંગે દિલ્હીમાં તેઓ શ્રી ઘનશ્યામદાસ બિડલાને ત્યાં ઊતર્યા હતા અને તે દિવસથી એ બંને વચ્ચે મૈત્રીભર્યો સંબંધ ચાલુ રહ્યો છે.

મુંબાઈ યુનિ.સ્કૂલના અધ્યક્ષ આ રીતે જાહેર વિવાદમાં ને સરકારી નીતિ પરત્વે બેધડક પોતાનાં મંતવ્યો રજૂ કરે તે સ્કૂલની ભાવિ કારકિર્દી માટે એક મહાન પ્રસંગ હતો. આ સાથે તે અરસામાં પ્રો. વકીલે એક બીજી પણ પ્રવૃત્તિ શરૂ કરી હતી. ત્રીસીનાં વર્ષોમાં લેવેલીન સ્મિથ નામે એક અર્થશાસ્ત્રીએ બ્રિટિશ સરકારમાંથી નિવૃત્ત થયા પછી લંડન શહેરની સામાજિક તથા આર્થિક તપાસ હાથ ધરી હતી. પ્રો. વકીલે એ તપાસમાં ઊંડો રસ લીધો અને યુનિ૰માં રહ્યારહ્યા પણ પોતાને ખર્ચે તે વિષે લંડન પત્રવ્યવહાર કર્યો. અંતે તેમને જણાયું કે આ તપાસ વિષે વિગતવાર માહિતી લેવા માટે પોતે જ ઈંગ્લંડ જઇ આવવું તે વધુ યોગ્ય હતું. લાગલી જ તેમણે યુનિ.માંથી રજા લીધી અને પોતાને પૈસે શ્રીમતી વિદ્યાબહેનને સાથે લઇને લંડન ઊપડયા. લંડનમાં તેઓ ત્રણ માસ વિમ્બલ્ડન ખાતે રહ્યા. શ્રીમતી વિદ્યાબહેનની સાથી તરીકે એક વેલ્સ છોકરી રાખી લીધી જે ટાઈપ કરવાનું કામ પણ કરતી. લંડન સ્કૂલના ઉપરના એક માળમાં એક વિભાગ સર લેવલીનને કાઢી આપવામાં આવ્યો હતો, તેમાં સગવડ આપવાની સર લેવલીને પ્રો. વકીલને સંમતિ આપી; એટલે લંડનમાં રહ્યા તે દરમ્યાન દરરોજ લગભગ અરધો દિવસ પ્રો. વકીલ ત્યાં જ આવજા કરતા. આ સફર દરમ્યાન તેઓ ઈંગ્લંડ ઉપરાંત સ્કૉટલંડ પણ જઇને ત્યાં અનેક મિત્રોને મળ્યા હતા; ઉપરાંત, પાછા ફરતાં યુરોપમાં ફ્રાન્સ, સ્વિટ્ઝર્લૅન્ડ અને ઈટલી જોઈને ઑક્ટોબર ૧૯૩૩માં તેઓ મુંબાઈ આવી પહોંચ્યા. તે સાલની પટણા ખાતે ભરાએલી ઇન્ડિયન ઇકનૉમિક કૉન્ફરન્સમાં તેઓ પ્રમુખ નિમાયા જેના અધ્યક્ષપદેથી તેમણે વ્યાપારી નીતિ વિષેનાં પોતાનાં મંતવ્યો નીડરપણે રજૂ કર્યાં હતાં.

૧૯૩૩માં જ્યારે લંડનમાં હતા ત્યારે ત્યાં ભરાએલી ઈન્ટરનૅશનલ મોનેટરી કૉન્ફરન્સમાં તેમને હાજરી આપવી હતી, પણ નિયમ અનુસાર હિંદના હાઇ કમિશ્નરનો ભલામણપત્ર એમાં જરૂરી હતો. કોઈ બંગાળી ગૃહસ્થ એ વખતે ત્યાં આપણા હાઇ કમિશ્નર હતા. પ્રો. વકીલ તેમને મળ્યા. તેમણે પ્રો. વકીલને અનેક પૂછપરછ કરી, પણ એક પ્રૉફેસરને વળી આવી કૉન્ફરન્સમાં હાજરી આપવાની શી જરૂર તે તેમને સમજાતું નહોતું! છેવટે ઘણી મથામણ પછી તેમણે પ્રો. વકીલને ભલામણપત્ર તો લખી આપેલો!

ઈંગ્લંડથી પાછા ફરીને તેમણે લંડનની સામાજિક-આર્થિક તપાસની યોજના અનુસાર મુંબાઈની તપાસની યોજના મુંબાઈ યુનિ.ને સોંપી. યુનિ. માટે આવી યોજના વધારેપડતી નવી હતી એટલે તેનો વિરોધ થયો! જોકે પાછળથી ૧૯૫૪માં પ્લાનિંગ કમિશને મોટાં શહેરોની આવી સામાજિક-આર્થિક તપાસ કરાવવા માટે પદ્ધતિસર પગલાં લીધાં તે આપણે જાણીએ છીએ. 'લંડન સર્વે'નો આ અનુભવ પછીથી મુંબાઈની સર્વે કરવામાં તેમને ઘણો કામ લાગ્યો. ૧૯૫૭માં જ્યારે પ્રો. વકીલ યુનિ. છોડીને કલકત્તા ખાતે 'યુનેસ્કો રીસર્ચ સેન્ટર'માં જોડાયા ત્યારે આ સર્વેનું કામકાજ પ્રો. લાકડાવાલાએ હાથમાં લીધું જે અત્યારે લગભગ પૂરું થઇ રહેવા આવ્યું છે, અને પરદેશના કોઇ પણ મોટા શહેરની 'સર્વે'ની તોલે આવે એવું થવા પામ્યું છે.

સાથેસાથે મુંબાઈ યુનિ. સ્કૂલને પણ વિસ્તારવાની યોજનાઓ તેઓ અથાકરીતે યુનિ. સામે મૂકતા રહેલા. કોઈ વાર તેનો વિરોધ થતો, અને કોઈ વાર તો યુનિ.નાં માણસો ખુદ એ યોજનાઓનું રહસ્ય સમજતા નહોતા. થોડું અજ્ઞાન, ઈર્ષ્યા વગેરે, આજે તેમજ તે દિવસે, યુનિ.માં હતાં. આ બધા પક્ષોને સમજાવવા એ પ્રો. વકીલ માટે 'પ્રૌઢ શિક્ષણ'નું મહાન કાર્ય હતું. આવા કાર્ય માટે તે અત્યંત કાબેલ પુરુષ છે એમ આજે બધા કબૂલ કરે છે. તેમનામાં એક ઊંડી સૂઝ છે અને ધીરજની કોઈ કાળે ખોટ નથી. આનો અર્થ એવો નથી કે તેઓ હિંમતપૂર્વક પોતાનું દષ્ટિબિંદુ રજૂ નથી કરતા. પરંતુ તે હિંમત સાથે કુનેહને પણ યોજ્યા કરે છે. અને લાંબે ગાળે પોતાનું ધાર્યું પરિણામ લાવી શકે છે. તેમના ઘણા વિદ્યાર્થીઓ તેમની આ શક્તિ માટે હમેશાં પ્રશંસા કરતા રહ્યા છે. (ચાલુ)

# સાહિત્યસંપર્ક

## ગુજરાતી રૂપરચના

મુંબાઇ યુનિવર્સિટીને આશ્રયે અધ્યાપક કેશવરામ કા. શાસ્ત્રીએ ઈ. ૧૯૫૨માં આપેલાં પાંચ વ્યાખ્યાનોના આ સંગ્રહમાં આપણા એલબ્ધપ્રતિષ્ઠ,આરૂઢ વિદ્વાને ગુજરાતી ભાષા-શાસ્ત્રના પારંપરિક વિકાસને નિરૂપવાનો વિ-શિષ્ટ પ્રયત્ન કર્યો છે.

ગ્રંથનાં વિષય અને નિરૂપણ અંગે 'બે શ-બ્દો'માં વ્યાખ્યાનકારે યથાર્થ કહ્યું છે કે 'રૂપ-રચનાની આ જાતની અદ્યતન ચર્ચા આ દિશામાં નવો પ્રયત્ન છે. એમાં, ગુજરાતી ભાષામાં જાણવામાં આવેલાં શબ્દસ્વરૂપોની યથાશક્ય સિદ્ધિ બતાવવાનો પ્રયત્ન છે. પ્રાંતિક રૂપોનો પણ પરિચય સુલભ થવા સાવ-ધાની લીધી છે, ને એ બધું સપ્રમાણ નિરૂપાય એનું સતત ભાન રાખવામાં આવ્યું છે. 'સ્વર-ભાર'નો વિષય મેં મારી સ્વતંત્ર દૃષ્ટિથી જોવા-નો પ્રયત્ન કર્યો છે. ડૉ. બીમ્સ, નરસિંહરાવ, રમણભાઈ નીલકંઠ વગેરેએ 'સ્વરભાર'ની દિ-શામાં શક્ય ગતિ સાધી આપવા પ્રયત્ન કરેલો; પરંતુ બંને પ્રકારના સ્વરભારોનું પાર્થ-ક્ય લભ્ય નહોતું. એ પાર્થક્ય સાધી આપી બંનેની સ્વતંત્રતા તેમજ એકબીજાનો સંબંધ બતાવવાનો મારો પ્રયત્ન ભાષાના જીવંત સ્વ-રૂપના અભ્યાસનો પરિપાક છે અને ગુજરાતી ભાષામાં એ નવી જ દિશા ખોળી આપશે.'

પ્રકાશક : શ્રી ફાર્બસ ગુજરાતી સભા, ૩૬૫ વિઠ્ઠલભાઈ પટેલ રસ્તો, મુંબાઈ-૪; રૂ. ૬-૦૦.

## ભારતી સાહિત્ય સંઘનાં પ્રકાશનો

**પેટલીકરની શ્રેષ્ઠ વાર્તાઓ** : આપણા એ લોકપ્રિય નવલિકાકાર ને નવલકથાકારની ૨૧ ચુનંદી વાર્તાઓ. પ્રસ્તાવનામાં શ્રી ગુલા-બદાસ બ્રોકર લખે છે : 'એમની લોકપ્રિયતાનું મુખ્ય કારણ તો સાદી ભાષા,કથાનકની સીધી રીત ને અત્યંત જટિલ નહિ એવું વાર્તાવસ્તુ; છતાં એ હૃદયસ્પર્શી હોય છે. એમાં કુશળ ને વ્યવહારદક્ષ સમાજસેવકની સર્વોદયપ્રેમી દૃષ્ટિ સ્પષ્ટ તરી આવે છે.' રૂ. ૪-૦૦. **તીર અને તુક્કા** : સામાજિક એકાંકીકાર તરીકે જાણીતાં થએલાં શ્રી રંભાબેન ગાંધીના, વૈવિ-ધ્યયુક્ત સર્વભોગ્ય ૨૮ સામાજિક કટાક્ષ-લેખો, ૩-૫૦; **દૂરના ડુંગરા** : પ્રસ્તાવના-માં શ્રી ચાંપશી ઉદેશી કહે છે તેમ 'સાંકેતિક કલા દ્વારા પાત્રમાનસને સ્ફુટ કરીને ભાવના કે ઊર્મિને વાચા આપવાનો યત્ન કરતી અને માનવમાનસના ઊંડાણમાંના મનોવ્યાપારો-ની ખોજ કરતી નવી નવલિકા લખનારામાં જેમને લેખાવી શકાય'એવા વાર્તાકાર શ્રી ચંદુ-લાલ સેલારકાની ૧૯ વાર્તાઓ, રૂ. ૪-૫૦; **મંગળ જ્યોત** : શ્રી 'ઉમાકાન્ત'ની સર્વપ્ર-થમ નવલકથા, ૬-૭૫; **અંતિમ આલિં-ગન** : શ્રી ડાહ્યાભાઈ પટેલની અદ્‌ભુત રસ-યુક્ત કૌતુકપ્રધાન નવલકથા, રૂ. ૪-૫૦; **છેલ્લી રાત** : નવા વાર્તાકાર શ્રી ટી પી. સૂચકની દસ વાર્તાઓ, શ્રી પન્ના[illegible] પટેલે લખેલા 'પરિચય' સાથે, ૩-૫૦. સર્વના પ્રકા-શક : ભારતી સાહિત્ય સંઘ પ્રાઇવેટ લિમિટેડ, ફરનાંડીઝ પૂલનીચે,ગાંધીરસ્તો,અમદાવાદ-૧.

## સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં

**માંડૂક્ય ઉપનિષદ** : 'બ્રહ્મજ્ઞાન માટે માત્ર એક માંડૂક્ય ઉપનિષદનું વાચન પર્યાપ્ત છે; ગ્રહણશક્તિની કંઇક ઊણપને લીધે તેનાથી જો અર્થ ન સરે તો દસ ઉપનિષદો, અને તે છતાં વસ્તુ બુદ્ધિમાં ન ઊતરે તો ૧૦૮ ઉપ-નિષદોનો અભ્યાસ કરવાથી બ્રહ્મજ્ઞાન થાય' એમ મૌક્તિક ઉપનિષદ કહે છે. આ તત્ત્વ-સમૃદ્ધ ગ્રંથનાં વસ્તુ ને રચના વિષે તેના અનુ-વાદક અને વ્યાખ્યાકાર સ્વામી પ્રણવતીર્થ લખે છે કે 'એક તો માંડૂક્ય ઉપનિષદ, તેમાં સમર્થ સ્વામી ગૌડપાદાચાર્યની વિસ્મય-કારક કારિકાઓનો, વેદાંતશાસ્ત્ર જેવા કઠિન વિષયની પણ પરાકાષ્ઠારૂપ અતિ દુર્બોધ (છતાં સમજાય તેને માટે નર્યા અમૃત સમાન) પ્રૌઢ સિદ્ધાંતનો સ્ફોટ, ને તેના ઉપર ભાષ્યસમ્રાટ શંકરાચાર્યનું ભાષ્ય! સરલીકરણમાં અતિરેક થઈ જાય તો ગ્રંથની કઠણાઈ સાથે વસ્તુ પણ કાઇ જાય! બીજે પક્ષે, કઠણ વસ્તુ વધારે દુર્બોધ થઈ જાય! આ ઉભયની વચમાંથી મધ્યમ માર્ગ કરવાની કાળજી આ ભાષાંતરમાં તેમજ વ્યાખ્યાની રચનામાં રાખી છે.' સમ-જૂતીની પદ્ધતિ સુવાચ્ય ને વિશદ છે. રૂ. ૩-૦૦.

**ષોડશ ગ્રંથો** : શુદ્ધાદ્વૈત સિદ્ધાંતને સમ-જાવતાં બ્રહ્મસ્વરૂપ, જીવસ્વરૂપ, જગત્સ્વરૂપ, શુદ્ધ પુષ્ટિમાર્ગીય, મર્યાદામાર્ગીય ને પ્રવાહ-માર્ગીય જીવોની ઉત્પત્તિ, શ્રવણભક્તિનું સ્વ-રૂપ, સેવાનું ફળ વગેરે વિષયોનો સંક્ષેપમાં સરળ પરિચય આપતા, શ્રીમદ્ વલ્લભાચાર્ય-ના બાલબોધ, સિદ્ધાન્તમુક્તાવલિ, પુષ્ટિપ્ર-વાહમર્યાદાભેદ વગેરે સોળ ગ્રંથોના મૂળ શ્લો-કો—અન્વય-અર્થ, ભાવાર્થ ને વિવેચન, અનુ-

## શબ્દકથા : 'જી', 'ખમ્મા'

'રામજી', 'મૂળજી', 'ભાણજી', 'કુંવરજી' જેવાં વ્યક્તિનામોમાં એક અંશ તરીકે, તો 'પિતાજી' 'માતાજી' વગેરે સંબંધવાચક નામોમાં, 'ગાંધીજી' 'શ્રીનાથજી' 'પંડિતજી' વગેરે વ્યક્તિનામોમાં અને કોઈ બોલાવે ત્યારે હોંકારા તરીકે છુટ્ટો 'જી' આદર કે વિવેક બતાવવા વપરાય છે.

વળી 'જી'નો એક વિશિષ્ટ ઉપયોગ પણ થાય છે. પતિના કાકા, તે પત્નીના કાકાજી, પતિના મામા તે પત્નીના મામાજી વગેરે (અને તે જ રીતે પત્નીના સંબંધીઓ પતિ માટે). એક સ્ત્રી બીજીને 'બાઇ' કહીને બોલાવે, પણ વહુથી સાસુને 'બાઇજી' કહીને જ બોલાવાય.

અત્યારની ગુજરાતી, મરાઠી, હિંદી, વગેરેમાં 'જી' છે, પણ પંજાબી, સિંધી, નેપાલીમાં તેમજ પ્રાચીન હિંદીમાં 'જૂ', 'જ્યુ' કે 'જિઉ' છે. સુરદાસ વગેરેનાં પદોમાં 'નંદજી' ને બદલે 'નંદજૂ' શબ્દ મળે છે. જેમકે 'તુમ તો પરમ ઉદાર નંદજૂ, જો માંગ્યો સો દીનો.'


આ 'જી' 'જૂ' કે 'જિઉ'નો મૂળ અર્થ છે 'જીવ'—'જીવતો રહે', એટલે કે 'જીવ'નું આજ્ઞાર્થ બીજો કે ત્રીજો પુરુષ એક વચન. અત્યારે આપણે આશીર્વાદ કે શુભેચ્છા દર્શાવવા 'ઘણું જીવો' કહીએ છીએ, એ જ છે 'જી'નો મૂળ અર્થ.

પ્રાચીન સમયમાં આદરણીય પુરુષને વધાવતી વેળાએ 'જીવ, નંદ, વર્ધસ્વ, જય' એટલે કે 'ઘણું જીવ, આનંદ પામ, તારી વૃદ્ધિ થાય, તારો જય થાય' એવું કહેવાનો રિવાજ હતો. આમાંથી 'જય' 'જય જય' (કે 'જે' 'જે જે') આપણે જાળવી રાખ્યો છે. પણ 'જિઉ' વારંવાર વપરાતાં વપરાતાં તે માત્ર આદરવાચક બની ગયો ને પછી વિશેષ નામો પાછળ લાગી ગયો.


'ઘૃતમ્'નું અપભ્રંશમાં 'ઘિઉ' ને પછી 'ઘી', અમૃતમ્'નું અપભ્રંશમાં 'અમિઉ'ને પછી 'અમી', તે જ પ્રમાણે 'જીવ'નું અપભ્રંશમાં 'જિઉ' ને પછીથી 'જય' 'જૂ' કે 'જી'.

'ઘણી ખમ્મા', 'ખમ્મા મારા વીરને' વગેરેમાં, અનિષ્ટ દૂર થવાની ને સુરક્ષિત રાખવાની શુભેચ્છા જે 'ખમ્મા' દ્વારા વ્યક્ત કરાય છે તેનો અર્થ પણ કૈંક આ જ રીતે ફરી ગયો છે. મૂળમાં 'ક્ષમા' છે. શુભેચ્છાનું પાત્ર દેવતાઓ તરફથી અપરાધોની ક્ષમા પામે ને સુરક્ષિત રહે એ મૂળનો ભાવાર્થ. નાનેરાંને છીંક આવતાં વડેરાં 'ખમ્મા' કે 'ચિરંજીવી' ઉદ્‌ગારો ભાવી અમંગળ નિ-વારવા યોજે છે એ સુવિદિત છે.

—હરિવલ્લભ ભાયાણી



વીસ એકરના વિસ્તારમાં પથરાએલું બૅંગકૉકમાં આવેલું સીઆમનું સૌથી મોટું મંદિર **વાટ-ફ્રા-જેતુઓન** જેનું પૂરું વૈદિક નામ છે 'વાટ-ફ્રા-જેતવન વિમલમંગલારામ રાજવરમહાવિહાર'
રંગફોટો : નવનીત પારેખ...(સ્ટ્રકચરલ એન્જીનીઅરિંગ વર્કસના સૌજન્યથી)...વિશેષ પરિચય આ અંકમાં.



**'હું ને મારું ગામડું' · કલાકાર: શેગાલ**

'કલામાં વિકૃતીકરણ' એ વિષય પરના આ અંકમાંના લેખમાં જણાવ્યા પ્રમાણેનાં નિરૂપણ કરવા માટે કાળેકાળે જુદાજુદા કલાકારોએ વિવિધ પદ્ધતિઓ અજમાવી છે. 'ક્યૂબિસ્ટ' કલાકારો પોતાના ચિત્રવિષયની આકૃતિઓને ત્રિકોણાકાર ચોસલાંમાં ભાંગી નાખીને પછી તેને પ્રમાણભારથી એકબીજી ઉપર નવેસરથી ગોઠવતા. તેમની એ પદ્ધતિમાંથી પ્રેરણા લઇને ફ્રેન્ચ કલાકાર શેગાલે આ ચિત્રમાં, પોતાની જનમભોમકા ગામડાનાં જેજે પાત્રો પ્રાણીઓ તથા પ્રસંગોની છાપ પોતાના માનસપટ પર અંકાએલી પડી હતી, તેમને આ ચિત્રમાં મન-મોજીપણે સંયોજી છે; ને એમ કરવામાં, નથી કોઈ પાત્રોનું પરસ્પરનું પ્રમાણ સાચવ્યું કે નથી રંગોની તાદૃશતા જાળવી; અરે, ગુરુત્વાકર્ષણના નિયમને પણ ઘોઈ પીધેલો જણાશે! લગભગ ૫×૬ા ફૂટના માપનું આ ચિત્ર અમેરિકાના ખ્યાતનામ ગગેનહાઈમ કલાસંગ્રહની સંપત્તિ છે.

## સાહિત્યિક સમસ્યા

(મહેન્દ્ર ન. પંડ્યા)

ગુજરાતની સ્વતંત્ર રાજ્યરચના આવી રહી છે તે સમયે આ વખતે આપણા કવિઓએ કરેલી ગુર્જરી-સ્તુતિને સંભારીએ તે ઉચિત લેખાશે. આ નીચે એવાં સ્તુતિકાવ્યોમાંની ચૂંટેલી કંડિકાઓ આપી છે. તે કયા કયા કવિની છે એ કહી શકશો? ક્રમવાર ઉત્તરો નીચે અવળા છાપ્યા છે.

૧

ભમો ભરતખંડમાં સકળ વ્યોમ ખૂંદી વળી,
ધરાતલ ધૂમો કયહીં નહિ મળે રૂડી ચોતરી
પ્રફુલ્લ કુસુમો તણી, વિવિધ રંગવસ્ત્રે ભરી,
સરોવર, તરુવરો જળભરી નદીએ ભળી
મહોદધિ લડાવતી નગરબદ્ધ કાંઠે ઢળી
પ્રદેશ પરદેશના સહુ થકી અહીં ગુર્જરી
ભરી તુજ કૂખે મનોરમ વિશાલ લીલોતરી.

૨

હો મારી ગુજરાત! તુજને કોણ ન ચાહશે ગર્વે?
અર્પણ કોણ ન કરશે સર્વે?
તારી ધજા ઉડાવતા છે તારા પણ અર્જુન હનુમાનો,
તારો પરમ સારથિ કુહાનો!
તારા દયાનંદ ને મોહન જેવા યુગયુગ વીર નિશાન,
હો મા! શું કરીએ ગુણગાન!
હો મારી ગુજરાત! તારા ભક્તો, કવિઓ, જ્ઞાની,
તારા છપ્પન કોટિ દાની.

૩

સ્વર્ગંગાની ઉરછોળ શા રે ગાજે તુજ ગરબા ને રાસ;
એ રસનાં અમીવર્ષણ એવાં, વસે કયે બીજે વાસ?

૪

જેવો આ ગુજરાત દેશ સહુમાં શ્રેષ્ઠત્વ પામી રહ્યો,
તે મધ્યે અતિ શ્રેષ્ઠ ચારુતર છે, બ્રહ્મે ન જાયે કહ્યો;
એવા દેશની જે ગિરા ગુણવતી, નામે મહાગુર્જરી,
વાધો તે સુ-રસે, કસે, ગુણગણે, જો પ્રિય વાંછો હરિ.

૫

ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી, પ્રેમ-શૌર્ય અંકિત;
તું ભણવ ભણવ નિજ સંતતિ સૌને પ્રેમભક્તિની રીત.
ઊંચી તુંજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત.

૬

નર્મદની ગુજરાત દોહ્યલી રે જીવવી;
ગાંધીની ગુજરાત કપરી જીરવવી;
એક વાર ગાઇને કેમ કરી ભૂલવી?
ગુજરાત મોરી મોરી રે!

૭

શાં બંદર નિત્યપ્રવાસીને? શાં લંગર રે તું ખલાસીને?
એક ગગનની નીચે તારે વસુધાનું ઘરબાર
શાં અંતર તું ગુજરાતીને?
દરિયો ખેડે, ધરતી છેડે, સોદાગર કંઈ સાહજબાજ.

ઉત્તરો: ૧ ચન્દ્રવદન મહેતા; ૨ અ. ફ. ખબરદાર; ૩ ન્હાનાલાલ; ૪ પ્રેમાનન્દ; ૫ નર્મદ; ૬ ઉમાશંકર; ૭ 'ઉશનસ્'

---

વાદ અને વિવેચનાદિના કર્તા: સ્વ. શાસ્ત્રી રાઘવજી કરશનજી, ૧-૫૦; **મોક્ષનો માર્ગ**: મૂળ તમિળ ભાષામાં શ્રી તાંડવરાયને રચેલા વેદાંતના લોકપ્રિય ગ્રંથ 'કૈવલ્યનવનીતમ'ના સંસ્કૃત તેમજ અંગ્રેજી અનુવાદો પરથી, મૂળ વસ્તુને વધુ વફાદાર થાય એ રીતે તેને સરળ ગુજરાતીમાં ઉતારનાર: શ્રી છગનલાલ યોગી, ૦-૫૦; **ત્રીજી આંખ**: એ 'આત્મદૃષ્ટિ'નાં જ્ઞાન તથા કેળવણીનો વિદ્વાન અને તત્ત્વજ્ઞ લેખક સ્વામી માધવતીર્થે કરાવેલો પરિચય, ૧-૦૦; **આત્મચિંતન**: જીવનમાં સુખ ને શાંતિ શોધનારાઓ માટે ઉત્તમ આશ્વાસન રૂપ તથા પ્રત્યેક મનુષ્યને હર પળે પ્રેરક બની રહે તેવી, રોમન સમ્રાટ માર્કસ ઑરેલિયસે લખેલી, વિશિષ્ટપણે સરળ છતાં હૃદયસ્પર્શી વિચારકણિકાઓ, ૦-૬૦.

**કાવ્યસંક્ષેપ**: સ્વ. કવિ દલપતરામ ડાહ્યાભાઇએ સંપાદિત કરેલો કવિ લજ્જારામના અભિમન્યુ–આખ્યાનનો કેટલોક ભાગ અને શામળ ભટ્ટના છપ્પા, સમસ્યાઓ તથા પદ્માવતીની વાર્તા, ૧-૫૦; **ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠ હાસ્યપ્રસંગો**: સંપાદક પ્રા. ડૉ. બિપિનચન્દ્ર ઝવેરી લખે છે કે 'મારા આ પ્રયત્નમાં નાટક, નાટિકા, નવલ, નવલિકા, ઉટંગ કલ્પના, ઉટંગ ઇતિહાસ, પ્રસંગચિત્ર, વેશાંતર, નિબંધિકા ઇત્યાદિ પ્રકારોનો સમાવેશ છે. મારે નમ્ર મતે આપણા સમગ્ર હાસ્ય-સાહિત્ય પરત્વે આવો પ્રતિનિધિ સંગ્રહ કરવાનો આ એકમાત્ર પ્રયત્ન છે', ૨-૦૦. **સ્ત્રીજીવનના રંગ**: સમાજજીવન ને સ્ત્રીજીવન વિષયક બહોળું ને મનનીય સાહિત્ય લખનાર પ્રતિષ્ઠિત સમાજચિંતક શ્રી સરોજિની મહેતાએ દોરેલાં ૨૦ પ્રસંગચિત્રો, ૧-૦૦; **અમર અજવાળાં**: શ્રી કરસનદાસ માણેકે વિશિષ્ટ પ્રાણવાન શૈલીએ આલેખેલી નાનાવિધ જીવનસત્યો નિરૂપતી પુરાણી વાર્તાઓ, ૧-૦૦; **કાઠિયાવાડની દંતકથાઓ**: શ્રી તારાચંદ્ર પોપટલાલ અડાલજાએ લખેલી કાઠિયાવાડની ૩૦ દંતકથાઓ. આવી દંતકથાઓ એ તેના જમાનાનું તાદૃશ ચિત્ર રજૂ કરવા ઉપરાંત રસ, ડહાપણ અને આદર્શોનો ત્રેવડો મેળ સાધતો વિરલ લોકવારસો છે, ને તેની જાળવણી અનિવાર્ય છે. ૩-૦૦. **રમૂજી વાર્તાઓ**: બુદ્ધિકૌશલ્યનો નિર્મળ આનંદ તેમજ રમૂજ સાથે બોધ આપતી આપણા લોકસાહિત્યની આઠ વાર્તાઓ, લેખક: શ્રી હરરાય અમૂલખરાય દેસાઈ, ૧-૨૫; **સમર્પણ**: માનવજીવનની તેજછાયા રજૂ કરતી ૧૪ વાર્તાઓ, લેખક: શ્રી કે. જે. મહેતા, ૧-૫૦. સર્વના પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨.

### ભાષાભૂલ

વર્ષો પહેલાંની વાત છે. 'હૈમ સારસ્વત સત્ર' પ્રસંગે અમે પાટણ જતા હતા. ટ્રેનમાં આપણા એક પીઢ કેળવણીકાર–સાહિત્યકાર સાથે હતા. કોઈના લખાણની ટીકા કરતાં એમણે કહ્યું: 'એમના લખવાની **ધાટી** બિલકુલ સારી નથી'. પણ એ વિદ્વાન કેળવણીકારને ખબર ન હતી કે કોઈના લખાણની ટીકા કરવામાં પોતે જ ખોટો શબ્દ (**ધાટી**ને બદલે **ઘાટી**) વાપરીને ટીકાપાત્ર બની રહ્યા હતા.

એક સાક્ષરવર્યના અવસાન નિમિત્તની સભામાં કામકાજ શરૂ થયા પૂર્વે બે પ્રસિદ્ધ સાહિત્યકારો વાતો કરતા હતા. તેમાં એકે કહ્યું, 'પછી મેં તો તેને **ઘસીને** ના પાડી દીધી.' બીજા સાહિત્યકાર મિત્ર મૂગામૂગા સાંભળી જ રહ્યા. તેમને ય કદાચ નહિ સૂઝ્યું હોય કે આ મિત્રવર્યે વાપરેલો શબ્દ ખોટો છે, અને ખરો શબ્દ **ઘસીને** જોઇએ!

# અથાણું



'દાક્તર, મારી પત્નીનું જડબું ઊતરી ગયું છે. તે એમ કરો : આ...આવતા અઠવાડિયે...કે એ પછી પણ ગમે ત્યારે...જ્યારે પણ તમારે આ તરફ આવવાનું થાય...'

એક ખૂબ જાડી બૈરી વજન કરવાના કાંટા પર ચડી. પણ કાંટો ખોટો પડી ગયો હતો તેની તેને ખબર ન હતી. તેણીએ કાંટામાં એક આનો નાખ્યો, એટલે વજન બતાવતું ચક્કર ચાલુ તો થયું, પણ ૯૦ના આંક પર અટકી ગયું! આ જોઈને પાસે ઊભેલો એક ચેકૂસ બોલી ઊઠચો: 'ઓત્તારીની! આ તો પોલી છે!'

'મનુભાઈની સાથે મારે આજે ભારે ઠેરી ગઈ હતી, અને મને રોકયો ન હોત તો મેં તેનાં હાડકાંપાંસળાં ખોખરાં કરી નાખ્યાં હોત.'

'તે, તમને કોણે રોકયા?'

'મનુભાઈએ.'

ત્રાણું વર્ષની વયના જીવનદાસને કોઈએ પૂછયું, 'તમારા દીર્ઘાયુષનું મુખ્ય કારણ શું?'

'એ કે હું ઇ. ૧૮૬૭માં જન્મેલો.'

'શું? તારા કાકા પૈસાદાર છે એટલા માટે પ્રમીલાએ તને પરણવાની ના પાડી?'

'હા; હવે તે મારી કાકી થઈ છે.'

'પછી તું બારીનો કાચ લાવ્યો?'

'ના શેઠ; વોરાજી પાસે બધા કાચ ૧૨×૧૪ ના માપના છે, અને બારી તો ૧૪×૧૨ની છે!'

દરદી : ડૉક્ટર સાહેબ, હું એટલો કંટાળી ગયો છું કે મરી જવાનું મન થાય છે.

દાક્તર : એ તમે મારા પર છોડી દો.

'તમારી બાળપણની કોઈ અભિલાષા પાર પડી છે ખરી?'

'હા, મા જ્યારે મારા વાળ ખેંચતી ત્યારે થતું કે માથે વાળ જ ન હોય તો કેવું સારું?'

સિહાં કે લેંહડે નહીં, હંસાં કી નહીં પાંત;
લાલાં કી નહીં બોરિયાં, સાધ ન ચલૈ જમાત.

—કબીર

વેસ્ટ ઇન્ડીઝ ટાપુઓમાં એક વાર સખત દરિયાઈ તોફાનમાં એક વહાણ સપડાતાં તેનાં થોડાં માણસ દરિયામાં ઊડી પડચાં. એ જોઈ વહાણ પરનો એક હબસી ગુલામ તત્કાળ દરિયામાં કૂદી પડચો અને જીવસટોસટની એવી તો જહેમત ખેડીખેડીને પાંચ જણને બચાવ્યાં કે સૌ દાંતમાં આંગળાં પકડી ગયા!

છઠ્ઠાને બચાવવા તે દરિયામાં કૂદતો હતો એવામાં વહાણના કપ્તાને તેને કહ્યું : 'બસ છે; તેં એટલું પરાક્રમ કર્યું છે કે ગુલામીમાંથી હું તને છુટકારો આપું છું.'

'પણ ત્યાં હજી એક છઠ્ઠો માણસ ગળચવાં ખાય છે. એનો જીવ પહેલો, મારી મુક્તિ પછી.' ને એટલું કહી એ દરિયામાં કૂદી પડચો.

અનેકાર્થી શબ્દ : **રોપ**=છોડવો; મૂળ જમીન સાથે બાઝવું; ઘડવું કે બનાવવું તે; છેદ, છિદ્ર; બાણ; રૉફ; હળનું એક લાકડું; દોરડું.


ગણિતગમ્મત

૭૨૦૭૧૯ એ એવો અજબ આંકડો છે કે એને

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | વડે ભાગશો | તો | શેષ | ૧ | વધશે |
| ૩ | ,, | ,, | ,, | ૨ | ,, |
| ૪ | ,, | ,, | ,, | ૩ | ,, |
| ૫ | ,, | ,, | ,, | ૪ | ,, |
| ૬ | ,, | ,, | ,, | ૫ | ,, |
| ૭ | ,, | ,, | ,, | ૬ | ,, |

(અને એમ આગળ ને આગળ)

લોહીના ડાઘવાળું કપડું ધોતાં પહેલાં થોડું મીઠું નાખેલા કોકરવરણા પાણીમાં અરધો કલાક રાખી મૂકજો; ડાઘ જલદી જશે.




કર્ણકણિકા : ઈરાનના પ્રાચીન સાંસ્કૃતિક અવશેષોમાંથી મળી આવેલું યુદ્ધની ફરસીનું ફળું, જેના ઉપર પણ માનવી કળા કર્યા વિના રહી શકયો નથી.



મોટી શીશી, બરણી કે શીશા જેવાં મોટાં વાસણોમાંનો પ્રવાહી બીજા નાનકડા વાસણમાં રેડવા માટે આકૃતિમાં બતાવેલો લોઢાના સળિયાનો ઝૂલતી રચનાવાળો હીંચકો વાપર્યો હોય તો ઘણી સહેલાઈથી ને કાંઈ પણ નુકસાન વગર કામ સરશે. વર્તુલમાંની આકૃતિ ઝૂલાની વિગત સમજાવવા બસ છે.

ગરમ દૂધ પીતાં સ્વાદમાં લાગતી ફિક્કાશ દૂર કરવા કટોરામાં પહેલાં એકાદ ચમચો ઠંડું દૂધ રાખીને પછી ઉપર ગરમ દૂધ કાઢજો.


કહેવતોના અર્થ : 'ફઈને મૂછ હોત તો કાકા ન કહેત?'—ખરે ટાણે બીકણપણું કે નામર્દી બતાવનાર વિષે તાતો ઉપાલંભ આપતી આ કહેવતનો અર્થ સ્પષ્ટ એટલો જ સચોટ છે.




ગયે મહિને દિલ્હીમાં ખુલ્લા મુકાએલા 'વિશ્વકૃષિ મેળા'-ને સ્મરણાંકિત કરતી ભારતે કાઢેલી ટિકિટ (મોકલનાર : માલવિકા પટેલ, વસુભાઈ શાહ, એચ. જી. શાહ—મુંબઈ)

# પનામાની નહેર

## ઇજનેરી વિદ્યાની એક વિસ્મયપ્રેરક સિદ્ધિ રૂપ જગતની મોટામાં મોટી નહેરની ચિત્રકથા



આજ સુધી બંધાએલી નહેરોમાંમોટામાંમોટી પનામા નહેર, ઈજનેરી વિદ્યાની એક વિસ્મયપ્રેરક સિદ્ધિ છે. ૫૦.૭૨ માઈલ લાંબી એ નહેરમાં, કેટલાંક ઊંચાણવાળાં સ્થળે જ્યાં વહાણ ચડી ન શકે ત્યાં મોટા 'લૉક્સ'માં પાણી ભરીને જહાજને ઊંચે ચડાવવાની અને પછી તેનો પાછલો દરવાજો બંધ કરીને આગલો દરવાજો ખોલી ત્યાંથી જહાજને નીચે બીજા લૉકમાં ઉતારવાની અદ્દ્ભુત તરકીબ કરી છે.




ઍટલાન્ટિક મહાસાગરમાંથી પનામા ઉપર ખુશ્કી માર્ગે પ્રવાસ કરીને સ્પેનના સાગરખેડુ બાલ્બોઆએ ઈ. ૧૫૧૩માં પૅસિફિક મહાસાગર શોધી કાઢ્યો ત્યારથી ભારત પહોંચવાનો માર્ગ ખોળવા મથતા પ્રાચીન સમયના ઘણા સાગરખેડુઓને ઍટલાન્ટિક તથા પાસિફિક મહાસાગરોને જોડી દેવા માટે મધ્ય અમેરિકામાંથી નહેર કાઢવાનો વિચાર સૂઝેલો. પણ તે કદી અમલમાં મૂકી શકાએલો નહિ.



અંતે ઈ. ૧૮૭૬માં, ભૂમધ્ય અને લાલ સમુદ્રને જોડનારી સુએઝ નહેર બાંધનાર ફ્રાન્સના દલેસેપ્સે પ્રથમ પ્રયત્ન હાથ ધર્યો. પણ સુએઝની સૂકી અને પથરાળ જમીનને મુકાબલે આ જમીન નીચી ને ભીની હોઈ, ખોદકામ કરતાં બંને બાજુએ ધસી પડતી; મૂશળધાર વરસાદથી જળરેલનો ભય રહેતો; અને ભેજને લીધે થતા ચલો ફીવર તથા મલેરિયાના ઉગ્ર રોગચાળાને લીધે મજૂરોની અરધી સંખ્યા કામ કરીશકતી.




આથી ૧૯૦૩માં ફ્રેંચોએ પોતાના હક અમેરિકાને વેચી દીધા; ને ૧૯૦૪માં અમેરિકાએ એ યોજના હાથ ધરી ત્યાંસુધી તેના તબીબોએ સિદ્ધ કર્યું કે યલોફીવર અને મલેરિયાના વાહકો મચ્છરો છે. આથી, એ મચ્છરોનો નાશ કરીને ક્યૂબામાં એ રોગોની નાબૂદી કરનાર કર્નલ ગોર્ગાસને અહીં મૂકવામાં આવ્યા, જેણે ભગીરથ પ્રયત્ને ૫૦૦ ચોરસ માઈલના એ પ્રદેશને ટૂંક સમયમાં રોગમુક્ત કરી દીધો.



કર્નલ ગોર્ગાસની ઝુંબેશના સફળ પરિણામ બાદ કુશળ ઈજનેર કર્નલ ગૉથલ્સને હવે નહેરની યોજના ભળાવવામાં આવી. તેણે બાંધકામમાં ઊભા થતા જટિલ પ્રશ્નો ઉકેલવામાં અદ્દ્ભુત વીરતા અને કૌશલ દાખવી ઊંચાણવાળી જગ્યાએ જહાજોને ચડાવવા માટે પાણી ભરવાનાં 'લૉક્સ'ની રચના કરી, અને ૩૫૦૦૦ કામદારોની મદદથી દસેક વર્ષે નહેર પૂરી કરી. ઈ.૧૯૧૪માં પહેલું વહાણ તેમાંથી પસાર થયું.



જગતના ઇતિહાસમાં જહાજી વ્યવહારના ક્ષેત્રમાંની મોટામાં મોટી ફાળ રૂપ આ નહેરથી ઍટલાન્ટિકમાંથી પૅસિફિકમાં જતાં જહાજોની મજલમાં લગભગ ૭૯૦૦ માઈલનો ઘટાડો થયો છે ને કેઇપ હૉર્ન ફરતો દક્ષિણ અમેરિકાનો ચક્રાવો લેવાનો ચાર અઠવાડિયાંનો પ્રવાસ ટાળીને આજે દર વર્ષે ૧૦,૦૦૦થી વધુ જહાજો માત્ર દસ કલાકમાં આ નહેર દ્વારા એક મહાસાગરમાંથી બીજામાં પહોંચી જાય છે.



થાઈ સ્થાપત્યશૈલી તથા શિલ્પ-અલંકરણની પ્રચુરતાનો ખયાલ આપતું એક પ્રાચીન સ્ટીલ એન્ગ્રેવિંગ
બૅંગકૉકમાં વાટ-ચિંગનું મંદિર